بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧-ઓગસ્ટ-૨૦૧૫**

શવ્વાલુલ મુકર્રમ-ઝી ક઼અદા
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૮, સળંગ અંક : ૧૪૦

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | હમ ગરીબોંકે આક઼ા પે બેહદ દુરૂદ | 02 |
| 02 | મુસલમાનો ! હજીય નહીં સમજો તો ક્યારે સમજશો ?! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 14 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 17 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 19 |
| 08 | ક઼ાનૂને શરીઅત | 21 |
| 09 | ગલતફહમી તથા તેની સુધારણા | 25 |
| 10 | હદીષોના દુશ્મન ! | 29 |
| 11 | **ક્રિકેટની બીમારી અને આપણો સમાજ** | 33 |
| 12 | **આવો ! નાનમ છોડીએ અને સ્વીકાર કરતાં શીખીએ !** | 39 |
| 13 | મિસ્રના ઈલ્મી બજારમાં ઈમામે ઈશ્ક઼ો ઈર્ફાં ! | 43 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


## હિસાબે હશ્ર

અઝ : હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ "સૈયદ" કિછૌછવી

કહાં હૈ ઝોહ્દ જો મમ્નૂએ મુદઆ ન હુવા
વો રિન્દ હી હૈ કે જો તાલિબે જઝા ન હુવા

વોહ દિલ જો રખતા હૈ લઝ્ઝાતે ખુલ્દ હી કી હવસ
સનમ કદા તો હુવા ખા-નએ ખુદા ન હુવા

મુઝે તો બખ્શ દિયા ઉનકી શાને રહમતને
હિસાબ હશ્રકે દિન અબ હુવા, હુવા, ન હુવા

તેરે ગદાઓંકી કી શહનશાહી તઆલલ્લાહ
ખુદાઈ ભરકા સિકંદર હુવા, ગદા ન હુવા

હર એક ચીઝ તો છૂટી મગર બિ હ઼મ્દિલ્લાહ
મદીના દિલસે, મદીનાસે દિલ, જુદા ન હુવા

નજાતે ઉમ્મતે આસી, ઉરૂજે કલ્મએ હક
રસૂલે પાકકા ચાહા હુવા વોહ કયા ન હુવા

હબીબે ખાસે ખુદા, ખત્મે અમ્બિયા વ રુસુલ
સિવા હુઝૂરકે કોઈ ભી દૂસરા ન હુવા

અઝલસે સબકા યહી ચશ્મદીદ હૈ **'સૈયદ'**
જો મુસ્તફાકા નહીં હૈ વોહ બા ખુદા ન હુવા

# હમ ગરીબોંકે આક઼ા પે બેહદ દુરૂદ

દુનિયામાં ગરીબોનો કોઈ હાલ પૂછનાર નથી. ગરીબોની હમદર્દી તથા તેમની જરૂરતોની પૂર્ણતાના નારા તો ઘણા બધા લોકો તથા ઘણી સંસ્થાઓએ લગાડયા, પરંતું કોઈ એવી વ્યવસ્થા જેમાં ગરીબીનો ઈલાજ હોય એ કોઈએ આજ સુધી નથી પેશ કરી . માનવ ઈતિહાસમાં આક઼ાએ કરીમ ﷺ એકલી તે હસ્તી છે જેમણે ગરીબીના ખાત્માના માટે એક સંપૂર્ણ બંધારણ રજૂ કર્યું. આક઼ાએ કરીમ ﷺ દરેક વ્યક્તિને ઉઠાવવાને માટે તશરીફ લાવ્યા જે સમાજમાં પ્રતિષ્ઠા વિહોણો તથા કિંમત વિનાનો હતો. અને ઈતિહાસ ગવાહ છે કે આપે એવી ક્રાંતિ સર્જી કે અઝમત તથા ઉચ્ચતા પર કેવળ માલદારોનો જ કબ્જો ન રહ્યો, બલ્કે ગરીબ કમજોર તથા હૈષિયત વિનાના લોકો પણ અઝમત તથા રિફઅતના મીનારા પર પહોંચી ગયા.

આજે શાદી વિવાહના મોક઼ા પર કોઈ પણ ખુશીના મોક઼ા પર ગરીબોની હાજરી ઘણા બધા માલદારોની પેશાની પર દાગ લગાડી જાય છે, એટલા માટે ગરીબોને પોતાની શાદી વિવાહની મેહફિલો અને ખુશીના હંગામાઓથી દૂર જ રાખે છે. પરંતું રહમતે આલમ ﷺએ ગરીબોનો મક઼ામ અને તેમની સાથે સારા વર્તાવનું એવું આયોજન કર્યું સાથોસાથ ખુદ પોતાનો જ એવો અમલ પેશ કર્યો કે ક઼યામત સુધી દુનિયાનો કોઈ પણ ક઼દાવર શખ્સ પણ પેશ નથી કરી શક્તો.

દુનિયાની એકથી એક મહાન હસ્તીઓને જુઓ અને સાથોસાથ દુનિયાના સૌથી મોટા, મહાન, માનવ ઈતિહાસના સૌથી મહાન મોહસિન હઝરત રહમતે આલમ ﷺને જુઓ. હુઝૂર ﷺએ સર્વ કાંઈ હોવા છતાં ગરીબોની સાથે રહેવું અને તેમની જ સાથે હશ્રને પસંદ ફર્માવ્યો. હુઝૂર ﷺએ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاને આ નસીહત ફર્માવી :

હે આઈશા ! કદી પણ મોહતાજ તથા જરૂરતમંદને નિરાશ ન કરશો, ચાહે તમો ખજૂરનો ઠળિયો જ કેમ ન આપી શકો. વધુમાં એ કે ગરીબો મોહતાજોથી મહોબ્બત કર્યા કરો અને એનાથી નિકટતા અપનાવ્યા કરો, બેશક ! એના બદલામાં અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તમને પોતાના ક઼ુર્બ (નઝદીકી)થી નવાઝશે

*(તિર્મિઝી શરીફ)*

આક઼ાએ કરીમ ﷺનો એક અન્ય ઈર્શાદ મુબારક હઝરત ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہથી રિવાયત કરેલ આ હદીષે પાકમાં મૌજૂદ છે :

ઘણા વેરવિખેર વાળોવાળાઓ એવા છે જેમને લોકો તુચ્છ સમજીને પોતાના દરવાજેથી ધક્કો આપી દે છે, પરંતું જો તેઓ કોઈ કામના માટે ક઼સમ ખાય લે તો અલ્લાહ તઆલા એમની ક઼સમને જરૂર પૂરી કરી આપે.

એ જ આયોજનનો એક હિસ્સો સદક઼એ ફિત્ર છે. હુઝૂર ﷺએ સદક઼એ ફિત્ર થકી ગરીબોને ઈદની ખુશી અતા ફર્માવી છે. સૌથી મોટો દરબાર મારા પરવરદિગાર અલ્લાહ ﷻનું ઘર છે, એટલે મસ્જિદ. પોતાના આ દરબારના માટે અલ્લાહ ﷻએ એવું આયોજન નક્કી કર્યું કે જો ગરીબ જલ્દી પહોંચી ગયો તો તે પ્રથમ સફનો હક્ક઼દાર છે અને મોટામાં મોટા માલદારે તેની પાછળ તેના ક઼દમોમાં બેસવું પડશે.

એ જ પ્રમાણે તમો ઈસ્લામી બંધારણની ગહરાઈઓ પર વિચારણા કરશો તો અંદાજો થશે કે ઈસ્લામ ગરીબોની સાથે કેટલા પ્રમાણમાં હુસ્ને સુલૂક (સદ્ વર્તાવ)ની તાક઼ીદ ફર્માવે છે. મોટા મોટા દીનદાર ગરીબ લોકોની સલામ પણ ક઼બૂલ નથી કરતા, તેમને મળવું તથા મુસાફો કરવો એ તો બહુ જ દૂરની વાત છે ! અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા કે જેમને હુઝૂર ﷺએ પ્યાર આપ્યો અને આપણને એમની સાથે પ્યાર કરવાનો હુકમ આપ્યો. પણ અફસોસ ! આપણે એમને નીચ સમજી લીધા અને મહોબ્બતથી મેહરૂમીના પાત્ર ગણ્યા.

અલ્લાહ ﷻ આપણને સૌને ગરીબોના હમદર્દ અને તેમની સાથે મહોબ્બત કરવાવાળા બનાવે અને આપણા સૌથી તે કામ લે જે તેના તથા તેના મહબૂબ ﷺની મરજીના પ્રમાણે હોય.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ઓગષ્ટ–૨૦૧૫)*

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

# મુસલમાનો ! હજીય નહીં સમજો તો ક્યારે સમજશો ?!

તંત્રી લેખ

ઘણા જ દુઃખ દર્દની સાથે કલમ ચાલી રહી છે કે આજે દુનિયાભરમાં મુસલમાનોની હાલત બેહાલત છે ! જેમ જેમ સમય વહેતો જાય છે તેમ તેમ મુસલમાનો પર આફતો મુસીબતોનાં વાદળો ઔર ઘેરાવ કરતાં જઈ રહ્યાં છે અને મુસીબતોની પીડાજનક વર્ષામાં દિન પ્રતિ દિન વધારો થતો જઈ રહ્યો છે. પહેલાં કોઈ એક મુસ્લિમ દેશમાં ધાંધલ ધમાલ થતી જોવા મળતી હતી હવે અનેક દેશોમાં લાખો મુસ્લિમો પોતાનું સર્વસ્વ ગુમાવીને હિજરત કરી રહ્યા છે, અને શરણાર્થી કેમ્પોમાં મોહતાજી તથા અતિ કઠણાઈભરી જિંદગી જીવી રહ્યાં છે, તો વળી ક્યાંક શરણાર્થી કેમ્પો પર પણ જીવલેણ હુમ્લા થઈ રહ્યા છે. લાખો લોકોની માલ, મિલ્કત, સંપત્તિ, મકાનો, દુકાનો, કારખાનાંઓ સર્વસ્વ તબાહ થઈ ગયાં. અને કોઈ દીકરો ખોઈ બેઠું તો કોઈ પતિ તો કોઈ પત્ની  તથા બાળકો તો કોઈ ભાઈ કે બહેન તો કોઈ પૂરુ ખાનદાન બોમ્બ ધમાકાઓ કે ગોળીબારમાં ગુમાવીને ન કહેવાય ન સહેવાય ન રહેવાય એવી રીતે લોકો વતનથી બેવતન થઈને નાદારીમાં પારકાઓની દયા પર દિવસો કાઢી રહ્યા છે. જેની અંદર ખરેખર મોમિનનું દિલ હશે તો આ દુનિયાભરમાં બની રહેલી ઘટનાઓ તથા તેનો ચિતાર વાંચીને તે દિલ કકડી ઉઠશે, તેની આંખોમાં આંસું આપોઆપ ઉતરી આવશે, કેમ કે બાળકો, યુવાનોની લાશોના હાલ જોઈને જેના દિલમાં માનવતા વસે છે તે દરેક ઈન્સાનનું દિલ દ્રવી જાય તો પછી તમે તો મુસલમાન છો ! હદીષે પાકમાં છે કે "મુસલમાન એક શરીરની જેમ છે, શરીરના કોઈ પણ ભાગમાં તકલીફ થાય તો તેને જરૂર પીડા મેહસૂસ થાય છે." આજે સીરિયા શું, ઈરાક શું, યમન શું, અફઘાન શું, પેલેસ્ટાઈન શું, આફ્રિકન દેશો શું, રોહિંગ્યા મુસલમાનો શું, ચીની મુસ્લિમો શું ........ ઠેરે ઠેર મુસલમાનોનું જાની, માલી, આર્થિક, માનસિક સર્વ રીતે શોષણ થઈ રહ્યું છે. છતાં આપણે છીએ કે આપણી જીવન શૈલીમાં આ બધું જોવા છતાંય કોઈ જ ઈન્કિલાબ કે કોઈ જ તબદીલી નથી થઈ રહી. અફસોસ ! સેંકડો અફસોસ ! શું આપણે પણ એ જ સમયની રાહ જોઈ રહ્યા છીએ કે આ આફતો આપણા પર આવે પછી સુધરીએ ?!

## ★ આજે મુસલમાનોની અમલી હાલત શું છે ?! ★

મુસલમાનો ! અલ્લાહ તમારી હિફાઝત ફર્માવે ! પણ વધારે દૂર જવાની જરૂર નથી, શું ગોધરાના બનાવ પછી ૨૦૦૨માં મુસલમાનોના સામૂહિક હત્યાકાંડનાં દ્રશ્યો તમારી નજરોએથી નથી ગુજર્યાં ! છતાં તમારી ઊંઘ નથી ઉડતી ? અને આજે તમારા પ્રિય વતનના માહોલમાં શું ફેરફારો થઈ રહ્યા છે એનાથી તમે અજાણ છો ?! ક્યા નશામાં તમો જીવી રહ્યા છો ?!

***જગા જગાકે તુઝે થક ચૂકે હૈં હંગામેં–નશાતે લઝ્ઝતે ખ્વાબેગિરાં બદલ ડાલો***

*(નશાત = આનંદ, લઝઝતે ખ્વાબે ગિરાં = ગાઢ નિદ્રા)*

આજે તમારી હાલત શું છે ? રમઝાન શરીફનો મુબારક બરકતો રહમતો લૂટાવતો મહિનો વહી રહ્યો છે પણ જે ઈબાદતોનો શોખ જે કુર્આનની તિલાવતનો શોખ અગાઉ જોવા મળતો હતો તે હવે ક્યાં

છે ? ક્યાં છે હવે મસ્જિદોમાં કુર્આન પઢનારાઓની ભીડ ? બલ્કે આટલી બધી ફઝીલતો બયાનોમાં કિતાબોમાં સાંભળવા વાંચવા છતાં તરાવીહમાં હટ્ટા કટ્ટા લોકો પણ સુસ્તી વર્તે છે, પાછલી સફોમાં ચાલુ તરાવીહે બેસી રહે છે ! જેઓ આવે છે તેઓમાં અનેક ઠેકાણે તરાવીહ ઝડપથી પતાવી દેવા માટે દબાણો થાય છે ! કુર્આન સહી પઢાય કે ગલત, શું પઢાય છે તે સમજમાં આવે કે ન આવે, રબની બારગાહમાં આવી ઈબાદત કૂબૂલ થશે કે પછી કયામતમાં મોઢા પર મારી દેવામાં આવશે, કોઈ જ ફિકર ચિંતા નહીં! બસ રસમ અદા કરવામાં રચ્યા પચ્યા છે. હઝરત ઉમર رضی اللہ عنہ જે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمના બીજા ખલીફા, તે તો ઈદના દિવસે રડે કે શું ખબર મારી ઈબાદતો રબની બારગાહમાં કૂબૂલ થઈ કે નહીં! જ્યારે આજનો નાદાન ગુનેહગાર મુસલમાન ફટાફટ નમાઝો તરાવીહને પતાવીને સંતોષ અનુભવી રહ્યો છે ! રમઝાનમાં બજારોની સ્થિતિ જુઓ તો મુસલમાનો છડેચોક દિવસના ખાણી પીણીમાં જરાય ક્ષોભ સંકોચ નથી અનુભવતા. ઘરોમાં T.V.ના નાજાઈઝ હરામ તમાશાઓ યથાવત ચાલે છે, રમઝાન શરીફની અદબમાંય તેને તાળુ નથી વાગ્યું ! મોબાઈલ પર શા શા ખેલ ખેલાય રહ્યા છે ! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો છે કે મુસલમાન સ્ત્રીઓ બેપર્દા બહાર ન ઘુમે, તેનાથી ઉલ્ટુ તદ્દન કાફિરો તથા મોડેલો, ડાન્સરો જેવા વેશમાં મુસલમાન સ્ત્રીઓ ઠેરેઠેર ભટકી રહી છે. ઈલ્લા માશા અલ્લાહ !

હે મુસલમાનો ! તમે પોતે તમારા દિલને પૂછો ! દુનિયામાં શું થાય છે તેને પણ જવા દો કે તમે પોતે અલ્લાહના તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશોનું કેટલું પાલન કરો છો ? તમો બોલવામાં, ચાલવામાં, ઉઠવા બેસવામાં, જોવા સાંભળવામાં, પડોશીઓ સાથે, લોકોની સાથે વહેવારમાં, કમજોરો સાથે તમો શું કરો છો, અલ્લાહના હક્કો, બંદાના હક્કોને નિભાવવા તમો પ્રમાણિક છો ? રોજી કમાવામાં હલાલ હરામ બાબતે તમારી શી સ્થિતિ છે ? વગેરે ....... અને જો ખુદા ન ખ્વાસ્તા ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશોનું તમે ઉલ્લંઘન કરી રહ્યા છો એવું તમે દિલથી મહેસૂસ કરી લો તો ..... અલ્લાહે તમને બુધ્ધિ આપી છે, હજીય સંભલી જાવ ! હજીય ખુદાથી ડરી જાવ ! જિંદગી બાકી છે તૌબા કરી લો ! અને જિંદગીને બદલી નાખો.

## ★ દુનિયાભરમાં મુસીબતમાં સપડાવાના સબબ વિશે સ્પષ્ટ આદેશો ★

મુસલમાનો પર મુસીબતો આવવાનું કારણ જોવામાં આવે તો એ સમજાય છે કે, રબનું ફર્માન છે કે, "ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ રહેશો, શર્ત એ છે કે મો'મિન બની જાવ !" *(આલે ઈમરાન–૧૩૯)*

તેમજ હદીષે પાકમાં છે કે, "નેકીનો હુકમ આપતા રહેજો અને બુરાઈથી રોકતા રહેજો, નહીં તો અલ્લાહ તઆલા તમારા પર એવા હાકિમ નિયુક્ત કરશે જે તમારા બુઝુર્ગોનું માન નહીં સાચવે, તમારા બાળકો પર રહમ નહીં કરે. તમારા મોટેરાઓ બોલાવશે પણ એમની વાત નહીં માનવામાં આવે, તેઓ મદદ તલબ કરશે પણ એમની મદદ નહીં કરવામાં આવે અને તેઓ બખ્શિશ તલબ કરશે પણ તેમને બખ્શવામાં નહીં આવે." *(મિશ્કાતુલ મસાબીહ, કન્ઝુલ ઉમ્માલ વગેરે)*

મુસલમાનોની અમલી હાલતો જોતાં આ ચેતવણીઓ પ્રમાણે થવું સ્પષ્ટ શક્ય જણાય છે. આપણા અમલોની ખરાબી જગજાહેર છે. અને સારી વાતનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવાનું કામ મંદ

છે નહિવત છે, જ્યારે **ગુનાહોનાં કામો સામૂહિક રીતે થઈ રહ્યાં છે !** આપણી શાદીઓ જુઓ ! આપણી સ્ત્રી પુરૂષોથી ભેળસેળ મહેફિલો જુઓ ! શરીઅતથી સામૂહિક જગ જાહેર બગાવતના એ નઝારા નથી ?! તો જરૂરી છે કે એનાથી તૌબા કરી લેવામાં આવે અને નેક રાહે ચાલવામાં આવે. આ તો દુનિયવી તકલીફોની વાત થઈ, જો કે દુનિયાની ઉપર જણાવી તે જાની, માલી તથા વિવિધ પરેશાનીઓ તો કાંઈ જ નથી પણ એથી આગળ કબરનો, કયામતનો, આખેરતનો અઝાબ અતિ સખત છે એ ન ભૂલશો.

## ★ શું કુર્આનના આ આદેશો પર તમારું ઈમાન નથી ?! ★

રબ્બે ઝુલ જલાલ ફર્માવે છે : **وَاِيَّایَ فَارْهَبُوْنِ** "અને ખાસ મારો જ ડર રાખો." *(સૂ. બકરહ, પારા–૧, આ. ૪૦)* **اِنَّ بَطْشَ رَبِّكَ لَشَدِيْدٌ** "બેશક ! તારા રબની પકડ ઘણી જ સખત છે." *(સૂ. બરૂજ, પારા–૩૦, આ.૧૨)* **يَوْمَ يَفِرُّ الْمَرْءُ مِنْ اَخِيْهِ ۝ وَاُمِّهٖ وَ اَبِيْهِ ۝ وَصَاحِبَتِهٖ وَبَنِيْهِ ۝ لِكُلِّ امْرِئٍ مِّنْهُمْ يَوْمَئِذٍ شَاْنٌ يُّغْنِيْهِ** "તે દિવસે (કયામતમાં) માણસ ભાગશે પોતાના ભાઈ અને મા અને બાપ અને પતિ તથા પુત્રોથી. તેમનામાંથી દરેકને એ દિવસે એક ફિકર છે કે તે જ તેના માટે બસ છે." *(સૂ. અબસ, પારા–૩૦, આ. ૩૪ થી ૩૭)* **يٰۤاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمْ ج اِنَّ زَلْزَلَةَ السَّاعَةِ شَیْءٌ عَظِيْمٌ------وَمَا هُمْ بِسُكٰرٰی وَلٰكِنَّ عَذَابَ اللّٰهِ شَدِيْدٌ** "હે લોકો ! પોતાના રબથી ડરો ! બેશક ! કયામતનો આંચકો ઘણી જ સખત ચીજ છે, જે દિવસે તમે એને જોશો, દરેક દૂધ પીવડાવનારી પોતાના દૂધ પીતાને ભૂલી જશે, અને દરેક સગર્ભા પોતાનો ગર્ભ ત્યજી દેશે, અને તું લોકોને જોઈશ કે જાણે નશામાં છે, અને તે નશામાં હશે નહીં ! પણ એવું છે કે **અલ્લાહનો માર કઠિન છે !** *(સૂ. હજ્જ, પારા–૧૭, આ. ૧–૨)*

વિચારો ! દુનિયામાં કોઈ નશા કે ભરમમાં જો ઈસ્લામ વિરૂધ્ધ, ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો વિરૂધ્ધ જીવતા હોઉ તો તે નશો તથા ભરમ દૂર કરી દો ! **રબ ખુદ ફર્માવે છે કે મારાથી જ ડરો, રબની પકડ ઘણી જ સખત છે,** કયામતમાં પતિ, પત્ની, બાપ, બેટા, ભાઈ, મા કોઈ કોઈનું નહીં થાય ! અને **"કયામતની ધ્રુજારી ઘણી જ સખત છે !"** એવું રબ કહે છે. અને આ તે દિવસ છે જેના પછી જન્નત કે જહન્નમ જે પરીણામ આવે તો પછી તેમાં હમેશાં રહેવાનું છે, હમેશાંની જિંદગીની આ વાત છે, માટે કુર્આન પર ઈમાન ધરાવો છો તો સાવધાન થઈ જાવ ! આજે દુનિયામાં કોઈ શક્તિશાળી કે હથિયારધારી ધમકી આપે તો આપણે ડરી જઈએ છીએ અને સરન્ડર થઈ જઈએ છીએ ! જ્યારે શું રબની આ ચેતવણીઓની તમને પરવા નથી ! તેનો ડર નથી લાગતો કે ગુનાહોને છોડીને સરન્ડર થઈ તેના આદેશ પ્રમાણે નથી જીવતા ?! શું આનું નામ ઈમાન છે ?! અને રબથી ડરનાર માટે રબ તઆલા ખુદ ખુશખબરી આપે છે. સાંભળો ! **وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ** "અને જે પોતાના રબની સમક્ષ ઉભો થવાથી ડરે, તેના માટે બે જન્નતો છે. *(સૂ.રહમાન, પારા–૨૭, આ.૪૬)* અને ફર્માવ્યું, "બેશક ! મુત્તકી (ડરનારા) અમ્નવાળા મકામમાં હશે." *(સૂ.દુખાન,આ.૫૨)* સુબ્હાનલ્લાહ ! આ લખાણ વારંવાર વાંચો ને ખુદાનો ખૌફ દિલમાં બેસાડો અને ઈસ્લામી આદેશો પર ચાલો.

## ★ આવો ! રસૂલુલ્લાહ ﷺએ નાફર્માનો માટે શું ફર્માવ્યું તે જુઓ ! ★

તે રસૂલુલ્લાહ ﷺ જેમને તમો જાનથી અધિક પ્રિય જાણો છો, એવો તમારો દાવો છે, તે નબી પાક ﷺ ખુદ શું ફર્માવે છે તે સાંભળો ! હઝરત અનસ رضی اللہ عنہએ રિવાયત કરી કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺએ અમારી સમક્ષ ખુત્બો આપ્યો, મેં એના જેવો ખુત્બો આ પહેલાં કદી સાંભળ્યો નથી. એમાં આપે ફર્માવ્યું, **"જો તમો એ વાતને જાણી લો જેને હું જાણુ છું તો તમો હસો ઓછા અને રડો વધારે." આ સાંભળીને સહાબાએ કિ઼રામે પોતાના ચહેરા ઢાંકી લીધા અને રડવા લાગ્યા.** *(બુખારી, મુસ્લિમ)*

**મુસલમાનો** ! રસૂલે પાક ﷺના આ શબ્દોમાં તમારા માટે કેટલું દર્દ તથા કેટલી લાગણી છે ! કે **એ સૌનો અંજામ જાણે છે, જન્નત તથા જહન્નમને દુનિયામાં રહીને જોઈ ચૂક્યા**, ત્યાંના હાલાત જોઈ ચૂક્યા, જેથી વોર્નિંગ રૂપે આવું ફર્માવી રહ્યા છે, એની તો આપણા દિલ પર અસર થવી જ જોઈએ.

એક હદીષમાં છે : ક઼યામતના દિવસે દોઝખીઓમાંથી સૌથી મામૂલી અઝાબવાળી તે વ્યક્તિ હશે કે જેના પગની નીચે બે અંગારા હશે જેના કારણે તેનું ભેજુ જોશ મારશે (ઉકળશે) અને તે એવું ધારશે કે એનાથી વધીને સખત અઝાબ કોઈને નહીં થતો હોય, જ્યારે કે તે દોઝખીઓમાં સૌથી ઓછી સજાવાળો હશે. *(બુખારી, મુસ્લિમ)*

ખુદા ન ખ્વાસ્તા, જો ગુનાહોની સજા ભોગવવા પૂરતું પણ જો કોઈ ઈમાનવાળાને જહન્નમમાં જવાનું થયું તો આ મામૂલી સજા તો ભોગવવાની જ હશે ને ! તો છે શક્તિ ? છે હિંમત આટલી પણ સજાની ?! તે પણ કેટલો સમય તે ખબર નહીં ! એને વેઠવાની શક્તિ આપણામાં નથી અને યક઼ીનન નથી ! તો પછી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ પર ઈમાન છે તો ગુનાહોથી તૌબા કરો ને ઈસ્લામી જીવન અપનાવો. દરેક હરામ કામને છોડો ને નેકીઓમાં લાગી જાવ !

જહન્નમનો અઝાબ તો પછી છે ! પણ ગુનેહગારોની ક઼યામતમાં શું ગત થશે તે સાંભળો ! હદીષે પાકમાં છે, હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવ્યું : "ક઼યામતના દિવસે લોકો પરસેવામાં તરબોળ હશે, ત્યાં સુધી કે એમનો પસીનો જમીનમાં ૭૦ હાથ સુધી તરબોળ હશે, અને તેમને પરસેવાની લગામ નાખવામાં આવી હશે, ત્યાં સુધી કે એ લગામ (પરસેવો) કાનો સુધી પહોંચી જશે. *(બુખારી, મુસ્લિમ)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! શું આ હદીષો ફક્ત કિતાબોમાં રાખવા માટે છે કે એના પર ઈમાન લાવીને અમલ કરવા માટે છે ?! સમજો ! શું કહેવા ચાહે છે નબી કરીમ ﷺ સાંભળો ! આપણા સબક઼ માટે આપણા નબી ﷺ હજી શું ફર્માવે છે ?!

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہએ વર્ણન કર્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"હું કેવી રીતે આરામથી રહી શકું જ્યારે કે સૂર ફૂંકનારાએ સૂરને મોઢે લગાડી લીધેલ છે અને કાનને સતર્ક કરી રાખ્યા છે કે ક્યારે એને સૂર ફૂંકવાનો આદેશ મળે કે તે સૂર ફૂંકે!"** આ વાતથી સહાબીઓ પર ભય છવાય ગયો, તો આપે તેઓને કહ્યું, તમો حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ **"હસ્બુનલ્લાહુ વનિઅ્મલ વકીલ"** (અલ્લાહ કેવો સારો કામ બનાવનાર છે અને તે અમારા માટે

પૂરતો છે) પઢયા કરો. *(તિર્મિઝી શરીફ)*

ઉમ્મતીઓને અતિ ચાહનાર આપણા નબી ﷺએ તરહ તરહની રીતે આપણને ઈમાન પર અડગ રહેવા અને બદઅમલીઓથી બચવા ચેતવ્યા છે, છતાં આ બધાને પણ આપણે ધ્યાનમાં ન લઈએ તો પછી આપણો અંજામ સિવાય જહન્નમના શો હોય શકે ?!

આ દુનિયાની મર્યાદિત તકલીફોને જોઈને, લોકો પર થતા જુલ્મોને જોઈને આપણુ કલેજુ કાંપી ઉઠે છે તો આખેરતની હમેશાંની જિંદગીમાં જહન્નમના અઝાબોની માહિતી નબી પાક ﷺથી સાંભળીને પણ આપણે આપણી જિંદગીને ન જ બદલીએ તો ક્યા મોઢે આપણે પોતાને મુસલમાન કહી શકીએ !

## ★ રબના આદેશ પર ડાકૂ તૌબા કરી લે તો આપણે કેમ નહીં ! ★

આવો ! અંતમાં એ પણ જોઈ લઈએ કે અલ્લાહના કેવળ એક આદેશે એક ખુંખાર ડાકૂ લૂટારાની જિંદગીમાં શું ઈન્કિ઼લાબ મચાવ્યો તે પણ જોઈ લઈએ.

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہ પહેલાં એક ખુંખાર ડાકૂ હતા. મુસાફરોના કા઼ફલા રાત મધરાત એમના વિસ્તારમાં થઈને પસાર થતાં ડરતા હતા. પણ એકવાર એ ક્યાંકથી પસાર થઈ રહ્યા હતા તો કુર્આને પાકની આ આયતની તિલાવત એમના કાનો પર અથડાઈ :–

**اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ وَمَا نَزَلَ مِنَ الْحَقِّ ۙ وَلَا يَكُوْنُوْا كَالَّذِيْنَ اُوْتُوا**
**الْكِتٰبَ مِنْ قَبْلُ فَطَالَ عَلَيْهِمُ الْاَمَدُ فَقَسَتْ قُلُوْبُهُمْ ۭ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ۔**

''શું ઈમાનવાળાઓ માટે હજી તે સમય નથી આવ્યો તેમનાં દિલ ઝુકી જાય અલ્લાહની યાદ અને એ હક઼્ક઼ (સત્ય)ના માટે જે ઉતર્યું ?! *(સૂ. હદીદ, આ. ૧૬, પારા : ૨૭)* આ સાંભળતાં જ તેમના દિલમાં ખુદાનો ખૌફ પેદા થયો અને પોકારી ઉઠયા, હા ! હા ! આવી ગયો ! એ સમય આવી ગયો ! અને સર્વ ગુનાહોથી તૌબા કરીને રબની યાદમાં લાગી ગયા અને વિલાયતને દરજે પહોંચી ગયા.

**મુસલમાનો ! શું તમારાં દિલો એક ખૂંખાર ડાકૂ લૂટારા કરતાંય અધિક સખત છે કે આટઆટલી આયતો હદીષો સાંભળવા છતાંય પીગળતાં નથી ?! વિચારવાનો મક઼ામ છે !**

આવો ! અંતમાં આ આયતનો શાને નુઝૂલ પણ જોઈ લઈએ કે જેની બરકતથી આપણા દિલો નરમ થઈ જાય અને ખુદાની બારગાહમાં ઝુકી જાય.

હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા઼ رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી ﷺ દૌલત સરાએ અક઼દસ (ઘરે)થી બહાર તશરીફ લાવ્યા તો મુસલમાનોને જોયા કે આપસમાં હસી રહ્યા છે. ફર્માવ્યું, તમો હસો છો ?! હજી સુધી તમારા રબની તરફથી અમાન નથી આવી ! અને તમારા હસવા પર આ આયત નાઝિલ થઈ. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ હંસીનો કફ્ફારો શું છે ? ફર્માવ્યું, એટલું જ રડજો ! *(ખઝાઈનુલ ઈર્ફાન, પેજ : ૧૩૫, અલફી)*

આવો ! આપણે પણ ખૂબ હસ્યા છીએ તો કફ્ફારામાં રડી રડીને બારગાહે રબમાં તૌબા કરી લઈએ. રબ્બે કરીમ આપણને સૌને ગુનાહોથી તૌબાની તથા નેક અમલો સાથે સાચા મો'મિન તરીકે જીવવાની તૌફીક઼ આપે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન


અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


## સૂરએ બક઼રહની તફસીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

لَيْسَ الْبِرَّ اَنْ تُوَلُّوْا وُجُوْهَكُمْ قِبَلَ الْمَشْرِقِ
وَالْمَغْرِبِ وَلٰكِنَّ الْبِرَّ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ
وَالْمَلٰٓئِكَةِ وَالْكِتٰبِ وَالنَّبِيّٖنَ ۚ وَاٰتَى الْمَالَ عَلٰى
حُبِّهٖ ذَوِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنَ وَابْنَ
السَّبِيْلِ ۙ وَالسَّآئِلِيْنَ وَفِى الرِّقَابِ ۚ وَاَقَامَ الصَّلٰوةَ
وَاٰتَى الزَّكٰوةَ ۚ وَالْمُوْفُوْنَ بِعَهْدِهِمْ اِذَا عٰهَدُوْا ۚ
وَالصّٰبِرِيْنَ فِى الْبَاْسَآءِ وَالضَّرَّآءِ وَحِيْنَ الْبَاْسِ ؕ
اُولٰٓئِكَ الَّذِيْنَ صَدَقُوْا ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ﴿۱۷۷﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِى
الْقَتْلٰى ؕ اَلْحُرُّ بِالْحُرِّ وَالْعَبْدُ بِالْعَبْدِ وَالْاُنْثٰى
بِالْاُنْثٰى ؕ فَمَنْ عُفِىَ لَهٗ مِنْ اَخِيْهِ شَىْءٌ فَاتِّبَاعٌ ۢ
بِالْمَعْرُوْفِ وَاَدَآءٌ اِلَيْهِ بِاِحْسَانٍ ؕ ذٰلِكَ تَخْفِيْفٌ
مِّنْ رَّبِّكُمْ وَرَحْمَةٌ ؕ فَمَنِ اعْتَدٰى بَعْدَ ذٰلِكَ
فَلَهٗ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۷۸﴾ وَلَكُمْ فِى الْقِصَاصِ حَيٰوةٌ
يّٰٓاُولِى الْاَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۱۷۹﴾

કોઈ મૂળ નેકી એ નથી કે મોઢું પૂર્વ કે પશ્ચિમ તરફ કરો[૫૭] હા ! મૂળ નેકી એ કે ઈમાન લાવે અલ્લાહ અને ક઼યામત અને ફરિશ્તાઓ અને કિતાબ અને પૈગમ્બરો પર[૫૮] અને અલ્લાહની મહોબ્બતમાં પોતાનો પ્રિય માલ આપે. સગા સંબંધીઓ અને યતીમો અને મિસ્કીનો અને મુસાફિરો અને સવાલીઓને અને ગરદનો છોડાવવામાં[૫૯] અને નમાઝ ક઼ાયમ રાખે અને ઝકાત આપે અને પોતાનું વચન પૂરું કરનાર જ્યારે વાયદો કરે અને સબ્રવાળા મુસીબત સખ્તીમાં અને જિહાદ સમયે, આ જ (તે લોકો) છે જેઓએ પોતાની વાત સાચી ઠરાવી, અને આ જ પરહેઝગાર છે (૧૭૭) હે ઈમાનવાળાઓ ! તમારા પર ફર્ઝ છે[૬૦] કે જે નાહક માર્યા જાય તેમના ખૂનનો બદલો લો[૬૧] સ્વતંત્રને બદલે સ્વતંત્ર અને ગુલામને બદલે ગુલામ અને અવરતને બદલે અવરત[૬૨] તો જેના માટે તેના ભાઈ તરફથી કંઈ માફી થઈ[૬૩] તો ભલાઈની સાથે માગણી થાય અને સારી રીતે ભરપાઈ, આ તમારા પરવરદિગાર તરફથી તમારો ભાર હલ્કો કરવા (માટે) છે અને તમારા પર મહેરબાની. તો એના પછી જે હદ વટાવશે.[૬૪] તો તેના માટે દુ:ખદાયક અઝાબ છે (૧૭૮) અને ખૂનનો બદલો લેવામાં તમારું જીવન છે અય બુદ્ધિમાનો[૬૫] કે ક્યાંક તમે બચો (૧૭૯)

## :: સમજૂતી ::

**૫૭. શાને નુઝૂલ** : આ આયત યહૂદ અને નસારાના વિશે ઉતરી, કારણ કે યહૂદીઓએ બયતુલ મુક઼દસની પૂર્વ દિશાને અને નસારાએ એની પશ્ચિમ દિશાને ક઼િબ્લો બનાવી રાખ્યો હતો. અને દરેક પક્ષનો ખ્યાલ હતો કે ફક્ત આ ક઼િબ્લા તરફ મોઢું ફેરવી લેવું પૂરતુ છે. આ આયતમાં તેમને રદીયો આપવામાં આવ્યો કે બયતુલ મુક઼દસનું ક઼િબ્લો હોવું મન્સૂખ કરવામાં આવ્યું. *(મદારિક)* તફસીર કરનારાઓનો એક ખ્યાલ એવો પણ છે કે આમાં અહલે કિતાબ અને મુસલમાનો બન્નેને સરખું જ સંબોધન છે, અને અર્થ એ છે કે ફક્ત ક઼િબ્લા તરફ મોઢું કરવું એ જ મૂળ નેકી નથી, જ્યાં સુધી કે અક઼ાઈદ સહીહ ન હોય અને દિલ નિખાલસતાથી ક઼િબ્લા તરફ ઝુકેલું ન હોય.

**૫૮.** આ આખી આયતમાં નેકીના ૬ તરીકા બતાવવામાં આવ્યા છે : (૧) ઈમાન લાવવું (૨) માલ આપવો (૩) નમાઝ ક઼ાયમ કરવી (૪) ઝકાત આપવી (૫) વાયદો પૂરો કરવો (૬) સબ્ર કરવી. ઈમાનની વિગત એવી છે કે એક તો અલ્લાહ પર ઈમાન લાવે તે જીવંત, દરેક બાબત જાણનાર, દરેક વાત સાંભળનાર, દરેક વસ્તુ જોનાર, બેનિયાઝ, હમેશાંથી હમેશાં સુધી રહેનાર "વહદહુ લા શરીકલહુ' છે. બીજુ કે ક઼યામત પર ઈમાન લાવે કે તે હક઼ છે. તેમાં બન્દાઓનો હિસાબ થશે. આમાલનો બદલો આપવામાં આવશે, અલ્લાહના મક઼બૂલ બન્દાઓ શફાઅત કરશે, હુઝૂર ﷺ નસીબવાળાઓને હવઝે કવષર પર તેનું પાણી પીવડાવશે, પુલસિરાત પરથી ગુજરવું પડશે અને તે દિવસની બીજી હાલતો જે કુર્આન શરીફમાં જણાવવામાં આવી અથવા હુઝૂર ﷺએ બયાન ફર્માવી છે તે હક઼ છે, ત્રીજુ ફરિશ્તાઓ પર ઈમાન લાવે કે તેઓ અલ્લાહની મખ્લૂક઼ અને તેના ફર્માબરદાર બન્દાઓ છે. ન પુરૂષો છે, ન સ્ત્રીઓ, એમની સંખ્યા અલ્લાહ જાણે છે. એમાંના ચાર ફરિશ્તા ખુદાના દરબારમાં નજીકી પ્રાપ્ત કરેલા છે જિબ્રઈલ, મીકાઈલ, ઈસરાફીલ, ઈઝરાઈલ عليه السلام, ચોથું અલ્લાહની કિતાબો પર ઈમાન લાવવું કે જે કિતાબ અલ્લાહ તઆલાએ ઉતારી હક઼ છે, એમાં ચાર મોટી કિતાબો છે. (૧) તવરાત જે હઝરત મૂસા પર, (૨) ઈન્જીલને હઝરત ઈસા પર, (૩) ઝબૂરને હઝરત દાઉદ પર, અને (૪) કુર્આન જે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર નાઝિલ થઈ, અને ૫૦ સહીફા હઝરત શીશ પર, ૩૦ હઝરત ઈદરીસ પર, ૧૦ હઝરત આદમ પર અને ૧૦ હઝરત ઈબ્રાહીમ عليهم السلام પર ઉતર્યા. પાંચમું બધા જ અંબિયા પર ઈમાન લાવવું કે એ તમામ અલ્લાહના મોકલેલા અને ગુનાહોથી પાક (મઅસૂમ) છે, એમની સચોટ સંખ્યા અલ્લાહ જાણે છે. એમાં ૩૧૩ રસૂલ છે, અંબિયા બધા પુરૂષ થયા છે, કોઈ સ્ત્રી નબી થઈ નથી. "ઈમાને મુજમલ" આ છે કે હું અલ્લાહ પર ઈમાન લાવ્યો અને તે તમામ બાબતો પર જે નબીએ કરીમ ﷺ અલ્લાહ પાસેથી લાવ્યા. *(તફસીરે અહમદી)*

**૫૯.** ઈમાન પછી આમાલનું અને એ સંબંધે માલ આપવાનું બયાન ફર્માવ્યું. અને માલ ખર્ચ કરવા માટે ૬ સ્થાનો બતાવ્યાં. ગરદનો છોડાવવાનો મતલબ ગુલામ ખરીદીને તેને આઝાદ કરી દેવાનો છે. આ બધું બયાન મુસ્તહબ માલ ખર્ચવાનું હતું. (એટલે કે "ઝ–વિલ" કુરબાથી ફીર્રિકાબ સુધી જે ૬ પાત્રો માલ ખર્ચવાના ગણાવ્યાં છે ત્યાં ખર્ચ કરવું મુસ્તહબ છે.)

**મસઅલો** : આનાથી સાબિત થયું કે મૃત્યુ સમયે જીવનથી નિરાશ થયા પછી સદક઼ો ખૈરાત કરવા કરતાં તંદુરસ્તીની હાલતમાં સદક઼ો ખૈરાત કરવું એ વધારે સવાબ ધરાવે છે.

**મસઅલો** : હદીષ શરીફમાં છે કે સગા સંબંધીને સદક઼ો આપવામાં બે સવાબ છે. એક સદક઼ાનો બીજો સિલએ રહમીનો. *(નિસાઈ)*

**૬૦. શાને નૂઝૂલ** : આ આયત અવસ અને ખઝરજના વિશે ઉતરી. એમાંથી એક કબીલો માલ, તાકાત, સંખ્યા તેમજ ઈજ્જત આબરૂમાં બીજા કરતાં

ચઢીયાતો હતો. તેણે એવા સોગંદ લીધા હતા કે તેઓ પોતે જ્યારે તેમનો ગુલામ માર્યો જશે ત્યારે બદલા રૂપે સામેના કબીલાનો સ્વતંત્ર માણસ મારી નાખશે, એવી જ રીતે સ્ત્રીને બદલે પુરૂષને, અને એકના બદલે બેને મારી નાખશે. જહાલતના સમયમાં લોકો આવો જુલ્મ કરવા માટે ટેવાએલા હતા. ઈસ્લામના સમયમાં આ બાબત જ્યારે હુઝૂર ﷺની સેવામાં ઉપસ્થિત કરવામાં આવી ત્યારે આ આયત ઉતરી, અને ન્યાય તેમજ સામાનતાનો પાઠ ભણાવવામાં આવ્યો, તે લોકો એને માનવા રાજી થયા. કુર્આન મુજીદમાં કિસાસ (બદલો) લેવાનો મસ્અલો ઘણી આયતોમાં બયાન થયો છે. આ આયતમાં ક઼િસાસ અને અફ્વ માફી બંનેનું બયાન છે અને અલ્લાહ પાકના એ ઉપકારનું બયાન છે કે તેણે પોતાના બન્દાઓને કિસાસ અને અને માફી બંનેનો અધિકાર આપ્યો છે. ઈચ્છે તો ક઼િસાસ લે, ઈચ્છે તો માફ કરે. આયતની શરૂઆતમાં ક઼િસાસ વાજિબ હોવાનું બયાન છે.

**૬૧.** આનાથી પ્રત્યેક જાણીબુઝીને ખૂન કરનારા પર કિસાસ વાજિબ હોવાનું પુરવાર થાય છે, ભલે પછી તેણે સ્વતંત્રનું ખૂન કર્યું હોય કે ગુલામનું, મુસલમાનનું કર્યું હોય કે કાફિરનું, સ્ત્રીનું હોય કે પુરૂષનું, કારણ કે "કત્લા જે કતીલ"નું બહુવચન છે તે બધાંને સમાવિષ્ટ કરેલ છે. હા ! શરીઅતની દલીલથી જ્યારે એમાંથી અમુક જ નક્કી થાય ત્યારે તે પ્રમાણે જ કિસાસ લેવાશે.

**૬૨.** આ આયતમાં કહેવાયું છે કે જે ખૂન કરશે તેને જ મારી નાખવામાં આવશે, પછી તે સ્વતંત્ર હોય કે ગુલામ, પુરૂષ હોય કે સ્ત્રી, અને જહાલતવાળાઓની એ રીત એક પ્રકારનો જુલ્મ છે કે જો સ્વતંત્રોને લડાઈ થાય તો એકને બદલે બેને મારી નાખવામાં આવે, ગુલામોમાં થાય તો ગુલામને બદલે સ્વતંત્રને મારી નાખે, સ્ત્રીઓમાં થાય તો સ્ત્રીને બદલે પુરૂષને ખતમ કરી નાખે. અને ફક્ત ખૂનીના ખૂન પર અટકી જતા ન હતા. આ રીતથી મના કરવામાં આવ્યું.

**૬૩.** મતલબ એ છે કે જે ખૂનીને મરાએલા માણસના વાલી વારસો કંઈ માફી આપે અને ખૂનીના શિરે માલ આપવાનો આવે ત્યારે પેલા વાલી વારસો માગણી કરવામાં સારી રીત અખત્યાર કરે, અને ખૂનના બદલામાં નક્કી થએલો માલ ખુશીની સાથે આપી દે, આમાં માલ લઈને સુલેહ કરવાનું બયાન છે. *(તફસીરે અહમદી)*

**મસઅલો :** મરાએલી વ્યક્તિના વાલી વારસોને અધિકાર છે કે યા તો કશું લીધા વગર જ ખૂનીને માફ કરી દે, અથવા માલ લઈને સુલેહ કરી લે, જો તે આના પર રાજી ન થાય અને કિસાસ (ખૂનનો બદલો ખૂન)ની જ માગણી કરે તો કિસાસ જ ફર્ઝ થશે. *(જુમલ)*

**મસઅલો :** જો મરાએલા માણસના બધા જ વાલી વારસો ક઼િસાસ માફ કરી દે તો ખૂની પર કશું જ વાજિબ થતું નથી.

**મસઅલો :** જો માલ લઈને સુલેહ કરે તો કિસાસ માથેથી ઉતરી જઈ માલ વાજિબ થશે. (અહમદી) કે ખૂન જો કે એક મહાન ગુનોહ છે પણ એનાથી ઈસ્લામી ભાઈચારાને આંચ આવતી નથી. એમાં ખારજીઓને રદીયો છે જેઓ કબીરા ગુનાહ કરનારાને કાફિર કહે છે.

**૬૪.** એટલે કે જહાલતના સમય મુજબ ખૂની ન હોય તેને કત્લ કરે, અથવા માફી આપ્યા પછી કે માલ લીધા બાદ કત્લ કરે.

**૬૫.** કારણ કે ક઼િસાસ નક્કી થયા પછી લોકો ખૂનો કરવાથી રોકાશે અને જીવો બચી જશે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

દર્સે હદીસે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે **મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત** કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ : (ત્રીજો વિભાગ)** ઉબય ઈબ્ને કઅબથી રિવાયત છે કે પાણી પાણીથી ઈસ્લામના શરૂમાં ઈજાઝત હતી, પછી એનાથી મના કરી દેવામાં આવ્યું[૧]. (તિર્મિઝી અબૂ દાઊદ દારમી)

હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, મેં જનાબતથી ગુસ્લ કર્યું અને ફજર પઢી લીધી. પછી જોયું કે નખ જેટલી જગા પર પાણી નથી પહોંચ્યું. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જો તમે એ જગાએ હાથ ફેરવી લેત તો પૂરતુ હતુ[૨]. (ઈબ્ને માજહ)

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે નમાઝો પચાસ હતી અને જનાબતનું ગુસ્લ સાતવાર અને કપડાથી પેશાબ ધોવો સાત વાર[૩]. તો હુઝૂરે અન્વર અર્ઝ કરતા રહ્યા ત્યાં સુધી કે નમાઝો પઢે અને જનાબતનું ગુસ્લ એકવાર અને કપડુ પેશાબથી ધોવું એક વાર[૪]. (અબૂ દાઊદ)

જુનુબીથી મેળમેળાપનું પ્રકરણ : અને કઈ ચીજ જુનુબી માટે જાઈઝ છે[૯]? : (પ્રથમ વિભાગ)

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મળ્યા[૬]. જો કે હું નાપાક હતો. આપે મારો હાથ પકડી લીધો[૭]. હું આપની સાથે ચાલ્યો ત્યાં સુધી કે આપ બેસી ગયા. હું ચુપકીદીથી નીકળી ગયો, મંઝિલમાં આવ્યો, ગુસ્લ કર્યું પછી હાજર થયો, જો કે આપ બેઠેલા હતા. ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ ! ક્યાં હતા ? મેં બનાવ રજૂ કર્યો. ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! મો'મિન ગંદો નથી હોતો[૯]. આ બુખારીના શબ્દો છે. મુસ્લિમની રિવાયતમાં એનો અર્થ છે અને فَقُلْتُ પછી આ પણ છે કે આપ મને મળ્યા જ્યારે હું જુનુબી હતો. મેં વિના ગુસ્લએ આપની પાસે બેસવું નાપસંદ કર્યું. બુખારીની બીજી રિવાયતમાં છે આવું જ છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કરી કે તેમને રાતમાં જનાબત પહોંચે છે'' તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે વુઝૂ કરો, ખાસ અંગ ધોઈ લો પછી સૂઈ જાવ[૧૨]. (બુખારી, મુસ્લિમ)

રિવાયત છે હઝરત આઈશા رضی اللہ عنہاથી ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે જુનુબી થતા અને કાંઈ ખાવા અથવા સૂવા ચાહતા તો નમાઝનું વુઝૂ કરતા[૧૩]. (મુસ્લિમ, બુખારી)

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ પોતાની પત્નીની પાસે જાય, ફરી બીજીવાર જવા ચાહે તો વચમાં વુઝૂ કરે[૧૪]. (મુસ્લિમ)

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એક ગુસ્લથી પોતાની સર્વ બીવીઓ પર દૌરો ફર્માવતા હતા[૧૫].

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** એટલે ઈસ્લામની શરૂઆતમાં વિના ઈન્ઝાલ (વિર્ય સ્ખલન) સોહબત કરવાથી ગુસ્લ વાજિબ થતુ ન હતું. પણ હવે ગોળ ભાગ (પુરૂષના ગુપ્તાંગનો) ગાયબ થવાથી ગુસ્લ વાજિબ થશે ચાહે વિર્ય સ્ખલન થાય કે ન થાય. મિર્કાતે ફર્માવ્યું કે ઈસ્લામમાં પહેલાં ફક્ત તૌહીદનો અકીદો ફર્ઝ થયો, પછી સૂરએ મુઝ્ઝમ્મિલવાળી નમાઝ એટલે રાતની. પછી પંજગાના નમાઝની ફર્ઝિયતથી રાતની નમાઝની ફર્ઝિયત મન્સૂખ થઈ ગઈ. પછી હિજરત બાદ રોઝા અને ઝકાત વગેરે ફર્ઝ થયાં.

**૨.** એટલે કે જો ગુસ્લ કરતી વખતે ત્યાં હાથ ફેરવી લેતા તો પાણી વહી જાત અથવા ગુસ્લ પછી વુઝૂ વગેરે વખતે હાથ ફેરવીને પાણી વહાવી લેત તો પણ પૂરતુ થાત. હવે એ જગા ધૂઓ અને ફરીથી નમાઝ પઢો. હદીષનો મતલબ એ નથી કે એ જગાએ કેવળ મસહ પૂરતો હતો, પાણી વહાવવાની જરૂર નથી. કેમ કે ગુસ્લમાં આખા શરીર પર પાણી વહાવવું ફર્ઝ છે. આ હદીષથી જાણવા મળ્યું કે જો ગુસ્લનું કોઈ અંગ સૂકુ રહી ગયું હોય અને ઘણીવાર પછી ખબર પડે તો બીજીવાર ગુસ્લ કરવું જરૂરી નથી બલ્કે કેવળ તે જગા ધોઈ નાખવી પૂરતું છે.

**૩.** એટલે કે મેઅરાજમાં પ્રથમ આ હુકમો આપવામાં આવ્યા પછી ત્યાં જ મન્સૂખ થઈ ગયા. જેવું કે આગળ આવી રહ્યું છે. એ અહકામ પર અમલ કોઈએ નથી કર્યો, કેમ કે અમલથી પહેલાં નસ્ખ જાઈઝ છે.

**૪.** જાહેર એ છે કે એ ત્રણેવ નસ્ખ (મન્સૂખ થવાનું કામ) મેઅરાજની રાતમાં જ થઈ ગયાં. અમુકે ફર્માવ્યું કે શરૂ ઈસ્લામમાં ગુસ્લ તથા કપડુ ધોવું સાત સાત વાર રહ્યું, જેના પર અમુક દિવસ અમલ થયો. યાદ રાખશો કે ઈમામ શાફઈની નજીક નાપાક કપડુ એકવાર ધોવું જ ફર્ઝ છે, જેવી રીતે વુઝૂ તથા ગુસ્લમાં એકવાર અંગો ધોવાં ફર્ઝ છે. અને આપણા ઈમામ સાહબને ત્યાં જ્યારે કપડા પર નજાસત (નાપાકી) દેખાતી હોય તો એટલું ધોવું ફર્ઝ છે કે એની પાકીનું ગુમાન પાકુ થઈ જાય. એ રીતે કે ત્રણવાર ધૂએ અને દરેક વખતે નીચોવે. પણ સાહિબૈનની પણ જે કપડાં નીચોવવાને પાત્ર ન હોય, જેમ કે બહુ જાડી દરીઓ અથવા અતિ કમજોર નાઝુક રેશમી કપડાંઓ, એમાં પણ એટલા પ્રમાણમાં પાણી વહાવવું પૂરતુ હોય છે. જેથી આ હદીષ ઈમામ સાહબની વિરૂધ્ધ નથી.

**૫.** જુનુબી, જનાબતથી બન્યું, જેનો શાબ્દિક અર્થ છે દૂરી તથા અલાહિદગી. શરીઅતમાં હદ્ષે અકબર જેનાથી ગુસ્લ વાજિબ થાય તે જનાબત કહેવાય છે, કેમ કે એના કારણે માણસ મસ્જિદ તથા નમાઝ વગેરેથી અલગ રહે છે. સ્ત્રીવાચક, પુરૂષવાચક, એક અથવા કેટલાક સૌને જુનુબ કહેવામાં આવે છે. મેળ મેળાપથી મુરાદ તેની સાથે ખાવું, પીવું, ઉઠવું, બેસવું, મુસાફો, મુઆનિકો (ગળેમળવું) છે.

**૬.** એવું ન ફર્માવ્યું કે હું હુઝૂરને મળ્યો. કેમ કે આપનો ઈરાદો મળવાનો ન હતો. આકસ્મિક મુલાકાત થઈ ગઈ, આપ તો ગુસ્લ કરવા જઈ રહ્યા હતા.

**૭.** મહોબ્બત તથા હેતના કારણે, ન કે ચાલવામાં સહાય લેવા માટે, જેવું કે અમુક લોકોએ સમજ્યું.

**૮.** આ છે સહાબાનો અતિશય અદબ ! એ વખતે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનો ખયાલ એ હતો કે નાપાકીની હાલતમાં મુસાફો વગેરે સૌ મના છે પણ હયા તથા અદબના કારણે એ વખતે અર્ઝ ન કરી શક્યા. ખયાલ હતો કે બાદમાં મસ્અલો પૂછી લઈશ, કેમ કે એના નાજાઈઝ હોવાનું યકીન ન હતું એટલે ખામોશી અપનાવી.

**૯.** એટલે કે જનાબત હકીકી નાપાકી નથી કે જેથી જુનુબી સાથે મુસાફો વગેરે મના હોય. યાદ રાખશો કે કાફિર પણ નાપાક નથી. કુર્આને કરીમમાં

જે મુશ્રિકોને નાપાક ફર્માવવામાં આવ્યા એનાથી અક્‍ીદાઓની ગંદકી (નાપાકી) મુરાદ છે. આ હદીષથી કેટલાક મસાઈલ જાણવા મળ્યા : જુનુબીનો પરસેવો કે એઠુ નાપાક નથી. બીજુ એ કે જનાબતના ગુસ્લમાં મોડુ કરવું જાઈઝ છે. ત્રીજુ એ કે જનાબતની હાલતમાં જરૂરી કામકાજ કરવું જાઈઝ છે. ચોથુ એ કે જુનુબી સાથે મુસાફો, મુઆનિકો બલ્કે તેની સાથે લપેટાવું જાઈઝ છે.

**૧૦.** સાવચેતી પૂરતુ એવું સમજીને કે કદાચ જુનુબી પર હક્‍ીક્‍ી નાપાકીના હુકમો લાગુ હોય.

**૧૧.** તો શું એ વખતે ગુસ્લ કરું કે સવારે ? તે એવું સમજ્યા હતા કે કદાચ તરત જ ગુસ્લ વાજિબ છે, અને ક્યારેક તરત જ ગુસ્લ કરવું મુશ્કેલ હોય છે.

**૧૨.** આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે, કેમ કે વુઝૂ કરીને સૂવું સુન્નતે મુસ્તહબા છે. વિના વુઝૂએ સૂવું ન હરામ છે ન મકરૂહ. *(મિર્કાત વગેરે)*

**૧૩.** આ પણ સુન્નતે મુસ્તહબા છે ઉલમા ફર્માવે છે કે **જનાબતની હાલતમાં વુઝૂ વિના ખાવું પીવું રોજીને ઘટાડે છે.**

**૧૪.** આ પણ સુન્નતે મુસ્તહબા છે. બેહતર તો એ છે કે દરેક વખતે ગુસ્લ કરે, પરંતુ કેવળ વુઝૂ પણ જાઈઝ અને વિના વુઝૂ પણ દુરૂસ્ત. વચ્ચે પાકી હાંસલ કરવાથી લિજ્જત, તંદુરસ્તી, શક્તિ સર્વ કાંઈ હાંસલ થાય છે.

**૧૫.** એટલે કે કેટલીક બીવીઓની પાસે તશરીફ લઈ જતા અને સૌથી છેલ્લે ગુસ્લ કરતા. જાહેર એ છે દરમિયાનમાં વુઝૂ કરતા હશે. યાદ રાખશો કે હુઝૂરની બીવીઓ હઝરત ખદીજહ, આઈશા, હફસા, ઉમ્મે હબીબા, ઉમ્મે સલ્મા, સૌદા, ઝયનબ ઉમ્મે મસાકીન, ઝુવૈરિયહ, સફિય્યહ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن છે જેમાં હઝરત ખદીજાની મૌજૂદગીમાં કોઈની સાથે નિકાહ કર્યો ન હતો. તેમજ આપના માથે બીવીઓ વચ્ચે અદ્‌લ વાજિબ ન હતો, પોતાના તરફથી અદ્‌લ કરતા હતા, એટલા માટે એક રાતમાં સર્વ અઝવાજની પાસે તશરીફ લઈ ગયા, નહીં તો આપણે એકની વારીમાં બીજી પાસે જવું દુરુસ્ત નથી. અમુકે ફર્માવ્યું કે હુઝૂર ﷺ વારીવાળીની ઈજાઝતથી આ અમલ કરતા હશે, પણ એ દુરુસ્ત નથી. *(મિર્કાત વગેરે)*


**૧૦ રૂા. ટપાલ ટિકિટ મોકલી અણમોલ કિતાબ મંગાવો**

(કિતાબનું નામ) **વસીલા** (પેજીસ–૩૨)

અઝ : **શયખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની**

પ્રકાશક : મોહદ્દિષે આ'ઝમ મિશન (ગુ.પ્ર. મિર્ઝાપુર બ્રાન્ચ)

૧૫– પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિર્ઝાપુર–અહમદાબાદ

મો. ૯૭૧૨૧૯૮૪૪૧, ૮૭૩૫૯૪૨૩૪૬ **નોંધ** : "વસીલા"ના વિષયમાં ઈમાન અફરોઝ ઉર્દૂ બયાનનું લિપિયાંતર ગુજરાતીમાં પ્રસ્તુત કિતાબમાં રજૂ થયેલ છે. કુર્આન, હદીષ, સહાબા તથા અવલિયાના અહ્‌વાલ તથા અમલોને સુંદર કડીમાં પરોવીને ઈમાનની પુખ્તગી કરતી આ કિતાબ પ્રસિધ્ધ થયેલ છે, એને જરૂરથી મંગાવો, વાંચો વંચાવો. વધુ માટે પ્રકાશકના સરનામે કે ફોન પર સંપર્ક કરશો. *–તંત્રી*



**ગૌષિયા તક્વીમ લેમિનેટેડ**

**(કેલેન્ડર ટાઈપ)**

*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૩૦૦/–** (કુરિયર ખર્ચ : રૂા. ૫૦/–)

**રઝવી કિતાબ ઘર**, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

**(માહે મુહર્રમુલ હરામ હિ.સ.૧૨૯૬ બીજો હજ્જ કર્યા બાદ મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા જવાના ઈરાદા પર લખી)**

**હાજીઓ ! આઓ ! શહનશાહકા રૌઝા દેખો**
**કા'બા તો દેખ ચુકે કા'બે કા કા'બા દેખા**

*(શહેનશાહ = બાદશાહોનો બાદશાહ)*

**અર્થાત :** હે હજ્જાજે કિરામ ! ખુશનસીબ છો કે તમને હજ્જની સઆદત નસીબ થઈ. તમે બયતુલ્લાહ શરીફના અન્વારો તજલ્લિયાતને પોતાના દામનમાં સમેટયા. હવે તમે મારી વાત સાંભળો ! ચાલો ! ચાલો ! તયબહ તરફ જઈએ ! તે બંને જહાનના શહેનશાહની બારગાહમાં જેણે કા'બાને સનમખાનાથી બયતુલ્લાહ તથા કિબ્લો બનાવ્યો છે. જો એ કા'બા છે અને યકીનન ! કા'બા છે, તો મદીનાના તાજદાર તો કા'બાના પણ કા'બા (કિબ્લા) છે.

જો કા'બાનો હજ કરવાનો હુકમ છે અને એનાથી ગુનાહોની બખ્શિશ થાય છે, અને હાજી (**كيوم ولدته امه**) એવો થઈ જાય છે કે આજે માના પેટથી પેદા થયો છે. એટલે ગુનાહોથી પાક થઈ જાય છે, તો મુસ્તફા ﷺના રોઝાની ઝિયારતનો કુર્આનમાં પણ હુકમ છે : **ولو انهم اذ ظلموا انفسهم جاؤك** "જ્યારે તમો તમારી જાનો પર જુલ્મ (ગુનોહ) કરો તો મારા મહબૂબની બારગાહમાં આવી જાવ....." *(સૂ. નિસાઅ્, આ. ૬૪, પારા : ૫)* અને હદીષમાં છે : **من زار قبري وجبت له شفاعتي** "જેણે મારી કબ્રની ઝિયારત કરી મારી શફાઅત તેના માટે વાજિબ છે." તથા બીજી હદીષમાં છે : **من حج البيت ولم يزرني فقد جفاني** "જેણે હજ્જ કરી અને મારી કબ્રની ઝિયારત ન કરી તેણે મારાથી જફા કરી." અને આ ઝિયારતથી હુઝૂરની શફાઅત નસીબ થાય છે, અને આ ઝિયારતથી મેહરૂમી બંને જહાનની નેકબખ્તીઓથી મેહરૂમી તથા બદબખ્તી છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના આ શેઅરમાં રોઝએ અન્વરને કા'બાનો કા'બા લખ્યો છે તો એમાં કોઈ શંકાને સ્થાન નથી, એ હકીકત જ છે. કા'બા જે અત્યારે સૌનો કિબ્લો છે તે સર્વનો કિબ્લો થવું હુઝૂરે અક્દસ ﷺના સદકા તથા તુફૈલથી જ છે. જેમ કે આ કિબ્લો જેની તરફ મોઢું કરીને આપણે નમાઝ પઢીએ છીએ તે પહેલાં એવો ન હતો, બલ્કે એનાથી પહેલાં કિબ્લો બયતુલ મુકદ્દસ હતો. અને હુઝૂર બયતુલ મુકદ્દસની તરફ મોં કરીને નમાઝ પઢતા રહ્યા. પણ હુઝૂરની મરજી એ હતી કે મારો કિબ્લો બયતુલ મુકદ્દસને બદલે કા'બાએ ઈબ્રાહીમી નિશ્ચિત થઈ જાય. જેમ કે **فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا** "અમે તમારી મરજીના પ્રમાણે કિબ્લો નિશ્ચિત કરી દઈશું." *(પારા–૨, રુકૂઅ–૧)* અને પછી ફર્માવ્યું : **فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ** "તમે તમારું મોં હમણા કા'બાની તરફ ફેરવી લો." *(પારા–૨, રુકૂઅ–૧)*

ખુદાનો ઈર્શાદ પામીને હુઝૂરે નમાઝની હાલતમાં જ પોતાનું મોઢું કા'બાની તરફ ફેરવી લીધું, તો એ જ વખતથી કા'બા આલમનો ક઼િબ્લો બની ગયો ! હાજીઓ મસ્જિદે ક઼િબ્લતૈનની ઝિયારત કરે છે આ ગુનેહગારે પણ કરી છે, એ મસ્જિદે ઉપરોક્ત આયત નાઝિલ થઈ અને હુઝૂરે બયતુલ મુક઼દ્દસની તરફ નમાઝ પઢતાં પઢતાં કા'બાની તરફ ચેહરો ફેરવી લીધો. *ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ! (ﷺ)*

**રુકને શામીસે મિટી વહશતે શામે ગુર્બત**
**અબ મદીનાકો ચલો સુબ્હે દિલારા દેખો**

*(રૂકને શામી = કા'બા શરીફનો ઉત્તર બાજુનો ખૂણો, વહશત = ભય, શામે ગુર્બત = સફરની રાત, સુબ્હે દિલારા = દિલને અમારા આપનારી રાત)*

**અર્થાત :** હે ખુશ ક઼િસ્મત હાજીઓ ! તમારા સફરની સર્વ તકલીફો તો રુકને શામીની ઝિયારતથી જો કે દૂર થઈ ચૂકી, પણ જો દિલને પાક, સાફ તથા ઉજ્જવળ બનાવવા ચાહો છો તો ચાલો ! મદીના તયબહની સુહાની સવારનો નઝારો કરો ! જે દિલોને હુઝૂર ﷺના નૂરની બરકતથી ઈમાનનું હુસ્ન અને તક઼વાનું અલંકાર અતા કરે છે.

આ શેઅરથી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મુલાકાતીઓને એ દર્શાવવા ચાહે છે કે તવાફ દરમ્યાન રુકને શામીથી સમય પૂરતો ભય તો જરૂર દૂર થઈ ગયો છે પણ દારૈન (બંનેવ જહાન)ની ગભરામણ દૂર કરવા માટે અને ક઼ાયમી દિલી સુકૂનના માટે મદીનાની હાજરી અકસીરે આ'ઝમ છે.

**આબે ઝમઝમ તો પિયા ખૂબ બુઝાઈ પ્યાસેં**
**આઓ જૂદે શહે કૌષર કા ભી દરયા દેખો**

*(જૂદ = સખાવત,અતા, શહે કૌષર = હૌઝે કૌષરના માલિક ﷺ)*

**અર્થાત :** હે હરમના ઝાઈરીન ! તમે મક્કા મુકર્રમામાં આબે ઝમઝબ પી પીને ખૂબ જ પ્યાસ બુઝાવી અને પોતાના દિલ તથા જાનને ઠંડા કર્યા, રૂહને સુથરી કરી, ઘણુ જ સારું કર્યુ. પરંતે હવે અહીં જ બેઠેલા ન રહો ! બલ્કે ચાલો મદીના ચાલો ! અને ત્યાં જઈને જુઓ, માલિકે કૌષર મુસ્તફા કરીમ ﷺના કરમનો સમુદ્ર કેવો મોજાં મારી રહ્યો છે. આપની બારગાહથી ભીખ પણ મળશે, સાથોસાથ દુઆ પણ મળશે, કાસા પણ મળશે અને ગદાઈ પણ મળશે. બીમારીઓ પણ દૂર થશે અને દરેક બીમારી, દુઃખદર્દથી શિફા પણ મળશે, કેમ કે મદીનાની માટીમાં શિફા છે.

શેઅરનો ભાવાર્થ એ છે કે આબે ઝમઝબથી પ્યાસ બુઝાય છે, બરકત હાંસલ થાય છે, બીમારીઓ દૂર થાય છે પણ માલિકે આબે કૌષરની બારગાહથી બંને જહાનોની નેઅમતો નસીબ થઈ જાય છે.

**ઝેરે મીઝાબ મિલે ખૂબ કરમ કે છીંટે**
**અબ્રે રહમત કા યહાં રોઝ બરસના દેખો**

*(અબ્ર = વાદળ)*

**અર્થાત :** હે હરમ શરીફના ઝાઈરો ! મીઝાબે રહમતમાં તમને રહમતની વર્ષાના અમુક છાંટાઓ નસીબ થયા હશે, એના પર તમે ઘણા જ ખુશ છો, અને થવું પણ જોઈએ. પણ કયા ઈંતેઝારમાં બેઠા છો ?! ઉઠો અને મદીના તરફ ચાલતા થઈ જાવ ! કેમ કે અહીં કદી કદી વરસાદ થાય છે, જ્યારે કે ત્યાં રહમતુલ્ લિલ્આલમીનના દરબારમાં દરેક વખતે રહમતની વર્ષા વરસતી રહે છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હે હાજીઓ ! મીઝાબે રહમતની નીચે તો જ્યારે કદીક વરસાદ પડે છે તો એટલી ભીડ થઈ જાય છે કે કોઈ કોઈને તો અડધો છાંટો નસીબ થઈ જાય છે. જ્યારે કે મદીના શરીફમાં તો જ્યાં પણ રહેશો દરેક સમયે રહમતવાળા આ'કાના સદકામાં તમારા પર રહમતોનો નુઝૂલ થતો રહેશે, કદી રિમઝિમ રિમઝિમ ફૂવારો તો કદી મૂશળાધાર વર્ષા !

**ધૂમ દેખી હે દરે કા'બાપે બેતાબોંકી**
**ઉન્કે મુશ્તાકોંમેં હસ્રતકા તળપના દેખો**

*(ધૂમ= હલચલ, ભીડભાડ, બેતાબ = બેક઼રાર, મુશ્તાક઼= તાલિબ, હસ્રત = આરઝૂ)*

હે ઝાઈરીન ! તમે કા'બાના દર પર આશિકોને કેવા બેચૈન તથા બેકરાર થઈને પોતાના ગુનાહોની માફી માગતા જોયા ?! એક બેખુદી તથા દીવાનગીની ધૂમધામ તથા હલચલ હતી. તો ચાલોને ! હવે અલ્લાહના રસૂલ ﷺના દર પર આવો ! અને જુઓ કે સરકારના અમુક દીવાનાઓ કેવી રીતે દરે અક઼દસ પર હસ્રતે દીદાર અને શોખની આરઝૂમાં તડપી રહ્યા છે ! અને અમુક ખુશનસીબ મુરાદ મળવા પર કેવા હુઝૂરની રહમત પર મચલી રહ્યા છે.

**મિષ્લે પરવાના ફિરા કરતે થે જિસ શમ્અ કે ગિર્દ**
**અપની ઉસ શમ્અકો પરવાના યહાંકા દેખો**

*(પરવાના = પતંગિયુ, શમ્અ = મીણબત્તી, ગિર્દ = આસપાસ)*

**અર્થાત** : હે હાજીઓ ! તમે જોયું કે લોકો કા'બાની આસપાસ કેવી રીતે તવાફ કરી રહ્યા હતા ! જાણે શમ્અની આસપાસ પરવાનાઓ છે ! પરંતુ જરા મદીના તો ચાલો ! અને જઈને પોતાની આંખો વડે જુઓ કે આ જ શમ્અ કેવી રીતે જમાલે મુસ્તફાનો પરવાનો બનેલી છે.

ઈમામે અહલે સુન્નત આ શેઅરથી એવું બતાવી રહ્યા છે કે જે રીતે હજ્જાજે કિ઼રામ ઠંડી, ગરમી તથા સફરના થાકની પરવા કર્યા વિના કા'બાની આસપાસ દીવાનાવાર તવાફમાં મગ્ન રહે છે. ખુદ કા'બા મોઅઝ્ઝમા ગુંબદે ખદ્દ્રાના વાલીનો ન કેવળ પરવાનો છે, બલ્કે દીવાનો પણ છે. જેમ કે રિવાયતમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺની વિલાદત થઈ તો કા'બા શરીફ (ખુશીમાં વજદ કરતાં) ત્રણ દિવસ અને ત્રણ રાત હરકત કરતો રહ્યો. આ'લા હઝરતે એ જ મોકા઼ના માટે શું સરસ કહ્યું છે ! :–

*તેરી આમદ થી કે બયતુલ્લાહ મુજરે કો ઝુકા–તેરી હયબત થી કે હર બુત થરથરાકર ગિર ગયા*

## રમઝાનુલ મુબારકમાં અહલે બયતની બારગાહમાં ખિરાજે અક઼ીદતના પ્રોગ્રામો

**દયાદરા** : ખાતે રમઝાન મુબારક ૩ તથા ૧૦ તથા ૧૭ના રોજ અનુક્રમે ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا તથા ઉમ્મુલ મોમિનીન હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہا તથા ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا તથા શોહદાએ બદ્ર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની બારગાહોમાં ખિરાજે અક઼ીદતના તૌર પર દરેક દિવસે અસરની નમાઝ બાદ મસ્જિદમાં દુરૂદ શરીફની મેહફિલ બાદ ખત્મે યાસીન શરીફ રાખવામાં આવેલ. હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) થકી ત્રણેવ દિવસો આ પાકીઝા હસ્તીઓની શાનમાં ઈમાન અફરોઝ બયાનો થયાં હતાં. તેમજ ૨૧ રમઝાન મુબારકના રોજ અસર બાદ મૌલાએ કાઈનાત હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ની શાન હઝરત સૈયદ નૂરાનીબાવા અઝીઝીની સદારતમાં હઝરત મૌલાના મુબારક હુસૈન અશરફી મછાસરવી સાહબનું ઈમાન અફરોઝ બયાન થયું હતું.

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

## અલ્ બાઈષ اَلْبَاعِثُ

## (બીજીવાર જીવંત કરનાર)

**સમજૂતી** : તે જ ક઼યામતના દિવસે તમામ મખ્લૂક઼ાતને જીવંત કરશે. તમામ ક઼બ્રવાળાઓ અને સીનામાં છુપાયેલ વાતોને જાહેર કરશે. 'બઅષ'નો મતલબ એ છે કે તે છેલ્લીવાર સૌને જિંદગી અતા ફર્માવશે. અલ્લાહની સિફત બાઈષનો મતલબ એ જ શખ્સ સારી રીતે સમજી શકે છે જે બઅષ તથા હશ્રો નશ્રના મતલબને સારી રીતે સમજી શક્તો હોય. દૃષ્ટિવાળાઓની નજીક આ વાત બિલ્કુલ સાફ છે કે ઈન્સાન હમેશાંના માટે પેદા કરવામાં આવ્યો છે, તેના સુધી ફનાનો કોઈ રસ્તો નથી. હા ! એ વાત જરૂર છે કે તેનો તસર્રુફ શરીર સાથેથી ક્યારેક કાપી નાખવામાં આવે છે, ત્યારે કહેવામાં આવે છે કે તે મોતની ગોદમાં ચાલ્યો ગયો. અને જ્યારે તેને બીજીવાર જિંદગી પાછી આપવામાં આવશે તો કહેવામાં આવશે કે તે જીવંત થઈ ગયો. તેને જ ''બઅષ'' કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક઼** : આ મુબારક નામથી ઈન્સાનોનો હિસ્સો ફક્ત એ જ થઈ શકે છે કે તે મખ્લૂક઼ને ઈલ્મે દીનનો ફાયદો પહોંચાડે અને અલ્લાહ તઆલાની તરફ દઅવત આપે. ઈલ્મ તથા ઈમાન વગર ઈન્સાન મુર્દા છે, તેને જે ઈલ્મ તથા દીનની જિંદગી અતા કરે છે તે જાણે કે તેને ઝિંદા કરે છે. અને અંબિયાએ કિ઼રામ عَلَيْهِمُ السَّلَام આવી જિંદગી અતા કરવા જ આ દુનિયામાં તશરીફ લાવે છે.

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

**يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ**

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહ વ રસૂલના બોલાવવા પર લબ્બૈક કહો, કેમ કે રસૂલ એના માટે બોલાવે છે જે તમને જીવન આપશે. *(સૂરએ અન્ફાલ, આ. ૨૪)*

એટલે કે નબી તમને એવી અઝીમ મુબારક તા'લીમાત આપવા બોલાવે છે જે તમારા માટે જિંદગી બખ્શનાર છે. અંબિયાએ કિરામ પછી ઓલમાએ રબ્બાની પણ આ જ કિરદાર અને મુક઼દસ ફરજ અંજામ આપે છે, તેમને પણ મજાઝન્ બાઈષ કહી શકાય છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلْبَاعِثُ **''અલ્ બાઈષ''**ના વિર્દથી આલમે ગયબના પર્દા ઉઠે છે. જે શખ્સ સૂવાના સમયે પોતાનો હાથ સીના પર રાખી ૧૦૦ વાર اَلْبَاعِثُ **''અલ્ બાઈષ''**નો વિર્દ કરશે. અલ્લાહ તઆલા તેના દિલને મુનવ્વર ફર્માવશે અને તેને ઈલ્મો હિકમતથી નવાઝશે.

## અશ્શહીદ الشَّهِيدُ

**દરેક વસ્તુનો મુશાહેદા (દીદાર) કરનાર**

**સમજૂતી** : મુબારક નામ العَلِيمُ **''અલ્ અલીમ''**ની જેમ શહીદ પણ છે. જ્યારે ઈલ્મની સાથે ગૈબી તથા આંતરિક મામલાઓ પણ મળી જાય તો તેને ''ખબીર'' કહે છે. અને જ્યારે બાહ્ય મામલા મળી જાય તો તેને શહીદ કહીશું. એટલે કે કામિલ ઈલ્મની સાથે તમામ મામલા મુશાહેદા (દર્શન)માં હોય તો એવા મુશાહિદને શહીદ કહેવામાં આવશે.

**દર્સ તથા સબક઼** : બંદા માટે મુબારક નામ الشَّهِيدُ **''શહીદ''**માં સબક઼ એ છે કે તે અલ્લાહ તઆલાની ઈબાદત એ રીતે કરે કે અલ્લાહ તેને જોઈ રહ્યો છે અને ઈબાદત દરમિયાન જે કલમાઓ ઝબાનથી નીકળતા હોય તેને સારી રીતે તે જાણતો હોય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખાસિયત એ છે કે તેના ઝિક્રથી બંદો બાતિલથી હક્કની તરફ પલ્ટે છે. નાફર્માન ઔલાદ તથા બીવીની પેશાની (કપાળ) પર સહેરીના સમયે અમુકવાર يَاشَهِيدُ **''યા શહીદ''**નો વિર્દ કરવામાં આવશે તો બન્નેવ સહીહ તથા નોર્મલ થઈ જશે.

## અલ્ હક્ક઼ الحَقُّ

**(હક઼ીક઼ત તથા હક્ક઼ાનિયતવાળો)**

**સમજૂતી** : તે વાજિબુલ વજૂદ ઝાત જેનો વુજૂદ જ હક઼ીક઼ી વજૂદ છે. બસ તે જ હક્ક઼ છે, તેના સિવાય બધા જ વજૂદ મજાઝી છે. હક્કનું વિરુદ્ધાર્થ બાતિલ છે. નબીએ કરીમ ﷺ એ લબીદ બિન રબીઅહ આમિરીના આ શેઅરને અરબોમાં સૌથી સારો શેઅર ગણાવ્યો. અર્થ :–

''અલ્લાહ તઆલા સિવાય દરેક વસ્તુ બાતિલ છે, દરેક નેઅમત તથા સુખ ચૈન ખત્મ થનાર છે.''

એવી દરેક વાજબી વાત જે દરેક રીતે બુદ્ધિ પ્રમાણે હોય તેને પણ હક્ક઼ કહેવામાં આવે છે. અક઼વાલ પર પણ હક્ક઼ તથા બાતિલનો ઈત્લાક઼ (બોલવામાં આવે) થાય છે.

**દર્સ તથા ખાસિયત** : બંદા માટે આમાં પાઠ એ છે કે તે પોતાને ગલત વજૂદની જેમ સમજે અને યક઼ીન રાખે કે અલ્લાહ સિવાય કોઈ વસ્તુનો ક઼રાર તથા વજૂદ નથી, એટલા માટે કે કોઈ ચીજ ખુદ વજૂદમાં નથી આવી બલ્કે અલ્લાહના વજૂદ આપવાથી વજૂદમાં આવેલ છે.

સૂફિયાએ કિરામમાં ફનાફીલ્લાહનું સત્વ ગાલિબ રહે છે એટલા માટે તેમની ઝુબાનો પર હક્ક઼ હક્ક઼ જારી રહે છે. તે ઝાતે હક઼ીક઼ીને મુલાહેઝા (પરખે) કરે, તેના સિવાય દરેક ચીજને ફાની સમજે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : તેની ખાસિયતમાંથી છે કે એક ચોરસ કાગળના ચારેવ ખૂણા પર الحَقُّ **''અલ્ હક્ક઼''** લખવામાં આવે અને સહેરીના સમયે તેને હથેળીમાં રાખી તેને આસ્માનની તરફ બુલંદ કરવામાં આવે તો તેનાથી અલ્લાહ દરેક ગમથી નજાત અને દરેક સખ્ત કામમાં કામયાબી આપશે.

لا إِلٰهَ إِلا اللّٰهُ الحَقُّ المُبِينُ **''લાઈલાહ ઈલ્લલ્લાહુલ્ હક઼ુલ મુબીન''** જે શખ્સ દરરોજ ૧૦૦ વાર પઢવાની પાબંદી કરશે તેની ફક઼ીરી તથા નાદારી ખત્મ થઈ જશે અને તેની અન્ય બાબતો પણ આસાન થઈ જશે. અને જે શખ્સ દરરોજ ૧૦૦૦ વાર یا حق **''યા હક્ક઼''**નો વિર્દ કરશે તેના અખ્લાક઼ અને સ્વભાવમાં ઘણી ખુશગવાર તબદીલી અને બેહતરી આવશે.

ફવાઇદુસ્સાલિકીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

***(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)***

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

બુધના દિવસે હિ.સ. ૫૮૪ના કદમ બોસીનો શરફ હાંસલ થયો. કાઝી હમીદુદ્દીન તથા મૌલાના શહાબુદ્દીન અવશી અને મહમૂદ મૂઝાદૂઝ તથા ખ્વાજા તાજુદ્દીન ગઝનવી અને મૌલાના ફકીહ ખુદાદાદ અને સૈયદ નૂર દીન મુબારક ગઝનવી અને સૈયદ શરફુદ્દીન અને શમ્સુદ્દીન તુર્ક અને મૌલાના અલાઉદ્દીન કિર્માની અને કાઝી અમાદુદ્દીન અને મૌલાના ફખ્રુદ્દીન ઝાહિદ, આ નામવાળા કશ્ફો કરામતવાળા ખિદમતમાં હાજર હતા, અને સુલૂકના બારામાં ચર્ચા ચાલી રહી હતી. આ દરમ્યાન કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે એકવાર ઈમામુલ હરમૈન رحمۃ اللہ علیہ પોતાના યારોની સાથે બેઠા હતા એવામાં આપના પર હાલત છવાયી.

ઈમામુલ હરમૈન رحمۃ اللہ علیہએ ઝિક્રે ઈલાહી શરૂ કર્યું અને એમને અનુસરીને સર્વ બુઝુર્ગો જે ત્યાં મૌજૂદ હતા ઝિક્રે ઈલાહીમાં મશ્ગૂલ હતા અને તેમને પોતાની જાતની ખબર ન હતી અને દરેકના રુંવેથી લોહી વહેવું શરૂ થયું અને જે ટીપુ જમીન પર પડતુ એનાથી જમીન પર અલ્લાહનું નામનો નકશ પેદા થઈ જતો. અને ટીપાથી પણ ઝિક્રે ઈલાહી જારી થતું. જ્યારે ખ્વાજા સાહબે આ હિકાયત વર્ણવી તો સૌ વજદમાં આવી ગયા અને ઝિક્રમાં મશ્ગૂલ થઈ ગયા. અને એટલા પ્રમાણમાં ઝિક્ર કર્યો કે બેહોશ થઈ ગયા તો ખ્વાજા رحمۃ اللہ علیہએ આ રુબાઈ પઢી.

(અર્થ) : "તારું ખુશ ઝિક્ર હું દરેક જીભથી સાંભળુ છું અને તારા ગમની શરહ પોતાની જાતથી સાંભળુ છું. જ્યાં સુધી તારું કોઈ નામ ન લે અને હું સાંભળી ન લઉં ત્યાં સુધી હું તેને મારી પાસે બેસવા જ નથી દેતો."

મજલિસવાળાઓ ઝિક્રમાં ફરી મશ્ગૂલ થઈ ગયા અને એટલા પ્રમાણમાં ઝિક્ર કર્યો કે દરેકના રુંવાંએથી લોહી જારી થઈ ગયું અને ટીપુ જે જમીન પર પડતુ એનાથી "સુબ્હાનલ્લાહ"નો નકશ બની જતો અને ટીપાથી ઘણા જ બુલંદ અવાજની સાથે ઝિક્રે ઈલાહી નીકળતું. જ્યારે એ ઝિક્રથી ફારિગ થયા તો દુઆગો (ફરીદુદ્દીન ગંજશકર)એ કદમબોસી કરી. મારી એ નિય્યત હતી કે હું હાંસીની તરફ જાઉં. ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہની નજર દુઆગો પર પડી તો આંખોમાં આંસું ભરી લાવ્યા અને પછી મને સંબોધીને ફર્માવ્યું કે મૌલાના ફરીદ ! હું જાણુ છું કે તું જઈશ ! ફરી મેં કદમબોસી કરી અને અર્ઝ કરી, જો આપનો હુકમ હોય તો ! ફર્માવ્યું કે જા ! તકદીરે ઈલાહી એ પ્રમાણે છે કે આખરી સફરના સમયે તું અમારી સાથે ન હોય. પછી હાજરજનોને સંબોધીને ફર્માવ્યું કે આ ફકીરની દીની તથા દુનિયવી નેઅમતોની અધિકતાના માટે ફાતિહા તથા ઈખલાસ પઢો અને દુઆએ ખૈર કહો. પછી મને મુસલ્લો તથા અસા અતા ફર્માવ્યાં અને બે રકાત અદા કરી. અને ફર્માવ્યું કે બેસી જા ! કાલે જજે. ખ્વાજા સાહબના હુકમ પ્રમાણે બે રકાત અદા કરી અને

બેસી ગયો. ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ દુઆગોની તરફ સંબોધીને ફર્માવ્યું કે હું તમારી અમાનત એટલે સજ્જાદગી, નાલૈન, દસ્તાર અને ખિર્કો કાઝી હમીદુદ્દીન નાગોરીને આપી દઈશ. મારા ઈન્તેકાલ પછી પાંચમા દિવસે આવજે અને લઈ લેજે કેમ કે તારા જ માટે છે. જેવું કે ખ્વાજા સાહબે આવું કહ્યું તો મજલિસમાં આહોના અવાજો બુલંદ થયા. સૌએ ખ્વાજા સાહબના માટે દુઆ કરી. ત્યારબાદ ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે હું પોતે પણ મારા ખ્વાજા શૈખુલ ઈસ્લામ ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہના (વિસાલ)ના સમયે હાજર ન હતો, અને તેમણે ખૂદ સજ્જાદો એનાયત નથી કર્યો બલ્કે મને પણ આ જ રીતે મળ્યો હતો. જેવું કે મેં તમારી સાથે કર્યું છે.

પછી ફર્માવ્યું કે મુરીદ પર લાઝિમ છે કે પોતાના પીરના તરીકા પર અડગ રહે અને એનાથી રજમાત્ર પણ ન વધે જેથી કયામતમાં શર્મિંદો ન થાય. પછી ખૌફના બારામાં વાતચીત શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખૌફે ઈલાહી કોરડો છે જે બેઅદબોના માટે મુકર્રર કર્યો છે જેથી કરીને જે શખ્સ બેઅદબી કરે એને ફટકારે, ત્યાં સુધી કે ઠીક થઈ જાય.

પછી ફર્માવ્યું કે જે દિલમાં ખૌફે ઈલાહી હોય છે તેને ટુકડા ટુકડા કરી આપે છે. ફર્માવ્યું કે એકવારની વાત છે કે ખ્વાજા સુફયાન ષૌરી رحمۃ اللہ علیہને એક તકલીફ હતી. હારૂન રશીદે એક અગ્નિપૂજક તબીબને બોલાવ્યો જે સૌથી શ્રેષ્ઠ તબીબ હતો. જ્યારે નજીક આવીને ખ્વાજા સુફયાન ષૌરીના સીના પર હાથ રાખ્યો તો ના'રો મારીને બેહોશ થઈ ગયો અને ગબડી પડયો. અને કહ્યું, સુબ્હાનલ્લાહ ! દીને મુહમ્મદીમાં આવા પણ મર્દ છે કે જેમનું દિલ ખુદાના ખૌફની ટુકડા ટુકડા થઈ જાય છે. તે તબીબે તરત જ કલ્મો પઢી લીધો અને મુસલમાન થઈ ગયો. જ્યારે આ ખબર હારૂન રશીદે સાંભળી તો કહ્યું, મેં તો ખયાલ કર્યો હતો કે તબીબને બીમારની પાસે મોકલ્યો છે, પણ મને ખબર ન હતી કે બીમારને તબીબની પાસે મોકલ્યો છે !

પછી ફર્માવ્યું કે અહલે સુલૂકનો કૌલ છે કે જો દુરવેશ દૌલતમંદીને ચાહે તો દૌલતમંદથી મહોબ્બત કરે, અને જો મહબ્બતે ઈલાહીનો ફખ્ર હાંસલ કરવા ચાહે છે તો પોતાની ખ્વાહિશોથી નાઉમ્મીદ થઈ જાય, ત્યારે જઈને એ મકામોને હાંસલ કરી શકશે, અને જો એવું નહીં કરે તો તેનું કામ બગડી જશે.

ત્યારબાદ મારી તરફ સંબોધીને ફર્માવ્યું કે હે ફરીદ ! તું દુનિયા તથા આખેરતમાં મારો યાર છે, પરંતુ ગાફેલ કદાપિ ન થતો ! કેમ કે અહલે સુલૂકનો કૌલ છે કે તરીકતનો માર્ગ અતિશય ડરામણો છે, જે શખ્સ આ માર્ગમાં કદમ રાખે છે તે જો અહલે સુલૂકના ફર્માનના પ્રમાણે અમલ ન કરે તો કદાપિ ખુદા રશીદા નથી થઈ શક્તો અને જ્યાં સુધી આજીજી અને ગમ સાથે અંદર આવવાની ઈજાઝત ન માગે તે કદાપિ સૈરાબ નથી થઈ શક્તો અને જ્યાં સુધી માથાભેર ન ચાલે તે બારગાહે ઈલાહીમાં નથી પહોંચી શક્તો.

પછી ફર્માવ્યું, ૮૦ વરસો સુધી સર્વ ઝબાનોથી દખલની ઈજાઝત ન માગી ત્યાં સુધી તેમણે ન આપી, અને સર્વ હાથો વડે જ્યાં સુધી દરવાજો ન ખટખટાવ્યો ત્યાં સુધી તેમણે ન ખોલ્યો. અને જ્યાં સુધી સર્વ કદમો વડે તેની રાહમાં ન ચાલ્યો ત્યાં સુધી હરગિઝ ઈજ્જતના મકામ પર ન પહોંચ્યો. ખુલાસો એ કે ઘણી જ આજીજી તથા ઈન્કેસારી તથા તકલીફો વેઠીને મંઝિલે મકસૂદ સુધી પહોંચ્યો છું. જેવા કે ખ્વાજા સાહબ કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ આ ફવાઈદ ખત્મ કર્યા, સર્વ હાજરીન ખુદાની બારગાહમાં સજદામાં પડી ગયા. આપે સૌને ઉઠાવ્યા. જ્યારે મારી વારી આવી તો મને બગલમાં લઈને રડયા અને આ મુબારક શબ્દો વડે ફર્માવ્યું, هٰذَا فِرَاقُ بَيْنِىْ وَبَيْنِكَ "જુદાઈ છે મારી અને તારી વચ્ચે !"

ત્યારબાદ ફર્માવ્યું કે ઈરાદતનો હક્ક પૂરો કર. અને કેમ કે આબો દાણાનું ખેંચાણ સખત છે, જા ! મેં તને ખુદાને સોંપ્યો અને કુર્બ તથા અઝમતના મકામ પર પહોંચાડયો.

જેવું કે આવું ફર્માવ્યું આલમે તહૈયૂરમાં મશ્ગૂલ થઈ ગયા અને દુઆગો પાછો ચાલ્યો આવ્યો. આ સુલૂકના તે ફવાઈદ છે જે અહલે જહાનના મખ્દૂમની જીભેથી સાંભળીને આ સંક્ષિપ્ત કિતાબમાં લખ્યા છે. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ □□□

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### ★ કુર્બાનીનું વર્ણન ★

કુર્બાની માલી ઈબાદત છે. જે દરેક ગની મુસલમાન પર વાજિબ છે. ખાસ લાયકાતવાળા જાનવરને ખાસ નિયુક્ત દિવસોમાં અલ્લાહના નામ પર સવાબની નિય્યતથી ઝબહ કરવામાં આવે તેનું નામ કુર્બાની છે.

દરેક તે મુસલમાન જે મુકીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

**મસ્અલો** :– જેમ પુરૂષ પર કુર્બાની વાજિબ છે તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે.

*–(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** :– મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. તેમ છતાં નફલ સમજીને કુરબાની કરે તો તેમ કરી શકે છે, તેનો સવાબ જરૂર મળશે.

*–(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** :– નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. અને બીજી રીતે સમજવામાં આવે તો તે એ છે જેની પાસે તેની જીવન જરૂરીયાત ઉપરાંત ૭ાા તોલા સોનું અથવા **પરાા તોલા ચાંદી** બરાબરનો માલ (રૂપિયા, સોનુ ચાંદી, વેપારનો માલ વગેરે મિલાવીને ગણતાં) હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે.

*–(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)*

**મસ્અલો** :– જે વ્યક્તિ ૨૦૦ દિરહમ અથવા ૨૦ દિનારનો માલિક હોય યા તો પોતાની જરૂરિયાત સિવાય અન્ય બીજી એવી કોઈ ચીજ કે જેની કિંમત ૨૦૦ દિરહમ થતી હોય તેનો માલિક હોય તો તે વ્યક્તિ ગની ગણાશે જેથી તેના પર કુર્બાની વાજિબ છે. *–(આલમગીરી વગેરે)*

### ★ કુર્બાનીનો સમય ★

ઝિલહજ્જ માહિનાની ૧૦ મી તારીખની સુબ્હ સાદિકથી લઈને ૧૨મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે ત્યારે કુરબાની આપી શકાશે. એટલે કે કુલ **ત્રણ દિવસ** અને **બે રાત્રિ.** તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખે.

**મસ્અલો** :– કુર્બાની જો શહેરમાં કરવી હોય તો તે માટે જરૂરી એ છે કે ઈદની નમાઝ પછી જ કરવામાં આવે, જ્યારે કે ગામડામાં ઈદની નમાઝનો હુકમ નથી જેથી ઈદની નમાઝ પહેલાં સુબ્હ સાદિકના સમયથી કુર્બાની કરી શકાશે.

**મસ્અલો** :– કુર્બાની વાજિબ થએથી કુર્બાની જ કરવી જરૂરી ગણાશે. જો કોઈ એટલી જ કિંમત કે કિંમતનું જાનવર કુર્બાનીના બદલામાં સદકો આપી દેશે તો તેનાથી કુર્બાનીનો વાજિબ અદા થશે નહીં. *–(આલમગીરી વગેરે)*

**મસ્અલો** :– કુર્બાનીના દિવસો વીતી ગયા પછી કુર્બાની ફોત થઈ ગયેલી ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહિ. તેવી રીતે જો કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદકા તરીકે આપી દેવામાં આવે અથવા તો એક બકરીની કિંમત સદકા તરીકે આપી દેવામાં આવે.

*–(રદ્દુલ મુહ્તાર, આલમગીરી વગેરે)*

**મસ્અલો :–** કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી અથવા ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ગાય કે ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહિ. ભાગીદારીમાં કુર્બાની હોય તો તેમાં પણ જો કોઈ એક ભાગીદારનો હિસ્સો સાતમા હિસ્સાથી ઓછો હશે તો કોઈની પણ કુર્બાની સહીહ થશે નહીં. અને જો સાત ભાગીદાર હોય, હિસ્સા પણ ઓછા વધતા હોય પણ કોઈનો પણ હિસ્સો સાતમા ભાગથી ઓછો હોય તો તે જાઈઝ નથી.

**મસ્અલો :–** કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહિ પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે **અક઼ીકો કરનાર જો કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામેલ થઈ શકે છે** કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અક઼ીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. –*(રદ્દુલ મુહતાર)*

### ★ કુર્બાની કરવાની રીત ★

કુર્બાનીના જાનવરને ઝબહ કરતાં પહેલાં ઘાસચારો પાણી આપવું, પહેલાથી જ છરી તેજ કરી લેવી, જાનવરની સામે છરી તેજ નહીં કરવી. તે પછી જાનવરને ડાબી કરવટ પર એવી રીતે સૂવાડવું કે તેનું મોઢું ક઼િબ્લા તરફ રહે. ઝબ્હ કરનાર માણસ પોતાનો જમણો પગ જાનવરની કરવટ પર મૂકી તેજ છરીથી એકદમ જલ્દીથી ઝબહ કરી નાખે. ઝબહ કરતાં પહેલાં આ દુઆ પઢવી :–

**اِنِّیۡ وَجَّهۡتُ وَجۡهِیَ لِلَّذِیۡ فَطَرَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ حَنِیۡفًا وَّمَا اَنَا مِنَ الۡمُشۡرِکِیۡنَ اِنَّ صَلَاتِیۡ وَ نُسُکِیۡ وَمَحۡیَایَ وَمَمَاتِیۡ لِلّٰهِ رَبِّ الۡعَالَمِیۡنَ لَا شَرِیۡکَ لَهٗ وَبِذَالِکَ اُمِرۡتُ وَاَنَا مِنَ الۡمُسۡلِمِیۡنَ اَللّٰهُمَّ لَکَ وَ مِنۡکَ بِسۡمِ اللّٰهِ اَللّٰهُ اَکۡبَرُ**

**ઈન્ની વજ્જહતુ વજહીય લિલ્લઝી ફતરસ્સમાવાતિ વલઅર્દ હનીફંવ વમાઅના મિનલ મુશ્રિકીન. ઈન્ન સલાતી વનુસુકી વમહયાય વમમાતી લિલ્લાહિ રબ્બિલ આલમીન. લાશરીકલહુ વબિઝાલિક વઉમીરતુ વઅના મિનલ મુસ્લિમીન. અલ્લાહુમ્મલક વમિન્ક બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર.**

દુઆ પૂરી થતાંની સાથે જ છુરી ચલાવી જાનવરને ઝબ્હ કરી નાખવું. કુર્બાની પોતાના તરફથી હોય તો ઝબ્હ કર્યા પછી આ દુઆ પઢવી :–

**اَللّٰهُمَّ تَقَبَّلۡ مِنِّیۡ کَمَا تَقَبَّلۡتَ مِنۡ خَلِیۡلِكَ اِبۡرَاهِیۡمَ عَلَیۡهِ السَّلَام وَ حَبِیۡبِكَ مُحَمَّدٍ صَلَّی اللّٰهُ عَلَیۡهِ وَسَلَّمۡ**

**અલ્લાહુમ્મ તક઼બ્બલ મિન્ની કમા તક઼બ્બલ્ત મિન ખલીલિક ઈબ્રાહીમ અલૈહિસ્સલામ વહબીબિક મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.**

જો બીજાના તરફથી ઝબ્હ કર્યું તો **مِنِّی** **''મિન્ની'**ને બદલે **مِنۡ** **'મિન્'** બોલી તે વ્યક્તિનું નામ બોલવું જેના તરફથી કુર્બાની હોય. અને ઊંટ, ગાય, ભેંસ જેવું મોટું ભાગીદારવાળું જાનવર હોય તો જેટલા ભાગીદાર હોય તે બધાનાં નામ લેવાં. ઝબહ કરવામાં વધુમાં વધુ ચાર રગ અને ઓછામાં ઓછી ત્રણ રગ પહેલાં કાપવી, એથી વધુ કાપવું નહીં બલ્કે (જાનવર) ઠંડુ પડી ગયા પછી કાપવું તે પછી ખાલ ઉતારવી.

કુર્બાનીનું જાનવર જો જાતે ઝબહ ન કરી શકે તો કોઈ સુન્ની સહીહુલ અક઼ીદાથી ઝબહ કરાવે. **જો કોઈ બદઅક઼ીદા અને બેદીનથી જેમ કે વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, ક઼ાદયાની વગેરેથી કુર્બાનીનું જાનવર ઝબહ કર્યું તો**

**કુર્બાની થશે નહીં.** એવી જ રીતે **કદીપણ કોઈ બદમઝહબ અથવા બેદીનની સાથે હિસ્સો ન લે બાકી તમારી કુર્બાની પણ બેકાર થઈ જશે** અને ગુનાહનો ભાર તમારા ઉપર આવશે એ અલગ. ખયાલ રહે કે **કુર્બાનીનો ગોશ્ત વગેરે કાફિર, મુશ્રિકને દેવું મના છે.**

*–(ફતાવા રઝવિય્યહ શરીફ, ફતાવા ફયઝુર્રસૂલ)*

**મસ્અલો :–** જો બીજા માણસ પાસે ઝબ્હ કરાવવામાં આવે તો ઝબહ કરતી વેળા ખૂદ કુર્બાની કરાવનાર હાજર રહે તો બેહતર છે.

## ★ ગોશ્ત અને ચામડુ ★

જો જાનવર ભાગીદારીનું હોય તો ગોશ્તનો આશરો કાઢીને નહીં બલ્કે તોલીને ભાગ કરી વહેંચવું. બાકી આશરાથી વહેંચ્યુ અને કોઈ ભાગીદારને વધારે ગોશ્ત મળ્યો તો બીજાના માફ કરવાથી પણ તે જાઈઝ ગણાશે નહિ. કારણ કે દરેકનો હક જરૂરી છે. *–(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

ત્યાર પછી પોતાના હિસ્સાના ત્રણ ભાગ કરી એક ભાગ ફકીરોને આપે, એક ભાગ દોસ્ત–બિરાદરોને અને એક ભાગ પોતાના ઘર માટે રાખે. તેમાંથી પોતે પણ ખાય પોતાનાં બાળકો પણ ખાય. જો મોટુ કુટુંબ હોય તો પોતાના ઘર માટે બધો ગોશ્ત પણ રાખી શકે છે, તેવી જ રીતે ચાહે તો બધો જ ગોશ્ત સદકા તરીકે વહેંચી પણ શકે છે, જો કે બેહતર તો એ છે કે એક ભાગ પોતાના માટે રાખી લે.

**મસ્અલો :–** કુર્બાની મૈયત તરફથી કરી હોય તો તેના ગોશ્ત અંગે પણ હુકમ તો એ જ છે, તેમ છતાં **મરનાર તરફથી કુર્બાની કરવાની વસિયત હોય તો** તેવી હાલતમાં તમામ ગોશ્ત સદકો કરી દેવો. *(અને આમ જ સવાબ અર્થે કુર્બાનીમાં નામ મરનારનું રાખ્યું હોય તો સૌ ખાય શકે. –તંત્રી)*

**મસ્અલો :–** કુર્બાની કરનાર (જેની હોય તે) સૌથી પહેલાં પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાય એ મુસ્તહબ છે. *–(બહરૂર્રાઈક)*

**મસ્અલો :–** કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો નહિ કેમ કે ભારતના કાફિરો ઝિમ્મી નથી હર્બી છે.

**મસ્અલો :–** ચામડુ, દોરડુ, હાર, ઝોલો એ બધું સદકો કરી દેવું. જો કે ચામડાને પોતાના ઉપયોગમાં પણ લાવી શકે છે. દા.ત. મુસલ્લો, પાણી પીવાની ડોલ, પાથરણુ વગેરે બનાવી શકે છે. પરંતું વેચીને તેના નાણાં પોતાના માટે વાપરવાં જાઈઝ નથી. જો વેચી દીધું તો તેના નાણા સદકો કરી દેવાં વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો :–** ઘણા લોકો કુર્બાનીની ખાલ ધાર્મિક મદ્રસામાં આપી દેતા હોય છે એ આપવું જાઈઝ છે. ચામડું ન આપે અને મદ્રસામાં આપવાની નિય્યતથી વેચી દઈ તેની ઉપજેલી બધી કિંમત મદ્રસામાં આપી દે તો તે પણ જાઈઝ છે. *–(આલમગીરી, બહારે શરીઅત) (મસ્જિદ, મદ્રસા કે કોઈ જાઈઝ કામમાં આપી શકે છે. –તંત્રી)*

**મસ્અલો :–** કુર્બાનીનો ગોશ્ત કે ચામડુ કસાઈને કે ઝબ્હ કરનાર વ્યક્તિને તેના મહેનતાણામાં આપવું જાઈઝ નથી. હા, દોસ્ત બિરાદરોની જેમ ભેટ નઝરાણા તરીકે આપી શકે છે. જો કે તેને પણ કોઈ મહેનતાણા પેટે કે બદલામાં ગણવામાં ન આવે. *–(હિદાયા વગેરે)*

**મસ્અલો :–** કુર્બાનીનું ચામડુ, મસ્જિદના ઈમામને પગારના બદલામાં નહિ બલ્કે મદદ તરીકે આપ્યું તો તેમાં કાંઈ વાંધો નથી. *–(બહારે શરીઅત)*

## ★ કુર્બાનીનું જાનવર ★

**મસ્અલો :–** ઊંટ, ગાય, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) **ખસીવાળુ** કે **ખસી વગરનું** એ દરેકની કુર્બાની થઈ શકે છે. *–(આલમગીરી)*

**મસ્અલો :–** ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી

કરતાં **અફઝલ** છે. તબીય્યિનુલ હક઼ાઈક઼ શરહે કન્ઝુદ્દક઼ાઈક઼માં છે : (અર્થ) : ''ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે **ખસ્સીની કુર્બાની અફઝલ** છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે.'' એ જ અર્થમાં ગુરરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહ્‌રમાં છે. વલ્લાહુ તઆલા અઅ્‌લમ. *(ફતાવા અમજદિયા, ભાગ–૩, પેજ–૩૦૪)*

**મસ્અલો :–** જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શક્શે નહીં. *–(આલમગીરી)*

**મસ્અલો :–** દુમ્બો એ ઘેટાંની જાતમાં ગણી શકાશે.

**મસ્અલો :–** ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરનાં હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુંબાનું છ માસનું બચ્ચુ એટલું મોટુ હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. *–(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો :–** કુર્બાનીનું જાનવર મોટુ, તાજુ, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુર્બાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુર્બાની જાઈઝ નથી. *–(દુર્રે મુખ્તાર,)*

**મસ્અલો :–** જે જાનવરને જન્મથી જ શિંગડા ન હોય તેની કુર્બાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુર્બાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલાં શિંગવાળા જાનવરની જાઈઝ છે. *–(આલમગીરી વગેરે)*

**મસ્અલો :–** આંધળું, લૂલુ, લંગડુ, કાણુ, એકદમ દૂબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખન્સા (જેનામાં નર–માદાની બંને નિશાની હોય), જે જાનવર ફક્ત ગંદુ (નાપાક) જ ખાતુ હોય એવાં દરેક જાનવરની કુર્બાની જાઈઝ નથી. *–(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો :–** કુર્બાની કરતી વેળા જાનવરના ઉછળવા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડ ખામી આવી ગઈ છતાં તેની કુર્બાની જાઈઝ છે. *–(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો :–** કુર્બાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબહ કરી દેવું અને જો મરેલું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશ્તને કામમાં લઈ શકાશે. *–(બહારે શરીઅત)*

**મસ્અલો :–** બીમારી સાધારણ હોય અને લંગડાપણું એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુર્બાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું **ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય** તેવા જાનવરની કુર્બાની જાઈઝ છે. *–(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

**મસ્અલો :–** જાનવર ખરીદયા પછી અને કુર્બાની કર્યા પહેલાં બચ્ચું જન્મયું તો તે બચ્ચાને પણ ઝબહ કરી દેવું, કુર્બાનીના દિવસોમાં જો તેને ઝબહ ન કર્યું તો તેને જીવતું જ સદક઼ા તરીક઼ે આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદક઼ો કરી દેવી. *–(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો :–** આપણા આક઼ા વ મૌલા તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મતે મર્હૂમાના તરફથી ખુદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં, તો આપણામાંથી જેનાથી થઈ શકે તેણે હુઝૂર ﷺના તરફથી કુર્બાની આપી તો એ ઘણી જ ખુશનસીબી ગણાશે. *–(બહારે શરીઅત)*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ પોતાના તરફથી ન કરતાં, બીજાઓને નામે કુર્બાની કરવી ★

કેટલાક લોકો જેની ઉપર માલદાર સાહબે નિસાબ (નિસાબના માલિક) હોવાને સંબંધે કુર્બાની કરવું વાજિબ હોય છે તેઓ કુર્બાની કરતી વખતે પોતાનું નામ લેવાને બદલે પોતાના મા બાપ અથવા બુઝુર્ગાને દીનનું નામ લઈને તેઓની તરફથી કુર્બાની કરે છે, જો કે ગલત છે. જેના ઉપર જે વરસે કુર્બાની વાજિબ છે તેઓ તેના નામથી કુર્બાની કરે. જો દર વરસે વાજિબ છે તો દર વરસે પોતાના નામથી જ કુર્બાની કરે. ત્યારબાદ જો હૈસિયત હોય તો મોટા જાનવરમાં હિસ્સો રાખીને અથવા બીજા જાનવરની બુઝુર્ગાને દીન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી અથવા પોતાના જીવતા અથવા મૃત્યુ પામેલા મા બાપ તરફથી કુર્બાની કરે. હુઝૂર ﷺના નામથી કુર્બાની કરવામાં ઘણી જ ફઝીલત છે, પરંતુ જ્યારે પોતાના ઉપર કુર્બાની વાજિબ છે તો આ ફઝીલતો તેના માટે જ છે જે પહેલાં પોતાની તરફથી કુર્બાની કરે, નહીંતર તેના ઉપર કુર્બાની ન કરવાનો ગુનાહ થશે.

## ★ કવ્વાલીનો શરઈ હુકમ ★

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! આજકાલ બુઝુર્ગાને દીનના મઝારાત પર તેમના ઉર્સના નામે ઘણી જ ધીંગા મસ્તીઓ થઈ રહી છે અને પોતાની રંગ રેલીઓ મનાવવા માટે વાજાં, તમાશા અને સ્ત્રીઓની છેડછાડની મજા માણવા માટે અલ્લાહવાળાઓના મઝારાતનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવા લોકોને ન તો ખુદાનો ખૌફ છે અને ન તો મૌતની ફિક્ર છે અને ન તો જહન્નમનો ડર છે. જો આવા લોકો મોજ મસ્તીઓ, ઢોલ, નગારાઓ, વાજાંઓ, વાજિંત્રોની સાથે કવ્વાલીઓ વગેરે મઝારાતથી દૂર કરતા હોત અને ઉર્સનું નામ લઈને ન કરતા હોત તો ઓછામાં ઓછું ઈસ્લામ અને ઈસ્લામવાળા બુઝુર્ગો બદ્નામ ન થાત, પરંતુ આ જ લોકો ગુનેહગાર થાત.

આજે કાફિરો અને મુશ્રિકો આ પ્રમાણે કહેવા લાગ્યા છે કે, ઈસ્લામ મઝહબ પણ બીજા મઝહબોની જેમ નાચ ગાન, તમાશા, બેપર્દા સ્ત્રીઓને સ્ટેજ પર લાવીને બેશર્મીનો દેખાડો કરવાવાળો મઝહબ છે ! જેથી કાફિર લોકોની ઈસ્લામ કૂબૂલ કરવાની જે ઝડપ હતી તેમાં ઘણી જ કમી આવી ગઈ છે.

ઈસ્લામ ધર્મમાં ઢોલ, વાજાં અને વાજિંત્રો હમેશાં માટે હરામ રહ્યાં છે. બુખારી શરીફની હદીષ છે, (અર્થાત) : "જરૂર મારી ઉમ્મતમાં એવા લોકો થનાર છે, જેઓ વ્યભિચાર, રેશમી કપડાં, શરાબ અને ઢોલ-વાજાંઓને હલાલ ઠેરવશે." *(સહીહ બુખારી, ભાગ : ૨, કિતાબુલ અશ્રુબા, પેજ : ૮૩૭)*

એક બીજી હદીષમાં હુઝૂર નબીએ કરીમ ﷺએ કયામતની નિશાનીઓનું વર્ણન કરતાં ફર્માવ્યું, (અર્થાત) : "કયામતની નજીક નાચવા, ગાવાવાળીઓ અને વાજાં, વાજિંત્રો વધી જશે. *(તિર્મિઝી શરીફ, મિશ્કાત શરીફ, બાબે ઈશ્રાતુસ્સાઅ, પેજ : ૪૭૦)*

ફતાવાએ આલમગીરીમાં છે, (અર્થાત) : "સમાઅ, કવ્વાલી, (વજ્દને નામે થતો) નાચ જે

આજકાલના કહેવાતા સૂફીઓમાં પ્રચલિત છે એ હરામ છે. તેમાં હાજરી આપવી જાઈઝ નથી." *(ફતાવાએ આલમગીરી, કિતાબુલ કરાહિયા, પેજ : ૩૫૨)*

આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہનો ફત્વો અરબો અજમમાં માનવામાં આવે છે. તેમણે વાજિંત્રોની સાથે કવ્વાલીને તેમની કિતાબોમાં ઘણી જ જગ્યાએ હરામ લખેલ છે. કેટલાક લોકો કહે છે, "વાજિંત્રો સાથે કવ્વાલી ચિશ્તિયા સિલસિલામાં પ્રચલિત અને જાઈઝ છે" ચિશ્તી બુઝુર્ગો પર આ લોકોનો આ સરાસર આક્ષેપ છે. બલ્કે તે બુઝુર્ગોએ પણ વાજિંત્રોની સાથે કવ્વાલી સાંભળવાને હરામ ફર્માવેલ છે. સૈયદના મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા દહેલ્વી رحمۃ اللہ علیہએ તેમના ખાસ ખલીફા સૈયદના ફખરૂદ્દીન ઝરદારીથી "સમાઅ્"ના મસ્અલા વિશે એક રિસાલો (પુસ્તિકા) લખાવ્યો, જેનું નામ "કશ્ફુલ કનાઅ અન ઉસૂલિસ્ સમાઅ" છે તેમાં સાફ લખેલ છે :–

(અર્થાત) : "અમારા બુઝુર્ગોનો સમાઅ આ વાજિંત્રોના આક્ષેપથી મુક્ત છે. (તેમના સમાઅ તો આ છે) માત્ર કવ્વાલીનો અવાજ તે શાયરીઓની સાથે હોય, જે અલ્લાહ તઆલાની કારીગરીની ખૂબીઓ દર્શાવતા હોય."

કુત્બલ અકતાબ સૈયદના ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہના મુરીદ અને સૈયદના મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન દહેલ્વી رحمۃ اللہ علیہના ખલીફા સૈયદના મુહમ્મદ બિન મુબારક અલ્વી કિર્માની رحمۃ اللہ علیہ તેમની મશ્હૂર કિતાબ "સૈયરુલ અવલિયા"માં લખે છે કે હઝરત સુલ્તાનુલ મશાઈખ قدس سرہએ ફર્માવ્યું :–

(અર્થાત) : મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન દહેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, કેટલીક શરતોની સાથે સમાઅ્ હલાલ છે :–

**૧.** સંભળાવવાવાળા મર્દે કામિલ હોય, નાનો છોકરો કે સ્ત્રી ન હોય.

**૨.** સાંભળવાવાળા ખુદાની યાદથી ગાફેલ (દૂર) ન હોય.

**૩.** જે કલામ (અશ્આર) પઢવામાં આવે તે ગંદો, બેશરમીવાળો અને મઝાકીયા અંદાજમાં ન હોય.

**૪.** સમાઅના સાધનો, સારંગી, વાજિંત્રો અને રૂબાબથી પાક (મુક્ત) હોય. *(સયરુલ અવલિયા, ભાગ : ૯, દર સમાઅ વ વજ્દ વ રકસ, પેજ : ૫૦૧)*

આ સિવાય "સયરુલ અવલિયા" શરીફમાં એક બીજી જગ્યા પર છે કે એક શખ્સે હઝરત મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہથી પૂછ્યું, આ દિવસોમાં (ઉર્સના દિવસોમાં) કેટલાક આસ્તાનાવાળા દુરવેશોએ એવી સભામાં જ્યાં ચંગ (સિતાર જેવું વાજિંત્ર) અને રૂબાબ (સારંગી જેવું વાજિંત્ર) તથા બીજા વાજિંત્રો હતાં, ત્યાં રક્સ (નાચ) કર્યો. તો હઝરતે ફર્માવ્યું કે, "તેઓએ સારું કામ ન કર્યું, જે વસ્તુ શરીઅતમાં નાજાઈઝ છે તે નાપસંદીદા છે, તે પસંદ કરવાને લાયક નથી." તેના પછી કોઈએ જણાવ્યું કે જ્યારે આ જમાઅતના લોકો બહાર આવ્યા તો લોકોએ તેમને પૂછ્યું કે તમોએ આ શું કર્યું ?! ત્યાં તો વાજિંત્રો હતાં ! છતાં તમોએ સમાઅ્ કેમ સાંભળ્યું અને રક્સ (નાચ) કર્યો ?! તેમણે જવાબ આપ્યો કે અમે લોકો સમાઅમાં એટલા બધા તલ્લીન થઈ ગયા હતા કે અમને એ ખબર જ ન પડી કે અહીંયાં વાજિંત્રો છે કે નહીં ?! હઝરત શૈખુલ મશાઈખએ ફર્માવ્યું, **"આ કોઈ જવાબ નથી. આ પ્રમાણે તો દરેક ગુનેહગાર, હરામ કરનાર કહી શકે છે."** *(સયરુલ અવલિયા, ભાગ : ૯, પેજ : ૫૩૦)*

સ્પષ્ટતા એ જ કે માણસ ઝિના (વ્યભિચાર) કરશે અને કહી દેશે કે હું બેહોશ હતો, મને ખબર નથી કે મારી પત્ની છે કે અન્ય સ્ત્રી, શરાબી કહેશે કે મને ભાન ન રહ્યું કે શરાબ પીધો કે શરબત. વધુમાં

એ જ હઝરત સૈયદોના મહબૂબે ઈલાહી નિઝામુલ હક્ક رحمۃ اللہ علیہના બોધવચનો ઉપર આધારિત તેમના જ મુરીદ અને ખલીફા હઝરત ખ્વાજા અમીર હસન અલાની શંજરી લિખિત કિતાબ "ફવાઈદુલ ફવાદ શરીફ"માં છે, (અર્થાત) : "હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ખિદમતમાં એક વ્યક્તિ આવ્યો અને બતાવ્યું કે ફલાણી જગ્યાએ આપના મુરીદોએ મહેફિલ જમાવી છે અને તેમાં મઝામીર (વાજિંત્રો) પણ હતાં. હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ આ વાતને પસંદ ન ફર્માવી, અને ફર્માવ્યું કે મેં મના કરી છે કે મઝામીર (વાજિંત્રો) વગેરે હરામ વસ્તુઓ ત્યાં હોવી જોઈએ નહીં. તે લોકોએ જે કાંઈ કર્યું છે તે સારું કર્યું નથી, અને આના વિશે વારંવાર કહેતા રહ્યા. ત્યારબાદ હઝરતે ફર્માવ્યું, "જો કોઈ (વ્યક્તિ) કોઈ જગ્યાએથી પડે તો શરઅ (શરીઅત)માં પડશે અને જો કોઈ શરઅથી પડશે તો ક્યાં પડશે ?!" *(ફવાઈદુલ ફવાદ, ભાગ : ૩, મજલિસ : પાંચમી, પ્રકાશન : ઉર્દૂ એકેડમી દિલ્હી, પેજ : ૫૧૨, ભાષાંતર : હઝરત ખ્વાજા હસન નિઝામી)*

મુસલમાનો ! જરા વિચારો ! આ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન દહેલ્વી رحمۃ اللہ علیہનો ફત્વો છે જે તમે ઉપર વાંચ્યું. આ અકવાલ (કથનો)ના હોવા છતાં શું કોઈ એવું કહી શકે છે કે ખાનદાને ચિશ્તિયામાં વાજિંત્રોની સાથે કવ્વાલી જાઈઝ છે ?! હા, આ પ્રકારની વાત એવા લોકો કહેશે કે જે ન ચિશ્તી છે, ન કાદરી છે, તેમને તો મોજશોખ અને લિજ્જતો જોઈએ.

**અને હવે જ્યારે બધા કવ્વાલ બેનમાઝી અને ફાસિક અને ફાજિર છે, બલ્કે ત્યાં સુધી કે અમુક તો શરાબી હોવાનું સાંભળવામાં આવ્યું છે. ત્યાં સુધી કે સ્ત્રીઓ અને કિશોર વયના યુવાનો પણ ચાલી નીકળ્યા (કવ્વાલી ગાવા માટે) છે. એવા માહોલમાં આ કવ્વાલીઓને ફક્ત તે જ જાઈઝ કહેશે જેને ઈસ્લામ અને કુર્આન, મઝહબ અને ઈમાનથી કોઈ મહોબ્બત ન હોય અને હરામકારી, બેશરમી, બદ્કારી તેના લોહીમાં ભળી ગયેલ હોય. અને કુર્આન અને હદીષના હુકમોની તેને કોઈ પરવા ન હોય. શું આનું જ નામ "ઈસ્લામ પસંદગી" છે કે મુસલમાન સ્ત્રીઓને લાખોની ભીડમાં લાવીને તેનાં નાચગાન કરાવવામાં આવે અને પછી આવા તમાશાઓનું નામ, "ઉર્સે બુઝુર્ગાને દીન" રાખવામાં આવે ?! કાફિરોની સામે મુસલમાનો અને ઈસ્લામ ધર્મને ઝલીલ અને બદ્નામ કરવામાં આવે ?!**

કેટલાક લોકો કહે છે કે કવ્વાલી એહલ (લાયક) માટે જાઈઝ અને નાએહલ (લાયક ન હોય)ને માટે નાજાઈઝ છે. એવા લોકોને અમે પૂછીએ છીએ કે આજકાલ જે કવ્વાલીઓની મહેફિલોમાં જે લાખોની ભીડ ભેગી થાય છે, શું તે બધા એહલુલ્લાહ અને અસ્હાબે ઈસ્તિગરાક છે ? જેમને દુનિયા અને સામાને દુનિયાનો જરા પણ હોશ નથી ?! જેઓને ખુદાની યાદ અને ખુદાના ઝિક્રથી એક ઘડીની પણ ફુરસદ નથી ?! (એવા છે ?)

ઘસઘસાટવાળી ઊંઘ અને ટોળાં ટપ્પાઓ મારવામાં રચ્યા પચ્યા રહીને નમાઝોને ગુમાવવાવાળાઓ, રાત દિવસ નગ્ન ફિલ્મો, ગંદા ગીતોમાં વ્યસ્ત રહેવાવાળાઓ, મા બાપની નાફર્માની કરવાવાળાઓ અને તેમને સતાવવાવાળાઓ, ચોર, ડાકૂ, ખોટા દગા આપવાવાળાઓ વગેરે જે બધા જ લોકો શું થોડીવાર માટે કવ્વાલીઓની મહેફિલમાં હાજરી આપીને અલ્લાહવાળાઓ થઈ જાય છે ?! અને ખુદાની યાદમાં ખોવાઈ જાય છે ? અથવા (તેમના) પીર સાહેબે એહલ (લાયક)ના બહાના હેઠળ પોતાની મોજ મસ્તીઓનો સામાન તૈયાર કરી રાખેલ છે કે જેથી પીરી પણ હાથમાંથી ન જાય અને દુનિયાની મોજ મસ્તીઓમાં પણ કોઈ કમી ન આવે ? યાદ રાખો ! કબ્રની અંધારી કોટડીમાં કોઈપણ હીલો અને બહાનાં ચાલશે નહીં ! કેટલાક લોકોને એવું કહેતાં પણ સાંભળવામાં આવ્યું છે કે, "વાજિંત્રોની સાથે કવ્વાલી નાજાઈઝ હોય, તો દરગાહો અને

ખાનકાહોમાં કેમ થાય છે ?!"

અફસોસ ! આવા લોકો જાણકારી રાખતા કે રસૂલે પાક ﷺની હદીષો અને બુઝુર્ગાને દીનના મુકાબલામાં આજકાલના ફાસિક, દાઢી મૂંડાવવાવાળાઓ, નમાઝોને જાણીબુઝીને છોડવાવાળાઓ કેટલીક ખાનકાહોના ઉદાહરણો રજૂ કરે તો તે મઝહબથી દૂરી અને ઘણી જ અજ્ઞાનતા અને નાદાની છે. જે હદીષો અમે ઉપર વર્ણવી અને બુઝુર્ગાને દીનના અકવાલ (કથનો) રજૂ કર્યા તેના મુકાબુલામાં ન તો કોઈનું કથન વિશ્વાસપાત્ર ગણાશે અને ન તો અમલ, આજકાલ ખાનકાહોમાં કોઈ કામનું થવું એ તે કાર્યની જાઈઝ હોવાની શરઈ દલીલ નથી.

કેટલીક ખાનકાહોમાં આ પ્રમાણે પણ કહેવાનું સાંભળવા મળેલ છે કે અમે કવ્વાલીઓ એટલા માટે કરાવીએ છીએ કે જેથી વધુ લોકો જમા થાય અને ઉર્સ ભારે (ધરખમ) થઈ જાય, આ પણ બિલ્કુલ નાદાની છે. જાણે કે તેમને તેમની નામનાની ચિંતા છે, આખેરતની ચિંતા નથી. તમને કોઈ જાણતા (ઓળખતા) ન હોય, તમે ગુમનામ હોવ અને હરામ કાર્યોથી બચતા હોવ, નમાઝોના પાબંદ હોવ, પત્ની બાળકો માટે હલાલ રોઝી કમાવવામાં લાગેલ હોવ અને તમારો પરવરદિગાર તમારાથી રાજી હોય. આ હજાર દરજ્જા (હજારગણુ) તેનાથી સારું છે કે તમે તમારા સમયના મશહૂર વ્યક્તિ હોવ, તમારા હજારો મુરીદ હોય, દરેક સમયે હજારો ચાહકોની ભીડ રહેતી હોય અથવા લાખો માણસોની વચ્ચે બોલવાવાળા (ખતીબ) અને મુકર્રિર (તકરીર કરવાવાળા) હોવ, મોટા અલ્લામા અને મૌલાનામાં તમારી ગણતરી થતી હોય, પરંતુ હરામકારીઓમાં વ્યસ્ત, નમાઝોથી ગફલત (બેદરકારી), નામના અને મોટા રૂત્બાઓની ઈચ્છા અને દૌલતની નાજાઈઝ ઈચ્છાને કારણે મેદાને મહશરમાં ખુદાએ તઆલાની સમક્ષ શરમાવવું પડશે અને કયામતના દિવસે રૂસ્વાઈ (બેઈજ્જત) થશે.

હે પ્યારા દીની ઈસ્લામી ભાઈઓ ! દિલોમાં એ ઈચ્છા રાખો અને એ જ ખુદાએ કદીરથી દુઆ કરો કે જો અમે દુનિયાના મશહૂર પીર અને દિલોમાં જગ્યા બનાવનાર (હૃદય સમ્રાટ) ખતીબ બનીએ કે ન બનીએ પરંતુ આપણો ખુદા આપણાથી રાજી થઈ જાય, ઈમાન પર મૌત થાય અને જન્નત નસીબ થાય. ખુદાએ તઆલા ચાહે આપણને થોડાકમાં રાખે પરંતુ સારા અને સાચાઓમાં રાખે. ફકીરી અને દુરવેશી એ ભીડ અને ટોળાઓ ભેગા કરવાનું નામ નથી ! ફકીરો તો એકાંતપ્રિય હોય છે અને ભીડથી ભાગે છે, એકાંતમાં ખુદાની યાદ કરતા હોય છે.

**ઉન્કી યાદ, ઉન્કા તસવ્વુર હૈ ઉન્હીં કી બાતેં**
**કિત્ના આબાદ મેરા ગોશએ તન્હાઈ હય**

અંતમાં એક વાત પણ બતાવી દેવી જરૂરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જો કોઈ શરીઅતની વિરુદ્ધના કામનો પાયો નાખે છે (શરૂઆત કરે છે) તો તેની ઉપર તેના પોતાનો અને તમામ કરનારાઓનો ગુનોહ થાય (લાગુ પડે) છે." આથી જે પણ વાજિંત્રોની સાથે કવ્વાલીઓ કરાવે છે અને બીજાઓને પણ તેનો મોકો આપે છે. તેની ઉપર પોતાનો, કવ્વાલોનો અને લાખો તમાશામાં આવનારાઓનો ગુનોહ લાગુ પડે છે અને તેના મૃત્યુની સાથે જ તેના કામનો બદલો મળી જાય છે.

અમારા આ લખાણને વાંચીને અમારા ઈસ્લામી ભાઈઓ ખોટુ ન લગાડે, પરંતુ ઠંડા દિલથી વિચાર કરે અને પોતાની અને પોતાના ભાઈઓની સુધારણા કરવાની કોશિશ કરે.

અલ્લાહના પ્યારા મુસ્તફા ﷺના સદકા અને તુફૈલમાં તૌફીક બખ્શે. (આમીન) બિજાહિ સૈયદિલ મુરસલીન. સલ્લલ્લાહુ તઆલા અલા ખૈરિ ખલ્કિહી મુહમ્મદિંવ વ આલિહી વ અસ્હાબિહી અજમઈન.

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

# હદીષોના દુશ્મન !

★ ઉદાહરણ નં. : ૧૭ ★

આસાની તથા સહૂલત તથા નફ્સાની ખ્વાહિશો પર અમલ કરવાનું નામ છે "અહલે હદીષ" ફિર્કો ! અને તેના (આસાની તથા સહૂલતના) ચક્કરમાં ન જાણે કેટલીયે સહી હદીષોનો ઈન્કાર કરી નાખે છે.

તેઓ પોતે પોતાને 'અહલે હદીષ' કહે છે, પરંતુ હક઼ીક઼તમાં તેઓ હદીષોના મુન્કિરો છે.

☑ હક્ક઼ :–

**હદીષ** : "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે એક વ્યક્તિ હુઝૂર ﷺની ખિદમત આવી અને અર્ઝ કરી કે, મારા ઉપર એક મોટુ જાનવર (ઊંટ અથવા ગાય) વાજિબ થઈ ગયું છે, હું માલદાર છું, પણ મને મોટુ જાનવર મળતું નથી (પ્રાપ્ત થતું નથી, જેથી સાત લોકોની કુર્બાની થઈ શકે) હવે હું શું કરું ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, સાત બકરીઓ ખરીદી લે અને કુર્બાની કર." *(સુનને ઈબ્ને માજહ્, પેજ : ૨૨૬)*

એટલે કે એક વ્યક્તિની કુર્બાની માટે એક બકરી જોઈએ, એક બકરીમાં સાત વ્યક્તિની કુર્બાની નથી થઈ શક્તી.

તેના વિરુદ્ધ હવે ગૈર મુક઼લ્લિદ આલિમોનો ફત્વો તથા તેમની આખી જમાઅતનો અમલ શું છે ? તે જુઓ ! :–

☒ બાતિલ :–

**અહલે હદીષ** : "એક બકરી કેટલાયે લોકો તરફથી કુર્બાનીમાં કાફી છે." *(ઉર્ફુલજાદી, પેજ : ૨૩૪)*

શું હક઼ીક઼તમાં આ લોકો હદીષવાળા છે ?!

નહીં ! આ તો તે શૈતાની જમાઅત છે જે લોકોને કુર્આન તથા સુન્નતથી દૂર કરીને શૈતાનના મુક઼લ્લિદ બનાવવા માગે છે.

દરેક કામમાં આસાની તથા સહૂલત જ શોધતા ફરે છે, બલ્કે આ લોકો તો કુર્બાની પણ ચાર દિવસ કરે છે !

★ ઉદાહરણ નં. : ૧૮ ★

સરકારે મુસ્તફા ﷺની હદીષોના હક઼ીક઼તમાં કોઈ દુશ્મન છે તો તે અહલે હદીષ ગૈર મુક઼લ્લિદો છે.

☑ હક્ક઼ :–

**હદીષ** : **(૧)** "હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે : બહારના લોકો મદીનામાં નમાઝે જુમ્આ માટે પોતાના (ગામો તથા વસ્તીઓ)થી વારી વારી આવતા હતા." *(બુખારી શરીફ, ૧/૧૨૩)*

**(૨)** "અબૂ અબ્દુર્રહમાન બિન સલ્મા હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, જુમ્આ તથા તશ્રીક઼ (ઈદ) જાઈઝ નથી માત્ર (ફક્ત) મોટા શહેરોમાં." *(મુસન્નફે ઈબ્ને અબી શૈબા, ભાગ : ૨, પેજ ૧૪૮)*

પહેલી રિવાયત તો સહીહ બુખારીની છે અને બીજી મુહદ્દિષ ઈબ્ને અબી શૈબાની છે જે ઈલ્મે હદીષમાં ઈમામ બુખારીના દાદા ઉસ્તાદ છે, તેમની કિતાબમાં છે.

એટલા માટે ઓલમાએ અહનાફ ફર્માવે છે કે જુમ્આ તથા ઈદૈન ગામડાઓમાં જાઈઝ નથી.

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી (મુંબઈ)**
અનુવાદક : **હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

પરંતુ ગૈર મુક઼લ્લિદોના શૈખુલ કુલ મિયાં નઝીર હુસૈન દહેલ્વી ફિક઼્હે અહલે હદીષના સ્થાપક ફર્માવે છે :–

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : "જુમ્આ દરેક જગ્યાએ ફર્ઝ છે, ભલે શહેર હોય કે ગામડું, અને ભલે મોટુ ગામ હોય કે નાનુ." *(ફતાવા નઝીરિયા, ૧/૫૭૭)*

***ઉલ્ઝા હૈ પાઉં યાર કા ઝુલ્ફે દરાઝમેં***
***લો આપ અપને દામમેં સૈયાદ આ ગયા***

**★ ઉદાહરણ નં. : ૧૯ ★**

અહલે સુન્નત વ જમાઅત હનફી બરેલ્વી મુસલમાનો પાસેથી તેમના દરેક અમલ ઉપર કુર્આન તથા સહીહ હદીષની દલીલ માગનારા ગૈર મુક઼લ્લિદો એમ લાગે છે કે આ પોતે હક઼ીક઼તમાં કુર્આન તથા સહીહ હદીષો પર જ અમલ કરતા હશે, ત્યારે જ તો આપણી પાસેથી એવી જ દલીલો માગે છે !

પરંતુ તમારા આશ્ચર્યની સીમા નહીં રહે જ્યારે તમે હક઼ીક઼તની બીજી બાજુ જોશો. કહેવત છે કે હાથીના દાંત ખાવાના અલગ હોય અને દેખાડવાના અલગ હોય છે ! એ જ પરિસ્થિતિ અહલે હદીષ ફ઼િર્ક઼ાની છે.

આપણા હનફીઓને ત્યાં મસ્જિદમાં જનાઝાની નમાઝ પઢવી જાઈઝ નથી અને આ લોકો પઢે છે. આવો જોઈએ હક઼ીક઼તમાં હદીષવાળા કોણ છે ?!

☑ **હક઼્ક઼ :–**

**હદીષ** : "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે મસ્જિદમાં નમાઝે જનાઝા પઢી તેના માટે કોઈ સવાબ નથી." *(સુનને અબી દાઊદ, ૧/૯૮, સુનને ઈબ્ને માજહ્, પેજ : ૧૧૦, મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૩/૫૮૬)* ઈલ્મે હદીષની સૌથી પહેલી કિતાબ મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼ તથા હદીષની છ સહીહ કિતાબોમાંથી બે અબૂ દાઊદ અને ઈબ્ને માજહનો હવાલો, ભાગ તથા પેજની સાથે છે.

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : મશ્હૂર ગૈર મુક઼લ્લિદ આલિમ મુફ્તી અબ્દુસ્સત્તાર ફર્માવે છે, "મસ્જિદમાં નમાઝે જનાઝા પઢવી જાઈઝ તથા દુરુસ્ત (યોગ્ય) બલ્કે મસ્નૂન (સુન્નતથી સાબિત) છે." *(ફતાવા સત્તારિયા, ૨/૨૫)*

**કાગઝ કા યે લિબાસ બદન સે ઉતાર દે**
**પાની બરસ ગયા તો કહા મુંહ છુપાએગા ?!**

**★ ઉદાહરણ નં. : ૨૦ ★**

નામના અહલે હદીષ ગૈર મુક઼લ્લિદો જેમનો જૂઠો દાવે છે હદીષ ઉપર ચાલવાનો. તેમના દાવા તથા અમલમાં વિરોધાભાસ તથા અસમાનતા વિશે તમે આગળ ૧૯ ઉદાહરણો થકી જાણી ચૂક્યા છો, તેમની આ પરંપરાને હજુ અધિક જાણો :–

☑ **હક઼્ક઼ :–**

**હદીષ** : "હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે માણસ નમાઝ પઢવાનું ભૂલી જાય અથવા સૂઈ જવાના કારણે છૂટી જાય તો તેનો કફ્ફારો એ છે કે જ્યારે યાદ આવે (ત્યારે) પઢી લે (ક઼ઝા કરે)." *(સહીહ મુસ્લિમ, ૧/૨૪૧)*

આ હદીષ સહીહ છે અને સહીહ મુસ્લિમમાં છે કે જે હદીષની છ સહીહ કિતાબોમાં સામેલ છે અને જેનો ક્રમ બુખારી શરીફ પછીનો છે. ગૈર મુક઼લ્લિદો આપણા (હનફીઓ)થી આ જ કિતાબોમાંથી હદીષોની માગણી કરે છે અને પોતે જ આ કિતાબોની હદીષોનો વિરોધ કરે છે. જુઓ હદીષો ઉપર તેમનો અમલ ! :–

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : "બાલિગ થયા પછી જો નમાઝો છોડી હોય જે આસાની સાથે અદા થઈ શક્તી હોય તો ફરી પઢી લેવામાં આવે. જે વધારે મુદતની હોય જેમને અદા (ક઼ઝા) કરવી મુશ્કેલ હોય તો છોડી દે." *(ફતાવા ઉલમાએ અહલે હદીષ, ૧/૪૧૫)*

એટલા માટે જ આપણે કહીએ છીએ કે અહલે હદીષ આસાનીનો તથા સહૂલતોનો મઝહબ છે. જે ચાર ઈમામોની તક઼લીદ તથા અનુસરણ નથી કરતા બલ્કે પોતાના ખબીષ નફ઼્સનું અનુસરણ કરે છે.

**બળે ભોલે ભાલે બળે અલ્લાહવાલે !**
**'રાઝ' આપ કો તો બસ હમ હી જાનતે હૈં !!!**

**★ ઉદાહરણ નં. : ૨૧ ★**

અહલે સુન્નત વ જમાઅત હનફી બરેલ્વીઓની દરેક વિષયમાં હદીષની છ સહીહ કિતાબોનો હવાલો માગનાર ગૈર મુક઼લ્લિદો ન તો ઈમામ બુખારીની સાંભળે છે ન તો સિહાહ સિત્તાની હદીષો પર અમલ કરે છે. જુઓ વધુ એક ઉદાહરણ :–

☑ **હક્ક઼ :–**

**હદીષ** : "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કૂતરુ તમારા વાસણમાં મોઢુ નાખે તો તમારા વાસણની પાકી એ છે કે સાતવાર તેને ધૂઓ અને પહેલીવાર માટી વડે તેને ઘસો (ધૂઓ તથા સાફ કરો)." *(સહીહ મુસ્લિમ, ૧/૧૩૭, સુનને અબી દાઊદ, પેજ : ૧૧૦)*

આ ફર્માને રસૂલનો ખુલ્લો વિરોધ ગૈર મુક઼લ્લિદોના ફિક઼્હમાં જુઓ ! :–

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : "લોકોએ કૂતરા તથા સુવ્વર વિશે અને તેમના એઠા (વધેલું અનાજ, મોઢુ લગાડેલ) વિશે ઈખ્તેલાફ (વિવાદ) કર્યો છે. વધુ રાજેહ (વધુ યોગ્ય તથા સહીહ) વાત એ જ છે કે તેમનું એઠુ પાક છે !" *(નુઝૂલુલ્ અબ્રાર, ૧/૫૦)*

આ છે નામના અહલે હદીષ ગૈર મુક઼લ્લિદોના મઝહબના ભયાનક મસાઈલ !

હનફી મઝહબ ઉપર આંગળી ઉઠાવનારાઓ ગૈર મુક઼લ્લિદો તથા વહાબીઓની જમાઅતમાં ન માત્ર કૂતરા તથા સુવ્વરનું એઠુ પાક છે બલ્કે આખા કૂતરાં તથા સુવ્વર પૂરેપૂરાં પણ પાક છે. અફસોસ ! સદ્ અફસોસ કે દેવબંદીઓએ કાગડાને હલાલ કર્યો અને અહલે હદીષે કૂતરા તથા સુવ્વરને હલાલ કર્યાં !

હદીષ ઉપર અમલ કરવાનો જૂઠો દાવો અને હદીષનો ખુલ્લો વિરોધ ! બંને તમારી સમક્ષ છે. ફૈંસલો કરો !!!

**★ ઉદાહરણ નં. : ૨૨ ★**

રસૂલુલ્લાહ ﷺના ફર્માનથી મોઢું ફેરવી લેનારા ગૈર મુક઼લ્લિદો જાહેરમાં અવામમાં તો ઘણા જોશભેર આ દાવો કરતા દેખાય છે કે અમે કુર્આન તથા હદીષ પર ચાલવાવાળા એકલા ઠેકેદાર છીએ. જ્યારે કે જુઓ તેઓનો હદીષોની સાથે પણ વિરોધ છે અને તે પણ હદીષની સૌથી ઊંચી (મહાન) કિતાબ બુખારી શરીફ સામે પણ ખુલ્લો વિરોધ છે !! ઉદાહરણ તમારી સમક્ષ છે :–

☑ **હક્ક઼ :–**

**હદીષ** : "હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ જુમ્આ તે સમયે પઢતા જ્યારે સૂરજ ઢળી જતો (ઝવાલ પછી)." *(સહીહ બુખારી, ૧/૧૨૩)*

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : ઉપરોક્ત હદીષના વિરુદ્ધ ગૈર મુક઼લ્લિદોનો ક઼ૌલ તથા અમલ જુઓ :–

૧. ''જુમ્આ ઝવાલથી પહેલાં જાઈઝ છે.'' *(અર્રવઝતુલ્ હિંદિયા, ૧/૧૩૭)*

૨. ''જુમ્આનો સમય ઈદની નમાઝના અવ્વલે વખત (પ્રારંભિક સમય)થી શરૂ થઈ જાય છે.'' *(નુઝૂલુલ્ અબરાર, ૧/૧૫૬)*

## ★ ઉદાહરણ નં. : ૨૩ ★

અલ્હમ્દુલિલ્લાહ ! હનફીઓનો દરેક અમલ કુર્આન, સુન્નત, ઈજમાઅ તથા શરઈ ક઼યાસ મુજબ છે. પરંતુ અહલે હદીષ જેઓ ના'રો લગાડે છે :–

*અહલે હદીષ કે દો ઉસૂલફર્માને ખુદા, ફર્માને રસૂલ !*

તેમનો આ ના'રો કેટલો સત્ય તથા સાચો છે તે આપણે ઉદાહરણો થકી જાણી ગયા કે ન તો તેઓ ચાર ઈમામોની માને છે અને ન તો અલ્લાહ વ રસૂલની !

પોતાની જમાઅતને હદીષના મુતાબિક તથા મુવાફિક઼ કહેનારાનો હાલ જુઓ :–

### ☑ હક઼્ક઼ :-

**હદીષ** : ''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફજર પછીથી સૂરજ નીકળ્યા સુધી તથા અસર પછીથી સૂરજ ડૂબ્યા સુધી નમાઝ (નફલ્, સુન્નત) પઢવાથી મનાઈ ફર્માવી છે.'' *(સહીહ બુખારી, ૧/૮૨, સહીહ મુસ્લિમ, ૧/૨૭૫)*

આ હદીષની બે કિતાબો જેને સહીહૈન એટલે કે બુખારી તથા મુસ્લિમ કહેવાય છે તેમાં છે.

હવે જુઓ હદીષો ઉપર અમલ અહલે હદીષનો ! :–

### ☒ બાતિલ :-

**અહલે હદીષ : (૧)** જો આ (ફજરની) સુન્નતો જમાઅતમાં શરીક થવાના કારણે પઢવાથી રહી ગઈ (એટલે ન પઢી હોય) તો ફર્ઝો પછી પઢી લે.

**(૨)** જો જમાઅત ઊભી હોય તો નમાઝ (જમાઅતની) પછી સુન્નત પઢી લે. *(સલાતુર્રસૂલ, પેજ : ૩૫૧)*

ડૉ. ઈક઼બાલે ખૂબ જ સરસ ફર્માવ્યું :–

*કૌન હૈ તારિકે આઈને રસૂલે મુખ્તાર*
*કિસ કી નઝરોં મેં સમાયા હૈ શિઆરે અગ્યાર*
*મસ્લેહતે વક઼્ત હૈ કિસ કે અમલ કા મેઅ્યાર*
*હો ગઈ કિસ કી નિગાહ તર્ઝે સલફ સે બેઝાર*
*ક઼લ્બમેં સોઝ નહીં રૂહ મેં એહસાસ નહીં*
*કુછ ભી પયગામે મુહમ્મદ (ﷺ) કા તુમ્હેં પાસ નહીં !*


| બરકાતે ખ્વાજાનાં ગ્રાહક થવા સંપર્ક કરો | મૌલાના સરફરાઝ સાહબ Mo. 9927695822 | વેરાવળ ખાતે | અબ્દુલ સત્તારભાઈ Mo. 9429218278 |
|---|---|---|---|
| વડોદરા: હાફેઝ યૂસુફ રૂડી દયાદરવી Mo. 9898927258 | મૌલાના આસિફ અશ્રફી Mo. 7779001513 | | હા. મુબારક સાહબ (તાંદલજા) Mo. 9033221697 |

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૪૦૦/– (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ક્રિકેટની બીમારી અને આપણો સમાજ

INDIAN PREMIER LEAGUE

અનુવાદક : **હઝરત મૌલાના મુહમ્મદરઉફ રઝવી-પાલેજ**

તમામ તારીફ તે પરવરદિગારના માટે છે જેણે આપણને જીવન આપ્યું અને આપણી હિદાયત અને માર્ગદર્શન માટે અંબિયાએ કિરામને મબ્ઊષ ફર્માવ્યા (મોકલ્યા). કુર્આન મજીદ અલ્લાહ તબારક વ તઆલાનું અંતિમ કલામ છે, જેને અલ્લાહ તઆલાએ દુનિયામાં રહેવાવાળા ઈન્સાનો માટે પોતાના આખરી નબી મુહમ્મદ ﷺ પર નાઝિલ ફર્માવ્યું છે. તેને "લોકોની હિદાયત માટે" બનાવ્યું છે અને બીજી જગા પર તેને "મુત્તકીઓ માટે હિદાયત" ફર્માવ્યું છે.

### ★ ભલાઈ અને ભલાઈ ચાહવાનું નામ દીન છે ★

હદીષ શરીફમાં આવ્યું છે : લોકોમાં બેહતર તે છે જે લોકોને ફાયદો પહોંચાડે. દીન દરેક મુસલમાન ભાઈની સાથે ભલાઈ અને ભલાઈ ચાહવાનું નામ છે. જેથી આપણે આપણા મુસલમાન ભાઈઓ માટે ફાયદો અને ભલાઈ ચાહવા માટે લાગી જવું જોઈએ. સમાજમાં ફેલાય ગયેલી બુરાઈઓના વિરુદ્ધ ઊભા થવું જોઈએ. આ પરંપરામાં ઓલમાએ કિરામ, અહલે કલમ હઝરાત ખૂબ જ અસરકારક કિરદાર અદા કરી શકે છે અને આ તેમની મઝહબી જિમ્મેદારી પણ છે.

### ★ સમાજની ઈસ્લાહનું મહત્વ ★

કુર્આન મજીદમાં સૌથી વધુ જોર ઈસ્લાહે અકાઈદ પછી સમાજ સુધારણા પર આપવામાં આવ્યું છે. સામાજિક અને અખ્લાકી બુરાઈઓને દૂર કરવાની જગા જગા તાકીદ કરવામાં આવી છે. આ કામ માટે અલ્લાહ તબારક વ તઆલાએ અંબિયાએ કિરામ, સહાબાએ કિરામ, અવલિયા અલ્લાહ પછી ઓલમાએ રબ્બાનિય્યીનની ગણના કરી છે. ઈસ્લામને જીવંત રાખવા માટે બુઝુર્ગાને દીન અને ઓલમાએ રબ્બાનિય્યીને અસંખ્ય તકલીફો ઉઠાવી છે અને ઈસ્લામને બચાવ્યો. વર્તમાનમાં પહેલાંથી વધારે મુસ્લિમ કૌમની ઈસ્લાહ અને તર્બિયતની જરૂર છે. "નેકીની દા'વત અને બુરાઈથી રોકવું" એક મહત્વપૂર્ણ ફર્ઝ છે જેને મુસલમાન ખૂબ જ ઝડપથી ભૂલતો જઈ રહ્યો છે.

### ★ ક્રિકેટ (Cricket)ની રમત અને તેનાં નુકસાનો ★

સમગ્ર જગતમાં ક્રિકેટના દીવાનાઓની કોઈ કમી નથી, આપણા દેશ ભારતમાં પણ વેસ્ટ ઈન્ડિઝની જેમ ક્રિકેટને ઈબાદતની જેમ માનવામાં આવે છે અને આ મનોરંજનનું સૌથી મોટુ માધ્યમ છે. એથી વધીને આ ખેલ પૈસા અને મનોરંજન તથા ગ્લેમરનો સંગમ છે. IPL-8 એ આપણા નવજવાનો સાથે દરેક ઉમરના લોકો, બાળકો અને વૃદ્ધો, હદ તો એ કે સ્ત્રીઓ અને જુવાન છોકરીઓને પણ એણે પોતાની દીવાની બનાવી લીધી છે. ક્રિકેટના દીવાનાઓની કોઈ કમી નથી, ટેસ્ટ, વડ-ડે, T-20 અને હવે IPL-8ના આગમને ક્રિકેટના દીવાનાઓ માટે સોના કરતાં વધારે પીળુ કરી દીધું છે, આ ફટાફટ ક્રિકેટે છક્કા, ચોક્કા પર સટ્ટાનાં બજાર ગરમ કરી દીધાં છે, કરોડોનો જૂગાર રોજ રમાય છે. ભારતનું પ્રખ્યાત છાપુ "દૈનિક ભાસ્કર" એ વર્તમાન અંકમાં

IPL-8ની જાહેરાતના રેટમાં IPL-8નો ૯૫૦ કરોડ, PK ફિલ્મનો ગ્રાફ ૨૫૧ કરોડ અને KBKC પ્રોગ્રામનો ૪૦૦ કરોડ રૂપિયા અને T-20નો ગ્રાફ તેનાથી પણ ઊંચો બતાવ્યો છે. એથી વધારે દિલચસ્પ વાત એ બતાવી છે કે તેમાં જૂગાર, લોટરી અને સત્તાનો ગ્રાફ સૌથી ઊંચો છે. હદ તે એ થઈ ગઈ કે હવે ઘરોમાં કુટુંબના દરેક સભ્યો સાથે બેસીને ઠંડુ પીવા, સિનેમા જોવા અને ભાત ભાતની બાજી લગાડીને હાર જીતની રમત રમી રહ્યા છે અને તેને ન તેઓ જૂગાર સમજી રહ્યા છે અને ન તો હરામ અને ગુનોહ !

**★ સટ્ટાબાજી તથા શરાબ વિશે કુર્આનનો હુકમ ★**

આપણો ખાલિક્ માલિક આપણો પાલનહારે હક઼ીક઼ ફર્માવે છે :–

(અર્થ) : "તમને શરાબ તથા જૂગારનો હુકમ પૂછે છે, તમે ફર્માવી દો કે આ બંનેવમાં મહાન ગુનોહ છે. અને લોકોના અમુક દુનિયવી લાભ પણ છે, અને એમનો ગુનોહ એમના લાભોથી મોટો છે." *(સૂરએ બક઼રહ, આ. ૨૧૯)*

એની તફસીરમાં છે : હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે જો શરાબનું એક ટીપુ કૂવામાં પડી જાય પછી એ જગાએ મીનારો બનાવવામાં આવે તો હું એના પર અઝાન કહીશ નહીં. અને દરિયામાં શરાબનું ટીપુ પડી જાય પછી તે સૂકાય જાય અને ત્યાં ઘાસ ઉગે એમાં મારા જાનવરોને ન ચરાવું. સુબ્હાનલ્લાહ ! ગુનાહોથી કેટલી નફરત છે.

શરાબ હિ.સ. ૩માં ગઝવએ અહઝાબથી થોડાક દિવસો બાદ હરામ કરવામાં આવી. એથી પહેલાં એવું દર્શાવાયું હતું કે જૂગાર અને શરાબનો ગુનોહ એના ફાયદા કરતાં વધારે છે. ફાયદા તો એ છે કે જૂગારમાં ક્યારેક મફતનો માલ હાથ લાગે છે અને ગુનાહોની તથા ખરાબીઓની શું ગણત્રી ?! બુદ્ધિનું નાશ પામવું, શરમનું નષ્ટ થવું, ઈબાદતોથી મેહરૂમી, લોકોથી અદાવતો થવી, સૌની નજરમાંથી ઉતરી જવું, દૌલત તથા માલનું નુકસાન.....વગેરે.

મસ્અલો : શતરંજ, તાશ વગેરે હારજીતના ખેલ અને જેના પર બાજી (સટ્ટાબાજી, શરતો) લગાડવામાં આવે સૌ જૂગારમાં સામેલ અને હરામ છે. *(રૂહુલ બયાન બહવાલા ખઝાઈનુલ ઈર્ફાન–અલ્ફી, પેજ નં. ૧૪–૧૫ ઝમીમા)*

આ સિવાય પણ કુર્આનમાં આ બાબતે અન્ય આયતો છે, પણ લખાણ ન લંબાવતાં આટલે જ બસ કર્યું છે. પોતાનું ભલુ સમજનારા માટે આ જ પૂરતુ છે.

**★ જૂગાર, સટ્ટા વિશે હદીષમાં હુકમો ★**

ઉપર કુર્આનની આયત અને તફસીરથી બતાવવામાં આવ્યું છે કે જૂગાર, સટ્ટો અને લોટરીની સ્થિતિ શું છે ? આવો અહાદીષે કરીમામાંથી અમુક હદીષોનો અભ્યાસ કરો અને ફૈંસલો તમે જાતે કરો :–

૧. હુઝૂર ﷺએ ફર્માવ્યું : "તમે એ બંને બાજી લગાડવા અને શતરંજના ખેલોથી દૂર રહેજો કે આ બંને અજમીઓના જૂગાર છે."

૨. હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે સરકારે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યું છે : "બેશક ! બાજી લગાડવું અને શતરંજ રમવું જૂગાર છે." *(શેખઝાદા હાશિયા બયઝાવી શરીફ, ૧/૫૨૫)*

૩. હઝરત બુરૈદા رضی اللہ عنہએ ફર્માવ્યું કે સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "જેણે બાજી લગાડી તેણે જાણે સુવ્વરના ગોશ્ત અને લોહીમાં હાથ નાખી દીધો." અને બીજી રિવાયતમાં હઝરત મૂસા અશ્અરીથી રિવાયત છે કે તેણે અલ્લાહ અને રસૂલની નાફર્માની કરી.

૪. અબૂ અબ્દુર્રહમાન હતમી رضی اللہ عنہથી રિવાયત છે

કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિ જૂગારની બાજી લગાડે છે પછી નમાઝ પઢવા માટે ઊભો થાય છે તેનું દ્રષ્ટાંત તે વ્યક્તિ જેવું છે જે પરૂ અને સુવ્વરના લોહીથી વુઝૂ કરીને નમાઝ પઢવા ઊભો થાય છે."

૫. ઈમામ અહમદ, ઈબ્ને ઉમરથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જન્નતમાં મા બાપનો નાફર્માન નહીં જાય અને ન જૂગારી અને ન અહેસાન જતાવનારો અને ન શરાબી." *(મિશ્કાત શરીફ, ૧/૨૧૮)*

૬. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે : "લોટરી (સટ્ટો, બાજી લગાડવી) જૂગારનો ભાગ છે અને જૂગાર હરામ છે (જેથી લોટરી અને બાજી લગાડવી હરામ છે). હવે એ જોવું છે કે જૂગારની વ્યાખ્યા એના પર ઉતરી આવે છે કે નહીં, લાલચમાં ફસાઈને માત્ર એક ઉમ્મીદ પર પાસો (બાજી) લગાડવું એ જ જૂગાર છે." *(ફતાવા રઝવિય્યહ્, ૭/૯૫)*

ઓલમાએ કિરામ, દાનિશ્વરો અને તમામ મુસલમાન મા બાપની જિમ્મેદારી છે કે પોતાનાં બાળકોને આ ખરાબ કામની ખરાબ અસરોથી બચાવે, બતાવે, સમજાવે અને તેમના પર નજર રાખે, કેમ કે આ ખેલ મહિનાઓ સુધી ચાલશે. ઓલમાએ કિરામ જલ્સાઓમાં, જુમ્આની તકરીરોમાં આ વિષય પર ચર્ચા કરે અને તેના દરેક મુદ્દાને સ્પષ્ટતા સાથે લોકોને બતાવે. આ દિવસોમાં ન્યુઝ પેપરો તથા અન્ય માધ્યમો અશ્લિલતાથી ભરપૂર રહે છે, પરંતુ હવે તો અશ્લિલતા, નગ્નતાએ સર્વ સીમાઓ પાર કરી દીધી છે, ચીઅર લીડર્સનું સ્ટેડિયમમાં નાચવું, કમર મટકાવવું, અર્ધ નગ્ન શરીર સાથે લાખો લોકોની સામે લટકી ઝટકીને દેખાડવું (મઆઝલ્લાહ !) જમાનાએ જાહિલિયતની જેમ ઈન્સાનોની લે વેચનું બજાર લગાડવું જ્યારે કે ઈન્સાનોની લે વેચ સંસ્કારી સમાજમાં ગૈરઈન્સાની કહેવામાં અને માનવામાં આવે છે. શું રમતના નામ પર ખેલાડીઓ (ઈન્સાનો)નું વેચાણ IPLના નામ પર બજાર લગાડવું ખરાબ કામ નથી ?! લોકોનું એ કહેવું કે રમત રમતમાં ઠંડુ (કોલ્ડ્રિંક્સ) અથવા ખાવા પીવાની શરત લગાડવી એ તો દિલ બહેલાવવા માટે છે ! આ કાંઈ જૂગાર હોય શકે છે ? આ ખૂબ જ રીઢાપણુ અને ખુદાના ખૌફથી દૂર હોવાની દલીલ છે. ખુદા તઆલાનો ઈર્શાદ છે : "હે ઈમાનવાળાઓ ! પોતાને અને પોતાનાં ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો જેનું બળતણ ઈન્સાન અને પથ્થર છે." એવું ન થાય કે આ જૂઠી દલીલ દેવાવાળા ઈન્સાન જ જહન્નમનું બળતણ બની જાય !

જૂગાર, સટ્ટો અને શરાબ : નાપાક છે, શયતાની કામ છે, મો'મિનનું એનાથી બચવું જરૂરી છે, ખોટ અને નુકસાનના સબબો છે, દુનિયા અને આખેરત બંનેમાં નાકામીનો સબબ છે, શરાબી અને જૂગારી બંને શૈતાની ઈચ્છાઓના અનુયાયી છે, શરાબ, જૂગાર, સટ્ટો પારસ્પરિક ધિક્કાર અને દુશ્મનીનો સબબ છે, નમાઝ અને ઝિક્રે ઈલાહીથી અવગણના ઊભી કરે છે, શરાબ અને જૂગાર રમવું અલ્લાહ અને રસૂલની ખુલ્લી નાફર્માની છે, અઝાબે ઈલાહીને નોંતરે છે, તેનાથી બચવું દુનિયા અને આખેરતની કામયાબી છે, તેનાથી દૂર રહેવામાં ખુદા અને રસૂલની રઝા છે.

## ★ લોટરી, સત્તા અને જૂગારની કમાઈ હરામ અને નાજાઈઝ ★

કુર્આન અને હદીષમાં જૂગારની ખૂબ જ બુરાઈ આવી છે પરંતુ અફસોસ ! મુસલમાનોનો હાલ અત્યંત ખરાબ છે. ખાસ કરીને આપણો જવાન અને અંગ્રેજ માહોલમાં ઉછરેલો મુસલમાન આજકાલ ઈસ્લામી માહોલથી ખૂબ જ દૂર છે, એને ગુનાહની સમજ તથા ઓળખ પણ નથી. આજે વધુ પડતા મુસલમાન એ પણ નથી જાણતા કે લોટરી, સટ્ટો એ જૂગાર છે જે શરઅન્ હરામ છે, ભલે નાની શરત લગાડવામાં આવે

અથવા મોટી શરત લગાડવામાં આવે. અને હવે તો બાકી રહી ગયેલી કસર IPLએ પૂરી કરી દીધી છે. કોણ નથી જાણતુ કે ક્રિકેટ જૂગાર (બાજી) લગાડવું અને સટ્ટો કેટલી ઝડપ અને કેટલા મોટા પાયે રમાય છે. વર્તમાન પત્રોમાં IPL ક્રિકેટમાં સટ્ટાનો રેટ ગ્રાફ સૌથી હાઈ બતાવવામાં આવ્યો છે. ગુલદસ્તા અને સન્ડે મેગેઝીનમાં IPL નબંર એક પર, કેજરીવાલ નંબર બે પર અને નરેન્દ્ર મોદી નંબર ત્રણ પર સટ્ટાનો રેટ ચાલી રહ્યો છે. ખેલાડીથી લઈને અધિકારી સુધી આ કામમાં પરોવાયેલા પામવામાં આવ્યા છે : (૧) શ્રી સંત (૨) રાહુલ શર્મા (૩) બન્દોદારા સિંધ (૪) લલીત મોદી વગેરેની તો ગિરફતારી પણ થઈ અને ત્યાં સુધી કે દેશની સૌથી મોટી કોર્ટ સુપ્રિમ કોર્ટને પણ તેમાં વચ્ચે પડવું પડયું. સમાચાર વાંચવા અને જોવાવાળાઓથી આ છુપુ નથી. શરમ તો મુસલમાનોને જોઈને આવે છે કે મઝહબે પોતાના અનુયાયીની જિંદગીના દરેક ક્ષેત્રમાં માર્ગદર્શન આપ્યું, તે કૌમ ઝિલ્લત (અપમાન)ના ઊંડા પાણીમાં પડતી ચાલી જાય છે.

IPL-8 રમતમાં ટૉસથી લઈને રમતની છેલ્લી બોલ સુધી બાજી લગાડવું, સટ્ટો ખેલવું, કોણ ટૉસ જીતશે, દરેક ઓવર પર બાજી લગાડવી, ક્રિસ ગેલ કેટલા છક્કા મારશે ? મેક્યુલમ કેટલા બોલમાં ફિફટી ફટકારશે ? મેક્ષવેલ કેટલો ઊંચો છક્કો મારશે ? અશ્વિન આ ઓવરમાં વિકેટ લેશે ? વિરાટ કોહલી ચોકો બચાવશે ? વગેરે વગેરે. દરેક પ્રકારની બાજી લગાડવી ઠંડા પીણાથી લઈને મોટી મોટી રકમો બાજીમાં હારવું, જીતવું. કહેવા અને બતાવવા પર એ કહેવું કે અમે લોકો રમી રહ્યા છે. પારસ્પારિક ફેમેલી મેમ્બર સાથે જૂગાર નથી રમતા, લૂલી લંગડી દલીલો આપવી અફસોસની વાત છે ! જૂગાર જેવા હરામ કામમાં લાગીને ગુનાહના હક્કદાર થઈ રહ્યા છે.

જરૂરત એ વાતની છે કે વધુથી વધુ આને ફેલાવવામાં આવે, તક્રીર તથા લેખો થકી મુસલમાનો ખાસ કરીને જુવાનોને બતાવવામાં આવે કે **લોટરી, સટ્ટો એ બંને જૂગાર છે, હરામ અને ગુનાહે કબીરા છે.** જેના માટે કુર્આન અને હદીષમાં ખૂબ જ સખત ચેતવણીઓ આવી છે. તેના નુકસાનોનું વર્ણન કરવામાં આવે. રૂપિયા પૈસા પણ ગયા, સમય બર્બાદ થયો, દુનિયાવાળા અને સમાજની નિગાહોમાં પણ પડી ગયા અને સૌથી મોટી વાત એ કે ખુદા અને રસૂલના નિકટ ગુનેહગાર અને મુજરિમ પણ થઈ ગયા. અને લોટરી અને સટ્ટાથી જે રકમ પ્રાપ્ત કરવામાં આવે છે અને શરતના નામે હારવું, જીતવું સરાસર હરામ અને નાપાક છે. આ નાપાક માલને પોતાના ખર્ચમાં લાવવો, બાળકો પર ખર્ચ કરવો હરામ, તેનાથી મકાન બનાવવું નાજાઈઝ અને બેબરકતી અને નહૂસતનો સબબ. એ પૈસાથી મહેમાનોને ખવડાવવું પણ મના છે અને સદક઼ો તથા મસ્જિદના બાંધકામ માટે આપવું અને નેક કામોમાં ઉપયોગ કરવો ગુનોહ અને આફતોમાં સપડાવાનો સબબ છે. એ માલ દરેક રીતે હરામ અને હરામ જ છે જે એક મુસલમાન માટે કોઈ પણ રીતે યોગ્ય નથી.

આ વાતને ખૂબ જ યાદ કરવાની જરૂર છે. શક્ય છે કે ઘણા સાચા મુસલમાનો શરીઅતના આ હુકમને જાણી લીધા પછી આ ગુનાહે કબીરાથી પોતાને રોકી લે, તૌબા કરી લે ! અલ્લાહ ખૈર ફર્માવે ! (આમીન)

### ★ હલાલ અને હરામમાં તફાવત ★

હલાલ અને હરામમાં તફાવત કરવો દરેક મુસલમાનની જવાબદારી છે. કેટલાક લોકો એવા પણ હોઈ શકે છે કે નાજાઈઝ માલ યા'ની લોટરી, સટ્ટો, રિશ્વત, બેઈમાનીના રૂપિયા લે છે કે અમારી ક઼િસ્મતમાં આ પ્રકારનો માલ ખાવું લખેલું છે. આવું વિચારવું બિલકુલ સરાસર ખોટુ છે. અલ્લાહ તઆલાએ બંદાઓ પર પોતાના હુકમો સ્પષ્ટ કરી દીધા છે, જેથી હરામને જાઈઝ બતાવવું કોઈ પણ

રીતે બરાબર નથી. જેમ જેમ કયામતનો સમય નજીક આવશે, ઈન્સાન હરામ અને હલાલનો તફાવત નેવે મૂકી દેશે. અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''લોકો પર એવો સમય પણ આવશે જ્યારે ઈન્સાન પરવા નહીં કરે કે તે જે પ્રાપ્ત કરી રહ્યો છે તે હલાલ છે કે હરામ !''

રસૂલે અકરમ ﷺનું ફર્માન છે કે હરામ રિઝ્ક ખાવાવાળાની ઈબાદત અને દુઆ કબૂલ થતી નથી. જેથી દરેકે પોતાની શક્તિ પ્રમાણે કોશિશ કરવી જોઈએ કે તે હરામથી જેટલી હદે બચી શકે છે બચે ! મુસલમાન ખુદાના હુકમોનું આજ્ઞાપાલન નથી કરતો, દુનિયામાં હદથી ગુજરી ગયો છે, અખ્લાક્નો જનાઝો નીકળી ગયો છે, જૂગાર, સટ્ટાને કારોબાર, ધંધો કહેવું અને જીતેલી રકમોને ''ઈનામ'' જેવું ખૂબસૂરત નામ આપવું વાસ્તવમાં શયતાનની એક ચાલ અને શયતાની ફરેબ છે. લોટરીથી ઈન્સાનના દિમાગમાં એક ખોટી માન્યતા ઘર કરી જાય છે, મતલબ મહેનત વગર દૌલત પ્રાપ્ત કરવાનો ખોટો ખયાલ અને મફતની દૌલત પ્રાપ્ત કરવાનો આ ખયાલ તેનામાં સુસ્તી પૈદા કરે છે કે લોટરી લગાડે અને જીતીને દૌલત હાંસલ કરી લે. જેથી લોટરી ગુનાહનું કામ ખયાલ કરવામાં આવે છે. આ વાત કબૂલ કરતાં ''ઈન્સાઈક્લોપિડિયા ઓફ સોશિયલ સાઈન્સ''ના લેખક લખે છે :–

''સામાજિક અને આર્થિક ખરાબીને અનુલક્ષીને લોટરીનું વધુ પ્રમાણમાં ખ્યાતિ મેળવવું સામાજિક ખરાબીઓને ઉત્તેજન આપે છે. લોટરીના વિરુદ્ધ કાયદેસર પગલાં લેવાનો મૂળભૂત સબબ આર્થિક ખરાબીઓ છે. આર્થિક મામલાઓમાં મહેનત અને કોશિશના બદલે નસીબ પર ભરોસો કરવું બદ્તરીન દિમાગી ખયાલ છે જે અવામમાં લોટરીના કારણે પેદા થાય છે. (૧/૬૧૬)

## ★ જૂગાર, સટ્ટાથી દૌલત ભેગી કરવું હરામ છે ★

દૌલતમંદ અને માલદાર હોવું ઈસ્લામમાં અચબની વાત નથી પરંતુ અતાએ ઈલાહી અને ફઝલ તથા કમાલનો સબબ છે. પણ નાજાઈઝ અને હરામ તરીકાથી દૌલત જમા કરવી ઈસ્લામમાં સખત મના છે. તેની મનાઈમાં શું હિકમત છે તે અકલમંદ અને સમજદાર વ્યક્તિથી છૂપુ નથી. માલ, સમય અને ઈજ્જત તથા પ્રતિષ્ઠાની બર્બાદી , મુસલમાનોના હક્કોથી ગફલત, દુનિયા અને આખેરતનું નુકસાન, ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નાફર્માની, આ જ તે હિકમતો છે જેના કારણે ઈસ્લામમાં જૂગાર, સટ્ટો હરામ છે. **સમાજમાં જૂગારીની કોઈ ઈજ્જત નથી. જૂગારી અને સટ્ટાબાઝ પૂરી પૂરી રાત ઘરથી બહાર ક્લબોમાં વીતાવે છે, દર દરની ઠોકરો ખાય છે.** કેટલા અફસોસની વાત છે કે મુસલમાન તે નાપાક બીમારી (જૂગાર, સટ્ટા)થી ફુરસત જ નથી મેળવતો. આ પહેલુ પણ અત્યંત અફસોસનાક છે કે હજારો લાખો રૂપિયા રોજ બર્બાદ થઈ રહ્યા છે. શું કોઈને ફિક્ર છે કે મુસ્લિમ કૌમ શા માટે આટલા પ્રમાણમાં જૂગાર, સટ્ટાબાજીમાં પરોવાયેલ છે ?!

પ્યારા મુસ્લિમ નવજવાનો ! વિચાર કરો અને ખુદાનો ડર દિલમાં પૈદા કરો. જે ઔલાદ માટે તમે આ નાજાઈઝ દૌલત ભેગી કરી રહ્યા છો ? શું એ તમને અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ના ગઝબથી બચાવશે ?! હરામ કમાઈના વિશે પ્યારા નબી ﷺનો ઈર્શાદ છે :– **''તે શરીર જન્નતમાં દાખલ નહીં થાય જેની હરામથી પરવરિશ થઈ હશે.''** *(આને બયહકીએ શોઅબુલ ઈમાનમાં, તિબ્રાનીએ અલ્વસ્તમાં અને અબૂ આ'લા અને બઝ્ઝારે રિવાયત કરી છે. ઈમામ મુન્ઝરી કહે છે કે આ હદીષની સનદો હસન છે, અત્તરગીબ વત્તરગીબ, ૨/૫૫૩)*

હરામ કમાઈની ખોટી અસર એ દુનિયામાં જાહેર થાય છે કે અલ્લાહ તઆલા પોતાના બંદાની

દુઆ રદ ફર્માવી દે છે. તેની શાને કરીમી એના તરફ કેન્દ્રિત નથી થતી જેની કમાઈ હરામની હોય. તે શરીરનો ગોશ્ત જન્નતમાં દાખલ નહીં થાય. જેનો ઉછેર હરામથી થયો હશે અને તે દરેક ગોશ્ત જેનો હરામથી ઉછેર થયો હોય તે દોઝખના જ લાયક છે. *(મુસ્નદે અહમદ, ૩/૩૨૧, ૩૯૯, આ મઝમૂનની હદીષ જામેઅ તિર્મિઝીમાં, કિતાબુલ જુમ્આ, બાબ મા ઝકર ફી ફઝલુસ્સલાત, હદીષ નં ૬૪૧માં મરવી છે.)*

શર્હે મુસ્લિમ શરીફના કર્તા હઝરત અલ્લામા ગુલામ રસૂલ સઈદી "જૂગાર"ના નુકસાનોનો ઉલ્લેખ કરતાં લખે છે :–

"માલદારીની તરક્કીમાં સટ્ટાની મોટાભાગે દખલ છે. બન્ને પક્ષો માત્ર કાગળ પર ખરીદી અને વેચાણ કરે છે. માલ કોઈની પાસે નથી હોતો, હજારો લોકો પોતાના **Partner** બેંક બેલેન્સ, ટી.વી. ફોન (મોબાઈલ અને ઈન્ટરનેટ)ના માધ્યમથી માલ વેચે છે અને ખરીદે છે જ્યારે કે એ માલને પેદા કરવા, લાવવા અથવા તેને કામ લાયક બનાવવા માટે તેમણે કોઈ કામ નથી કરેલું હોતું જેના કારણે એ માલનો જાઈઝ હક્કદાર થાય." *(શરહે મુસ્લિમ, ભાગ–૪, પેજ :૯૬)*

ઈસ્લામે જ જૂગાર, સટ્ટા પર રોક લગાડી અને એને શૈતાની કામ બતાવ્યું કે, "હે ઈમાનવાળાઓ ! શરાબ અને જૂગાર, સટ્ટો અને પાંસો ફેરવવો (બાજી લગાડવી) નાપાક છે, શૈતાની કામ છે, એનાથી બચીને રહેજો કે તમે કામયાબ થઈ જાવ. *(સૂ. માઈદહ, આ. ૯૦)*

આ તોફાની દૌરમાં મુસલમાનો માટે અત્યંત જરૂરી છે કે જિંદગીના દરેક મામલામાં કુર્આન અને સુન્નત (હદીષ) તરફ રુજૂઅ કરે, તેમાં જે વાતોથી રોકવામાં આવ્યા છે તેનાથી પોતાને રોકે અને જેને કરવાનો હુકમ છે તેના પર અમલ કરે જેથી જીવન ખુશહાલીના માહોલમાં પસાર થાય. કૌમે મુસ્લિમની આર્થિક અને સામાજિક હાલત પર ઘણુ બધું કહેવા તથા લખવામાં આવ્યું અને લખાઈ રહ્યું છે. અલ્લાહ તમામ મુસલમાનોને શરાબ, જૂગાર, લોટરી, સટ્ટાબાજી જેવા મોટા ગુનાહોથી બચવાની તૌફીક અતા ફર્માવે. *(આમીન ષુમ્મ આમીન)*

*–(કન્ઝુલ ઈમાન મંથલી–ઉર્દૂ, જૂન–૨૦૧૫, દિલ્હી)*

પેજ નં. **૪૫** નું ચાલુ..

રીતે તા'લીમ આપી કે, "હે અલ્લાહ ! અમારાં મા બાપ પર એવી રીતે રહમ ફર્માવ જેવી રીતે તેમણે બચપનમાં અમારા પર રહમ કરી હતી." મા બાપની ખિદમત પર જન્નતની બશારત અને નાફર્માની પર જહન્નમની વોર્નિંગ છે. મા બાપની ખિદમતના સબબે મુસીબતો ટળી જાય છે, જ્યારે કે મા બાપના હક્કોથી ગફલત વર્તનાર દુનિયામાં જ સજાનો હક્કદાર બની જાય છે. આગળ ફર્માવ્યું : ઝિના માનવ સમાજનો સૌથી બદ્તરીન ગુનોહ છે. ઝિના પૂરા સમાજને બદબૂથી ભરી દે છે. આજે બુરાઈઓ બજારો કરતાં શબિસ્તાન અને આંગળીઓના ઈશારાઓ પર મૌજૂદ છે. એવા દોસ્તોની સોહબતથી પરહેઝ કરો જેમના કારણે ગુનાહોમાં પડવાનો અવકાશ હોય. આર્થિક ખુશહાલીના માટે અદ્લો ઈન્સાફથી વર્તો. ખેતી તથા વેપારમાં બરકત છે. ઈસ્લામના પ્રચારમાં વેપારીએ મહત્વનો રોલ ભજવ્યો છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, સાચા તથા પ્રમાણિક વેપારીને નબીઓ, સિદીકો તથા સાલેહીન સાથે (કયામતમાં) ઉઠાડવામાં આવશે. તથા ફર્માવ્યું, ઉજ્જડ જમીનને ફળદ્રુપ કરવાનો સવાબ જો માલૂમ થઈ જાય તો પૃથ્વીના પટ પર કોઈ જગા વેરાન ન રહે. ......મુસલમાનોએ જોઈએ કે અખ્લાકી, આર્થિક, નીતિ વિષયક, રાજનૈતિક, સામાજિક તથા શૈક્ષણિક વ્યવસ્થાને બેહતરથી બેહતર બનાવે, ઈસ્લામી ઓળખને યથાવત બાકી રાખે અને ખુદા વ રસૂલના ફર્માનોના તદન મુતાબિક જિંદગી પસાર કરે.

*(સ્થળ સંકોચને કારણે ટૂંકમાં રજૂ કર્યું. –તંત્રી)*

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જુલાઈ–૨૦૧૫)*

# આવો ! નાનમ છોડીએ અને સ્વીકાર કરતાં શીખીએ !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ધારો કે આપ વિદ્યાર્થી છો અને કલાસમાં પોતાના ટીચરનું લેક્ચર સાંભળી રહ્યો છે, લેક્ચર પછી ટીચરે પૂછયું, ''બેટા ! લેશન સમજમાં આવી ગયું ને ?!'' સંજોગોવસાત તમને સંપૂર્ણ લેશન સમજમાં આવ્યું ન હતું, આવી સ્થિતિમાં તમે શું કરશો ?! જો તમે સારા વિદ્યાર્થી છો, પ્રગતિ કરવા ઈચ્છો છો અને પોતાની અજ્ઞાનતાને જ્ઞાનથી બદલવા ચાહો છો તો જરૂર કહેશો, ''સર ! મને લેશનનો ફલાણો ફલાણો ભાગ સમજમાં નથી આવ્યો.''

મદ્રસા, સ્કૂલ, કોલેજ અથવા યુનિવર્સિટીના એક નાના રૂમને જ કલાસરૂમ ન સમજવો જોઈએ, ઈન્સાન માટે સમગ્ર દુનિયા કલાસરૂમની જેમ છે, અહીંયાં ઈન્સાન કદમ કદમ પર કાંઈક શીખે છે અને પછી નવી શક્તિ સાથે આગળ વધે છે. આપ દુનિયાના મોટા મોટા વિદ્વાનોના બાયોડેટાનો અભ્યાસ કરો. દરેકમાં શીખવા અને આગળ વધવાની ભાવના કૂટી કૂટીને ભરેલ હશે. એ જ ભાવના અને મનોવૃત્તિનું નામ એઅ્તેરાફ (માનવું, સ્વીકારવું, કબૂલ કરવું) છે. અમુક અક્ષરોથી બનેલો આ શબ્દ જ્ઞાનની ચાવી છે, જાણકારીનું રિમોટ કંટ્રોલ છે, અને અજ્ઞાતથી જ્ઞાત થવા સુધીનું ભાથુ છે. પરંતુ આપણામાંથી કેટલા લોકો છે જે પોતાની કમઈલ્મી, અજ્ઞાનતા, નિરક્ષરતા અને પોતાની ખામીનો ઉઘાડા દિલે સ્વીકાર કરે છે ?! આપણામાંથી દરેક બીજાના સ્વભાવ અને પ્રકૃતિનો ફરિયાદી છે અને પોતાના સ્વભાવનો કેદી ! વધુ આશ્ચર્યની વાત તો એ છે કે આ બુરાઈમાં એ લોકો પણ સામેલ છે જે ઈલ્મો ફઝ્લના હિમાલય સમજવામાં આવે છે. ભૂલચૂક અને મનુષ્ય વચ્ચે ચોલીદામનનો સાથ છે. ભૂલ દરેક (સામાન્ય) માણસથી થાય છે, પરંતુ પોતાની ભૂલોનો સ્વીકાર તે માણસ જ કરે છે જે ઈન્સાનિયતની ઉચ્ચતાઓ અને તેની હકીકતોથી વાકેફ હોય છે, આનાથી વિપરિત જે લોકો પોતાની ભૂલને ફૂલ બનાવવા ઈચ્છે છે તે ઈન્સાનિયતની ઉચ્ચતાથી બેખબર હોય છે. અહીંયાં પ્રશ્ન એ ઊભો થાય છે કે આખરે ઈન્સાન પોતાની ભૂલને છુપાવવા કેમ ઈચ્છે છે ?!

ઈન્સાન અત્યંત સ્વેચ્છાચાર (ખુદપસંદ, પોતાની જ વાહવાહ કરનાર) પુરવાર થયો છે. તે પોતાને સારો સમજે છે અને બીજાને બુરો, પોતાની ભૂલનો સ્વીકાર કરવાથી તેને પોતાની શખ્સિયતને નકારવી પડે છે અને બીજાની અચ્છાઈનું પ્રદર્શન. જાહેર છે કે ઈન્સાનની અહમવાળી તબિયત તેને કઈ રીતે પચાવી શકે છે ! તેને કોણ બતાવે કે ઈન્સાન ભલે ગમે એટલો મોટો બની જાય તે ઈન્સાન જ રહે છે. એવું નથી હોતું કે કોઈ બહુ મોટો આલિમ, ફાઝિલ હોય, વિદ્વાન હોય, શૈખે તરીકત હોય અથવા કોઈ બહુ મોટા ખાનદાનથી હોય તો તે કોઈ બીજી દુનિયાથી આવ્યો હોય, તે ભૂલોથી પાક હોય ! જો તમારામાં પોતાની ભૂલોને સ્વીકારવા અને સચ્ચાઈને કબૂલ કરવાની પાત્રતા છે તો તેનો અર્થ એ છે કે તમે જીવંત છો, બલ્કે તમે પોતાના આ અમલથી પોતાના સમાજને પણ જીવંત રાખેલ છે ! પરંતુ જો તમારી જીદ તમારાથી ટકરાય રહી છે તો સમજી લેજો કે ન

કેવળ તમે અંદરથી ''મૃત'' છો બલ્કે પોતાના સમાજને પણ ''મૃત'' બનાવવા તત્પર થયા છો.

સ્વીકાર કરવાનો સંબંધ ઈન્સાની મનોવિજ્ઞાન સાથે છે, મનોવિજ્ઞાન હકારાત્મક (Positive) દિશામાં છે તો વ્યક્તિત્વની સફર પણ રચનાત્મક થાય છે. અને જો માનસિક્તામાં વક્તા (ટેઢાપણુ) છે તો શખ્સિયત નકારાત્મક્તાનું કેન્દ્ર બની જશે.

આપણા દીન ઈસ્લામે એટલા જ માટે ઈન્સાનોને પોતાનું માનસ પોતાની સોચ, ફ઼િક્ર અને ખયાલને બદલવાનો હુકમ આપ્યો છે અને આ સોચ,ફ઼િક્ર, ખયાલના પરિવર્તનને વ્યક્તિત્વનું પરિવર્તન કહ્યું છે. જયારે વ્યક્તિત્વમાં પરિવર્તન આવે છે તો તેનો પ્રભાવ ખાનદાન પર પડે છે, અને ખાનદાનનું પરિવર્તન સમાજ પર અસર કરે છે, અને સમાજનું પરિવર્તન ક઼ૌમને પરિવર્તનનો રસ્તો દેખાડે છે.

અલ્લાહ عزوجل ફર્માવે છે :–

**اِنَّ اللّٰهَ لَا يُغَيِّرُ مَا بِقَوۡمٍ حَتّٰى يُغَيِّرُوۡا مَا بِاَنۡفُسِهِمۡ**

''બેશક ! અલ્લાહ કોઈ (પણ) ક઼ૌમ પાસેથી પોતાની નેઅમત બદલતો નથી જ્યાં સુધી તેઓ પોતે પોતાની હાલત બદલી નાખે નહીં.'' *(સૂરએ રઅદ, આ. ૧૧)*

અર્થાત ક઼ૌમ, સમાજ, ખાનદાન, પરિવાર અને વ્યક્તિમાં ત્યાં સુધી પરિવર્તન નથી આવી શક્તું જ્યાં સુધી તેમની સોચમાં પરિવર્તન ન આવે. એટલા માટે જ અલ્લાહ તબારક વ તઆલાએ માનસિક્તાના પરિવર્તન માટે ઈન્સાનને એક એવા પ્રબંધનનો પ્રતિબદ્ધ બનાવ્યો છે જે તેને દરેક સમયે પરિવર્તનના સફર માટે તૈયાર રાખે છે. ઈસ્લામે ઈન્સાનથી એ માગ કરી છે કે જયારે પણ તમને એહસાસ થાય કે તમે ભૂલ કરી રહ્યા છો તો તુરંત પોતાની ભૂલને સ્વીકાર કરવાનો માર્ગ પકડી લો અને સફરની સહી દિશા તરફ ચાલવા માંડો. જરા વિચારો ! આ તૌબા શું છે ? પોતાની ભૂલને સ્વીકારવાનું જ બીજુ નામ તૌબા છે. આ હક્ક઼ (સચ્ચાઈ)ની ક઼બૂલાત છે, અજ્ઞાતથી જ્ઞાત સુધીનો સફર છે, અંધકારથી પ્રકાશ સુધી પહોંચવાની સીડી છે અને એ પોતાના અસંપૂર્ણ હોવાનો એહસાસ છે. જાહેર છે કે ઈન્સાનને જ્યાં સુધી પોતાના ઐબ અને ખામીઓનો એહસાસ નથી થતો તે તેને દૂર કરવા માટે ડગ નથી ઉપાડતો. તે ત્યારે જ લાયક અને પાત્ર બનવા માટે પ્રયત્નશીલ થાય છે કે જયારે તેને એ ખબર હોય છે કે તે કશાયને પાત્ર નથી. જો તે પોતાને લાયક સમજે, પોતાને સંપૂર્ણ સમજે તો તે કદી પણ પોતાની ખામીઓને દૂર કરવાની કોશિશ નહીં કરે, અને આ રીતે તેની પરિપૂર્ણતા હક઼ીક઼તમાં પરિપૂર્ણતા નથી રહેતી, બલ્કે સૌથી મોટી ખામી અને ઐબ બની જાય છે. અને આ ઐબ તેના વ્યક્તિત્વને ઉધઈની જેમ ખાય જાય છે.

આપણે રોજ પાંચ સમયની નમાઝોમાં સૂરએ ફાતિહા પઢીએ છીએ. તેમાં સૌ પ્રથમ આયત **اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعٰلَمِيۡنَ** આમ જ નથી આવી ગઈ, તેમાં આપણી તબિર્યત અને આપણા માનસની સુધારણાનો હેતુ છે. આપણે જયારે પણ નમાઝ પઢીએ છીએ તો સૌથી પહેલાં એ સ્વીકાર કરીએ છીએ કે, ''હે અલ્લાહ ! તું જ આખા જગતનો માલિક અને ખાલિક છે, તું જ સૌનો પાલનહાર છે, સર્વ ખૂબીઓ, સર્વ પ્રશંસાઓ કેવળ તારા જ માટે છે.'' કુર્આને કરીમની પહેલી જ આયતે કરીમા જે અગત્યનો બોધ આપી રહી છે તે સ્વીકાર છે, સત્યને ક઼બૂલ કરવાનો સ્વીકાર, પોતાના અસંપૂર્ણ હોવાનો સ્વીકાર.

અહીંયાં અન્ય એક વાત સમજી લેવી જોઈએ કે કેવળ સ્વીકારવુ પૂરતુ નથી બલ્કે તેની ભરપાઈ પણ જરૂરી છે. જો તમે પોતાની ભૂલ સ્વીકારી છે તો હવે બીજીવાર તે ભૂલ ન થવી જોઈએ અને જો કોઈ બાબતે અજ્ઞાન હોવાનો સ્વીકાર કર્યો તો તેનું જ્ઞાન મેળવવાની કોશિશ કરવી જ જોઈએ. માત્ર સ્વીકારનો

શબ્દ ઉચ્ચારી પોતાને જૂઠી તસલ્લી ન આપો. કુર્આન પણ આપણને એ જ હુકમ આપી રહ્યું છે કે જ્યારે તૌબા કરો તો કેવળ તૌબાના શબ્દ પર બસ ન કરો, બલ્કે સાચો સંકલ્પ અને દઢ નિશ્ચય કરો કે હવે ગુનાહ નહીં કરો, હમેશાં નેકી કરશો. કુર્આને કરીમની અનેક આયતોમાં આ જ હુકમ આપવામાં આવ્યો છે કે તૌબા કરવી એટલે કે ગુનાહનો સ્વીકાર કર્યા પછી નેક કાર્યોમાં લાગી જાવ.

કુર્આને કરીમમાં છે :–

وَمَنْ تَابَ وَ عَمِلَ صَالِحًا فَاِنَّهٗ يَتُوْبُ اِلَى اللّٰهِ مَتَابًا

"અને જે તૌબા કરે અને નેક કામ કરે તો તે અલ્લાહ તરફ પલટયો, જેવું પલટવું જોઈએ." *(સૂરએ ફુર્કાન, આ. ૭૧)*

નહીં, તો આવી તૌબા, તૌબા નથી મઝાક છે, કુર્આનની સાથે મઝાક છે ! અલ્લાહ તબારક વ તઆલા સાથે મઝાક છે ! આવી તૌબા, પોતાના અસંપૂર્ણ હોવાનો સ્વીકાર નથી, ખુદાએ કહ્હારની સાથે ધોકો છે. જાહેર છે કે ઈન્સાન ખુદાને તો ધોકો નથી દઈ શક્તો પણ આવું કરી એ પોતાને જ ધોકામાં રાખે છે.

કુર્આને કરીમની એક આયતે કરીમા (فَوْقَ كُلِّ ذِىْ عِلْمٍ عَلِيْمٌ) "અને દરેક વિદ્વાનથી ઉપર કોઈ વિદ્વાન છે." *(સૂરએ યૂસુફ, આ. ૭૬)*માં ચિંતન કરવાથી જાણવા મળે છે કે આ આયતમાં એક બહુ મોટી હકીકત સ્પષ્ટ કરવામાં આવી છે. તે હકીકતનું નામ સ્વીકાર છે, સત્યની કબૂલાત છે. તેમાં એ સંદેશ આપવામાં આવ્યો છે કે દુનિયાનો કોઈપણ સામાન્ય ઈન્સાન સંપૂર્ણ નથી. એવું બિલ્કુલ નથી હોતું કે ઈલ્મના સર્વ ખજાના કોઈ એક વ્યક્તિ વિશેષની માલિકી બનીને રહી જાય. તમે કોઈ ઊંચા ખાનદાનના સભ્ય છો, કોઈ ઉચ્ચ ઈલ્મી પદ પર બિરાજમાન છો, કોઈ ઉચ્ચ કક્ષાના મદ્રસા અથવા કોલેજ વગેરેથી ગ્રેજ્યુએટ છો તો ખરેખર મુબારકબાદને પાત્ર છો, પરંતુ એમ સમજવું સંદતર ખોટું છે કે ઈલ્મની દરેક શાખા પર તમને સંપૂર્ણ નિપૂણતા પ્રાપ્ત છે. સ્પષ્ટ છે કે જેની માનસિક્તા આવી હશે તે કદી પણ પોતાની ખામીઓ, અજાણકારી અથવા અધૂરી જાણકારીનો સ્વીકાર નહીં કરે. બીજાને પૂછવામાં જો પોતાનો ઈલ્મી કમાલ આડે આવે તો ઈલ્મના દ્વાર કદી ખુલી નહીં શકે, કારણ કે કોઈ ભલે ગમે એટલા અધિક ઈલ્મવાળો થઈ જાય પરંતુ દરેક જગાએ فَوْقَ (ફવ્‌ક્‌) છે જેનાથી સમજમાં આવે છે કે તમે ગમે એટલા અધિક ઈલ્મવાળા થઈ જાવ પણ હમેશાં સ્વીકાર માટે તૈયાર રહો, પોતાનાથી અધિક ઈલ્મવાળાઓથી પૂછતા રહો, પોતાના ઈલ્મમાં વધારો કરતા રહો. કારણ કે સ્વીકાર અને સ્વીકારની પૂર્ણતા અર્થાત પોતાનાથી અધિક ઈલ્મવાળાથી જાણકારી લીધા વિના તમે અધૂરા રહો છો.

જ્યારે અલ્લાહ તબારક વ તઆલાએ શૈતાનને હઝરત આદમ عليه السلام સમક્ષ સિજદો કરવાનો હુકમ આપ્યો તો તેણે ઈન્કાર કર્યો. અને કહ્યું કે, હું અગ્નિથી બનાવવામાં આવ્યો અને આદમ માટીથી અને અગ્નિ માટીથી ઉત્તમ છે માટે હું આદમને સજદો શા માટે કરું ?! શૈતાનની મોટાઈનું પરિણામ શું આવ્યું ? તેને બારગાહે ખુદાવંદીમાંથી મરદૂદ કરી દેવામાં આવ્યો અને કયામત સુધી તેના પર લા'નત વરસતી રહેશે !!

ત્યાર પછી જે થયું તે પણ ધ્યાનપાત્ર છે, જે ઝાડનું ફળ ખાવાથી હઝરત આદમ અને હઝરત હવ્વા عليهما السلام ને મના કરવામાં આવ્યું હતું, શૈતાનના બહેકાવવામાં આવી તેમણે એ જ ફળ ખાઈ લીધું અને તેમનાથી બહુ મોટી ઈજતેહાદી લગઝિશ થઈ. પરંતુ તેમણે પોતાની ખતા સ્વીકારી લીધી. પોતાની ખતા પર અડી ન રહ્યા, બલ્કે દિલથી માફી માગી. જેનું ફળ એ મળ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ તેમની તૌબા કબૂલ ફર્માવી.

આ પૂરા કિસ્સામાં એક તરફ સ્વીકાર છે અને બીજી તરફ ઈન્કાર. સ્વીકારની બરકતથી હઝરત આદમ عليه السلام પર અલ્લાહનો ફઝ્લો કરમ અને તેની રહ્‌મતના સર્વ દ્વાર ખુલી ગયાં, અને શૈતાનના ઈન્કારના કારણે તેના પર અલ્લાહના ફઝ્લો કરમના સર્વ દ્વાર બંધ થઈ ગયાં. તેનો ઈન્કાર એટલી ભયાનક ભૂલ હતી કે અલ્લાહ તઆલાની બારગાહથી કેવળ મરદૂદ ન થયો બલ્કે સર્વ ઈન્સાનોને હુકમ થયો કે શૈતાન મરદૂદ છે, તેની શરારતથી હમેશાં પનાહ માગતા રહો, કદી તેના વસવસામાં ન આવશો.

કુર્આને કરીમમાં બે જગાએ *(સૂરએ નહ્‌લ, આ. ૪૩ અને સૂરએ અંબિયા, આ. ૭)*માં છે : فَسْئَلُوْا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ "હે લોકો ! ઈલ્મવાળાઓને પૂછો જો તમને જાણ ન હોય." આ સિવાય આ જ અર્થની અન્ય આયતો પણ છે. આ આયતનો અંતિમ ભાગ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ "જો તમને જાણ ન હોય" બતાવી રહ્યો છે કે સામાન્ય ઈન્સાન દરેક વસ્તુનો જાણકાર નથી હોઈ શક્તો અને જ્યારે દરેક વસ્તુનો જાણકાર નથી હોઈ શક્તો તો પોતાના ન જાણવાનો એહસાસ પણ હોવો જ જોઈએ. કેવળ એહસાસ નહીં સ્વીકાર પણ હોવો જોઈએ, કેવળ સ્વીકાર નહીં તેની ભરપાઈ પણ થવી જોઈએ. અને ભરપાઈ શું છે ? : فَسْئَلُوْا اَهْلَ الذِّكْرِ એટલે કે ઈલ્મવાળાઓથી પૂછો, તેના પર અમલ કરો, તેને પોતાના જીવનમાં ઉતારો અને તેના આધાર પર જીવતા શીખો.

સમાજ અને કૌમ હમેશાં સ્વીકારથી જીવંત રહે છે તેના વિના તે મૃત થઈ જાય છે. સ્વીકાર ભલે પોતાની ખામીઓનો હોય અથવા બીજાઓની ખૂબીઓનો, બંનેવ જ જરૂરી છે. જ્યાં સુધી કોઈની ખૂબીઓને સ્વીકારવામાં ન આવે અને તેને પ્રોત્સાહન ન આપવામાં આવે ત્યાં સુધી તે આગળ નથી વધી શક્તો, અને જ્યાં સુધી ઈન્સાન પોતાની ખામીઓનો સ્વીકાર નથી કરતો તેના પર ઈલ્મના દ્વાર નથી ખુલતાં, અને આ સ્થિતિમાં પણ ઈન્સાન પ્રગતિ નથી કરી શક્તો.

આવો ! આપણે સૌ પોતાના દિલથી પૂછીએ કે પોતાની ભૂલ અથવા જાણકારી ન હોવાનો સ્વીકાર કરવાથી આપણા ઈલ્મ, જ્ઞાન, માન, મર્તબામાં કોઈ કમી આવે છે ? તો જવાબ "નહીં" જ હશે અને જો આપણે પોતાની જીદ પર અડી રહીએ અને "હું કોઈનો મોહતાજ નથી !", "મારો સ્વભાવ આવો જ છે !", "હું તેની પાસે શા માટે જાઉં !", "તેને શું આવડે છે ? તે મને શું શિખવાડશે ?!" જેવી વાતો કરીએ તો આપણે કદાપિ કાંઈ પણ નહીં શીખી શકીએ, અને આ રીતે આપણા માટે ઈલ્મ અને પ્રગતિનો દ્વાર બંધ થઈ જશે.

હક઼ીક઼તમાં જો આપણે ઈલ્મ અને પ્રગતિ પ્રાપ્ત કરવા ચાહીએ છીએ તો આપણા માટે જરૂરી છે કે સ્વીકાર કરવાનું શીખીએ, હઠધર્મી ન કરીએ, પોતાની "અના"ને કચડી નાખીએ અને પોતાના દિમાગની ડાયરીમાં હમેશાં માટે એ વાત નોંધી લઈએ કે આપણે હમેશાં સાચા દિલથી પોતાની ખામીઓ અને બીજાઓની ખૂબીઓનો સ્વીકાર કરીશું અને એ પણ નિશ્ચિત કરી લઈએ કે આપણે તાલિબે ઈલ્મ છીએ અને હમેશાં તાલિબે ઈલ્મ રહીશું. ભલે રસ્મી તા'લીમનો જમાનો પસાર થઈ ગયો હોય પરંતુ દુનિયામાં દરેક પગલુ આપણને અમલી તા'લીમથી માહિતગાર કરાવી રહ્યું છે. જો આપણે આવો મિજાઝ બનાવી લીધો તો યક઼ીન કરો આપણે બીજા લોકોની નજરમાં તો પસંદીદા થઈશું જ, પોતે પોતાની નજરમાં પણ પોતાનું સન્માન વધી જશે. ચાલો ! અનુભવ કરી જોઈએ અને સફળ જીવન માટે ભાથુ બાંધી લઈએ, એટલે નીકળી પડીએ....

**અપને મનમેં ડૂબકર પા જા સુરાગ઼ે ઝિંદગી**
**તૂ અગર મેરા નહીં બનતા, ન બન ! અપના તો બન**

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, અઝ : સાદિક઼ રઝા મિસ્બાહી, જુલાઈ–૨૦૧૫)*

મિસ્રના ઈલ્મી બજારમાં

# ઈમામે ઈશ્કો ઈર્ફા !

અઝ : મુહમ્મદ નસીમ રઝા મિસ્બાહી
(જામિઆ ઈસ્લામિયા–દિલ્હી)

અનુવાદક : હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ
(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)

મારી સામે મૂકેલી કિતાબ ''ઈમામે ઈશ્કો ઈર્ફા'' અનુવાદ છે ''ઈન્સાફુલ્ અહમદ રઝા''નો જે શેખ મુહમ્મદ ખાલિદ ષાબિત મિસ્રીની કિતાબ છે. લેખકે આ કિતાબ તે સમયે લખી જ્યારે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરીની સાચી ઓળખ તેમને થઈ. આ પહેલાં ઘણા સમયથી તે આ'લા હઝરત પ્રત્યે ગલતફેહમીઓના શિકાર રહ્યા, આ ગલતફેહમીનુ કારણ આ'લા હઝરતના મુખાલિફો વડે આ'લા હઝરતની શખ્સિયત અને તેમનાં કારનામાઓની ખોટી રજૂઆત તથા જાહેરાત રહ્યું. વળી શૈખ મુહમ્મદ ષાબિત મિસ્રી ઘણા સમય સુધી તબ્લીગી જમાઅત સાથે જોડાયેલા રહ્યા, જેથી ઘણી વખત ભારત પણ આવ્યા. અહીં તબ્લીગી જમાઅતના લોકોએ આ'લા હઝરત વિશે તેમને ખોટુ માર્ગદર્શન આપ્યુ અને જણાવ્યુ કે બરેલ્વી એક ગુમરાહ ફિર્કો છે જે ઈસ્લામથી બહાર છે અને તેના સ્થાપક અહમદ રઝા બરેલ્વી છે. આવા ગલત પ્રોપેગેન્ડાઓના કારણે શૈખ ખાલિદ મિસ્રી આ'લા હઝરતથી નફરત કરતા રહ્યા.

પણ જ્યારે તેમને જામિઉલ અઝહરના એક સુન્ની સહીહુલ અકીદા ભારતીય વિદ્યાર્થીથી જાણવા મળ્યું કે ઉપખંડ (હિંદ–પાક) ંમાં એહલે સુન્નતના સાચા માર્ગદર્શક આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન છે. અને તેમણે આખી જિંદગી બાતિલ ફિર્કાઓનો મુકાબલો કરી તેમનો રદ કર્યો છે અને ઈસ્લામનો સાચો અર્થ બયાન કર્યો છે. આ કારણે મુખાલિફો ''એહલે સુન્નત''ને બદ્નામ કરવા માટે ''બરેલ્વી'' કહે છે. આ સાંભળી શૈખ ખાલિદ મિસ્રી અચંબામાં પડી ગયા અને તે ડાયરેક્ટ આ'લા હઝરતની કિતાબો અને તેમના પર લખવામાં આવેલી વિશ્વસનિય પુસ્તકો વાંચવામાં લાગી અને પછી આ'લા હઝરત વિશે કેટલાક લેખ છપાવ્યા અને પોતે પણ લખીને છાપતા રહ્યા, તે જ લેખનના સિલસિલાની એક કડી ''ઈન્સાફુલ ઈમામ અહમદ રઝા'' છે.

''ઈન્સાફુલ ઈમામ'' આ'લા હઝરત رضی اللہ عنہ પર અરબી ભાષામાં લખવામાં આવેલી મુસ્તનદ કિતાબ છે, તેનાથી ફક્ત અરબી જાણનાર જ ફાયદો ઊઠાવી શક્તા હતા એટલા માટે મૌલાના અબ્દુલગફ્ફાર આઝમી મિસ્બાહીએ આ કિતાબની મહત્વતા જોતાં તેનો અનુવાદ શુધ્ધ અને સરળ ઉર્દૂમાં ''ઈમામે ઈશ્કો ઈર્ફા''ના નામથી કર્યો. સુંદર ટાઈટલ અને સારા કાગળ સાથે ૨૭૨ પેજની આ કિતાબ **''અલ્ મજમઉલ્ ઈસ્લામી, મુબારકપુર''**એ માર્ચ–૨૦૧૫માં છાપી છે.

શરૂઆતમાં અનુવાદકે ''હર્ફે આગાઝ''ના ટાઈટલ હેઠળ અનુવાદ કરવાનું કારણ બયાન કર્યું છે અને લેખકના પરિચયમાં ટૂંકો તથા શ્રેષ્ઠ પરિચય રજૂ કર્યો છે. ત્યાર પછી અસલ કિતાબનો અનુવાદ છે. શરૂઆતમાં લેખકે કિતાબ લખવામાં કારણ તરફ ધ્યાન દોર્યું છે, અને પછી વર્ણન કર્યું છે કે તેમણે ઈમામ અહમદ રઝાને કેવી રીતે ઓળખ્યા અને ઈમામ અહમદ રઝા કોણ છે.

અસલ કિતાબ આ'લા હઝરતના ત્રણ મકસદો : ૧. અઝમતે રસૂલ ﷺની હિફાઝત ૨. બદમઝહબોની રદ અને ૩. હનફી મસ્લકને ફેલાવવા પર પ્રેરિત છે અને સાત પરિશિષ્ટો પણ સામેલ છે. લેખકે આ'લા હઝરતના ત્રણેય મકસદો વિગતવાર બયાન કર્યા છે, જેનું વાંચન જ્ઞાનમાં વધારો કરશે. પ્રથમ પ્રકરણને

વાંચવાથી જેવી રીતે રસૂલે અકરમ ﷺ ની અઝમતથી આગાહી થાય છે એવી જ રીતે તે પણ જાણવા મળે છે કે કઈ રીતે આ'લા હઝરત આખુ જીવન ગુસ્તાખો સામે અડી રહ્યા અને તેનું કારણ પોતાની વાહ વાહ ન હતું બલ્કે આ ખાલિસ ઈશ્કે રસૂલનો જઝબો હતો જેણે તેમને બેચેન કરી દીધા હતા, તેમના ઈશ્કની ગૈરતે તેમની ઝબાન અને કલમને હરકત આપી અને તેમણે શાને રિસાલતના મુન્કિરોનો જડબાતોડ જવાબ આપ્યો.

બીજા પ્રકરણના વાંચનથી જણાય છે કે જેવી રીતે આ'લા હઝરતે ઈસ્લામ પર થનારા એ ચોતરફા હુમ્લાઓનો કેવો જોરદાર મુકાબલો કર્યો અને તેમના રદમાં કાગળોની સફેદી કાળાશમાં બદલી નાખી તેવી જ રીતે જુદા જુદા વિષયના જ્ઞાનો પર તેમની નિપૂણતા પણ પ્રદર્શિત થાય છે. ત્રીજા પ્રકરણમાં આ'લા હઝરતની હન્ફી ફિકહની ખિદમતનું વર્ણન છે.

પહેલા પરિશિષ્ટમાં આ'લા હઝરતના અકાઈદ વિશે વાત કરવામાં આવી છે કે તેમનો અકીદો સવાદે આ'ઝમનો અકીદો છે જે કુર્આન તથા સુન્નતથી સાબિત છે અને સહાબાથી લઈને તાબઈન તથા બુઝુર્ગાને દીન સૌનો છે. બીજા પરિશિષ્ટમાં હઝરતની અમુક કિતાબોનો પરિચય કરાવવામાં આવ્યો છે અને કિતાબો તથા હાશિયાઓની અનુક્રમણિકા રજૂ કરવામાં આવી છે, આ હિસાબે આ પરિશિષ્ટ ઘણુ લાભદાયી છે. પરિશિષ્ટ નંબર–૩માં આ'લા હઝરતના અમુક લખાણોના નમૂના રજૂ કરવામાં આવ્યા છે જેને વાંચવુ તથા જોવું બાબરકત છે.

બદઅકીદાઓના રદમાં લખાયેલાં આ'લા હઝરતનાં અમુક લખાણો અને તેના પર ઉલમાએ હરમૈન શરીફૈનની તકરીઝો, આ બધાના નમૂના પરિશિષ્ટ નં–૪માં છે. આના વાંચનથી જેવી રીતે બદઅકીદાઓના ફરેબનો પર્દો ફાશ થાય છે તેવી જ રીતે ઉલમાએ હરમૈનની નજરમાં આ'લા હઝરતનુ સ્થાન પણ જાણવા મળે છે. પાંચમાં પરિશિષ્ટમાં ખૈરુલ અઝકિયા હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહીની તૈયાર કરેલ ઉપખંડ ભારત પાકના મદ્રસાઓની લિસ્ટ આપવામાં આવી છે, આ લિસ્ટ એ હિસાબે ઘણી ફાયદામંદ છે કે તેનાથી એક મુસલમાનને ટૂંકમાં જાણકારી થઈ જાય છે કે આ ઈદારા ઈસ્લામનું સાચુ માર્ગદર્શન કરી રહ્યા છે અને અહીંના ફારિગો દીનના સિપાહી છે.

મુહમ્મદ બિન અબ્દુલવહહાબ નજદી જેના બાતિલ અકીદાઓએ ઈસ્લામી દુનિયાને સખત નુકસાન પહોંચાડયું અને અમુક દુનિયાદાર સત્તાધારીઓએ તેનું અનુકરણ કર્યું, પછી તેમની કોશિશોથી તે ગુમરાહીઓને ફેલાવાનો મોકો મળ્યો, જેનાં પરિણામો એટલાં ખતરનાક આવ્યાં, કે આજ સુધી ઈસ્લામી દુનિયા તેની ઝપટમાં છે. આ ગુમરાહ અને બેદીન વ્યક્તિની ખિલાફ ઉલમાએ પોતાના કલમને હરકત આપી અને સખત રદ કર્યો. પરિશિષ્ટ નંબર–૬માં તે ઉલમાએ હકનુ બયાન છે.

પરિશિષ્ટ–૭માં શૈખ સઈદ બિન રમઝાન બુતી (દમિશ્ક) અને એક ગેરમુકલ્લિદ મુબલ્લિગ વચ્ચેના વાર્તાલાપનો ખુલાસો પેશ કરવામાં આવ્યો છે. લેખક આ પરિશિષ્ટને ઘણુ મહત્વ આપે છે, જેનું કારણ એ છે કે આના વાંચનથી જણાય છે કે કઈ રીતે ગૈરમુકલ્લિદ હાર્યા બાદ અને લાજવાબ થયા પછી પોતાની હઠધર્મી અને જીદ પર કાયમ રહે છે. અને હક્ક સ્પષ્ટ થવા છતાં ગુમરાહીમાં બંધાય રહે છે. અનુભવની વાત છે કે જો તમે કોઈ ગૈરમુકલ્લિદ સાથે કોઈ મસ્અલા પર વાત કરો અને દલીલોના અંબાર લગાડી દો ત્યાર બાદ પણ તે પોતાના બાતિલ અકાઈદ પર એ રીતે જમી રહેશે જાણે ختم الله على قلوبهم ની તફસીર હોય.

છેલ્લે હવાલાની લિસ્ટ આપેલ છે. આ પુસ્તક ભરોસાપાત્ર, માલૂમાતી અને લાભદાયક છે. મૌલાના અબ્દુલગફફાર મિસ્બાહીએ આનો અનુવાદ ઉર્દૂમાં કરીને ઈસ્લામી દુનિયાને એક અનમોલ ખજાનાનો તોહફો આપ્યો.

અલ્લાહ તઆલા અનુવાદકને દીન દુનિયાની ભલાઈઓથી માલામાલ કરે અને આપણને બુઝુર્ગોના જીવનનો અભ્યાસ કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન. *(અશ્રફિયા, જુલાઈ–૨૦૧૫, મુબારકપુર)*

## સુન્ની દા'વતે ઈસ્લામી''ના પ્રેસ્ટન (યુ.કે.) નૂર હોલ ખાતે મે-૨૦૧૫માં થયેલ.... ૨૦મા સાલાના ઈજતેમાના અમુક નૂરાની અંશો

**અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબ:** આપે કઈ ચીજને પ્રાથમિક્તા (Priority) આપવી જોઈએ એ વિશે પ્રથમ સમજાવ્યું છે. પછી આગળ જતાં જણાવે છે : ''આજે આપણી કૌમની યુવતીઓ ફેસબુક, ટવીટર તથા વોટ્સએપ પર પોતાની તસ્વીરો રાખે છે, ગૈર મેહરમથી ચેટિંગ કરે છે ! જ્યારે કે ઔરતનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે, ત્યાં સુધી કે સ્ત્રીને ઊંચા અવાજે તિલાવતે કુર્આન અને દુરૂદના વિર્દથી પણ રોકવામાં આવેલી છે. ઈસ્લામી ખાતૂનો માટે જરૂરી છે કે તેણીઓ એવું જાણવાની કોશિશ કરે કે ઈસ્લામે એમના માટે કઈ ચીજ પ્રાથમિક્તા (Priority)માં રાખી છે. મુસલમાનોએ જોઈએ કે પોતાના એકાંતોમાં દોસ્તો સાથે પોતાના સંબંધોને કેવી રીતે મજબૂત કરવામાં આવે, એ વિચારવાને બદલે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત સાથે પોતાનો સંબંધ મજબૂત કરવા પ્રતિ ધ્યાન આપે. વર્તમાનકાળમાં દરેક ઈન્સાન પરેશાનહાલ, મુસીબતનો શિકાર છે અને સુકૂનને શોધી રહ્યો છે. એના બારામાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ફર્માવ્યું કે, આજે લોકોને સુકૂન એટલા માટે નથી મળી રહ્યું કે લોકો પોતાની આંખ, ઝબાન, કાન, દિલો દિમાગ અને અન્ય માનવ અંગોનો ઉપયોગ ઈસ્લામી કાનૂનોની વિરુદ્ધ કરી રહ્યા છે. જો એનો ઉપયોગ ખુદા વ રસૂલનાં ફર્માનોની રોશનીમાં કરે તો દરેક દિલવાળો પુરસુકૂન જિંદગી ગુઝારશે. એટલા માટે કે નેકીઓના સબબથી મૌલા તઆલા મુસીબતોને ટાળી દે છે. બેચૈની તથા બેકરારીનું કારણ દુનિયાની લાલચ તથા આખેરતની ચિંતાથી ગફલત છે. મુસલમાનોએ જોઈએ કે તેઓ જે હાલતમાં પણ હોય અલ્લાહ પાકનો શુક્ર અદા કરે. રબ ફર્માવે છે : બેશક ! અમે તેને માર્ગ દેખાડયો ક્યાં તો હક્ક માનતો ક્યાં તો નાશુક્રી કરતો. *(સૂરએ દહ્ર, આ. ૩)* દુનિયા તથા આખેરતમાં કામયાબીની પ્રાપ્તિનો નુસ્ખો બયાન કરતાં આપે અમુક કુર્આની આયતો પેશ કરી : ''બેશક ! મુરાદને પહોંચ્યો તે જે સુથરો થયો અને પોતાના રબનું નામ લઈને નમાઝ પઢી.'' *(સૂરએ આ'લા, આ. ૧૫)* અને રબે ફર્માવ્યું, ''અને અલ્લાહની તરફ તૌબા કરો, હે મુસલમાનો ! તમામે તમામ એ ઉમ્મીદ પર કે ભલાઈ પામો.'' *(સૂરએ નૂર, આ. ૩૧)*

**મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી સાહબે નસીહતઅંગેઝ બયાનમાં ફર્માવ્યું :** ''બાળકો અલ્લાહની બખ્શેલી અમાનત છે. મા બાપ પોતાનાં બાળકોની તર્બિયત (કેળવણી) એવી કરે કે ગુનાહના ખયાલથી જ તેના વજૂદ પર ખુદાના ખૌફથી ધ્રુજારી શરૂ થઈ જાય. તે જે જગાએ પણ જાય પોતાની અખ્લાકી કક્ષા તથા ઈસ્લામી ખાસિયતોને (ઓળખને) યથાવત રાખે. પણ અફસોસ ! કે વર્તમાનકાળના મુસલમાન પોતાના બાળકોના રોશન તથા ઉજ્જવળ ભવિષ્યથી ગાફેલ છે. યહૂદીઓથી આપણને ચાહે ગમે તેટલો મતભેદ હોય પણ એ કહેવું પડશે કે તેમણે સદીઓ સુધી પોતાના અકીદાને મહેફૂઝ રાખ્યો છે, તેમનાં બાળકો તેમની જ સ્કૂલમાં તા'લીમ તથા કેળ વણી હાંસલ કરે છે, એક સમાન દેખાવા સ્ટાઈલ અપનાવે છે, પણ અફસોસ ! મુસલમાનોની ખાસિયત, વકાર તથા અઝમત દિન પ્રતિ દિન અસ્ત થતી જઈ રહી છે.

હદીષે ગારના હવાલાથી ચર્ચા કરતાં અલ્લામાએ મા બાપના હક્કો, ઝિનાની તબાહકારીઓ તથા આર્થિક ક્ષેત્રે અદ્લો ઈન્સાફ પર મુદલ્લલ ખિતાબ ફર્માવ્યો. મા બાપના હક્કો વિશે જણાવ્યું કે, પયગંબરે ઈસ્લામ ﷺએ મા બાપ માટેની દુઆને આપણી દુઆનો હિસ્સો બનાવી આપ્યો છે. અને કુર્આને આપણને દુઆની એ વધુ પેજ નં. ૩૮ પર

## હૈદ્રાબાદના ઓવૈસી બંધુઓની વાતો કેટલીક અતિશયોક્તિભરી !

અસદુદ્દીન ઓવૈસી તથા અકબર ઓવૈસી બંનેવ મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરતા હોય એ રીતે પોતાનાં પ્રવચનોમાં તેમને સાંભળતા આવીએ છીએ. ઘણી વાતો અસદુદ્દીન ઓવૈસીની ઠીક જણાતી હોય છે, અમુક વખતે જજબાતી વલણ જણાય છે કે એના પ્રત્યાઘાતો વિરોધીઓ તરફથી ઔર ઉશ્કેણીજનક આવતા જણાય છે. બીજું અસદુદ્દીન ઓવૈસી તોય કાંઈક અંશે ગનીમત છે પણ અકબરુદ્દીન ઓવૈસીને ફક્ત જઝબાતી વાક્યો બોલતાં જ અમે સાંભળ્યા છે. અને સુન્ની હોવાના દાવેદાર આ બંધુઓમાંથી અકબરુદ્દીન એક લેકચરમાં સ્પષ્ટ શબ્દોમાં બોલે છે કે, "એહલે હદીષ ! યહ ભી મુસલમાન ! દેવબંદી યહ ભી મુસલમાન ! ફલાં યહ ભી મુસલમાન !....વગેરે" તો આ રીતે કહીને સૌને એક થઈ જવા તાકીદ કરતા જણાય છે. તો મુસ્લિમ વિરોધીઓ સામે મુસ્લિમોએ એ રીતે એક થવાનું હોય કે સર્વ બાતિલ ફિર્ક઼ાવાળાઓને મુસલમાન જ સમજવામાં આવે, તો એવી એકતા જાન માલ બચાવવાના ભરમમાં ઈમાનને ખોવાની વાત છે. તો કોઈ ઈમાનવાળો કોઈ સુન્ની એને માન્ય કરી શકે નહીં ! **હા ! ફક્ત ગવર્નમેન્ટ સામે મુસ્લિમોના પ્રશ્નોની રજૂઆત પૂરતો અથવા જેઓ સૌને મુસલમાન સમજે છે તેવા ગૈરો સામે ટક્કર લેવા પૂરતો પોતાનો અક઼ીદો, માન્યતા સલામત રાખીને તે કામ પૂરતો ટેકો આપી શકાય.** પણ જેમ કે **"ગુજરાત ટુડે"**માં પણ અવાર નવાર "સુલેહ કુલ્લી" થવા એલાન કહેવાતા મુસ્લિમ લીડરો થકી કરવામાં આવે છે કે **"ફિર્ક઼ાબંદી દૂર કરો, વાડાબંદી દૂર કરો ! સૌ મુસલમાન આપસમાં ભાઈ ભાઈ બની જાવ !"** એવી જ વાત આ અકબરુદ્દીન ઓવૈસીની જણાય છે. તો એ દુનિયામાં સલામતી પામવાના ભરમમાં આખેરતની હમેશાંની જિંદગીને દાવ પર લગાડવું છે. એવાં લેકચરો તથા ન્યૂઝથી સાવધાન રહેશો. *–તંત્રી*

## બરકાતે ખ્વાજાની ટપાલ

N W E S

### ૩૦ રૂા. M.O. કરી મંગાવો

(કિતાબ) **અસ્માઉન્નબી** ﷺ
સંપાદક : મુહમ્મદઅમીન એ. ચોલા
પ્રકાશક : સુન્ની મિશન, ચોલા સ્ટ્રીટ, લીંડીબજાર પાછળ, જામનગર–૩૬૧૦૦૧ મો. ૯૮૨૪૮૩૬૫૦૦

### ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**ચીખલી** : મુક઼ામે ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા તેમજ બરકાતે ખ્વાજા (માસિક)ના ખાસ ચાહક સહાયક અમારા મિત્ર જનાબ ઝાકિરભાઈ ડભાડ (હાલ : યુ.કે.) તથા મક઼બૂલભાઈનાં વાલિદા આમેનાબીબી અલ્લારખુનો તા. ૨૧–૬–૨૦૧૫, ૩ રમઝાન હિ.સ. ૧૪૩૬ રવિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લાથી આ'લા મક઼ામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

**થામઃ** મુકામે તા. ૨૬–૦૬–૨૦૧૫, ૧૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૩૬ સોમવારના રોજ સાંસરોદ હાઈવે પર રોડ અકસ્માતમાં સિદ્દીક઼ભાઈ ચાંદ તથા તેમના અહલિયા બંનેનો દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે. મર્હૂમ સખી નેક નમાઝી પુખ્તા સુન્ની તથા દીની ઈલ્મથી ઉલમાથી ખૂબ લગાવ ધરાવતા હતા. રબ્બે કરીમ તેમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*




(કિતાબ) **મુકાશફતુલ કુલૂબ** (પેજીસ : ૭૬૦, ગુજરાતી)

લેખક : હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**કિંમત : રૂા. ૨૬૦/-**

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** C/o. ફયઝાને રઝા મંઝિલ મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

નોંધ : **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાના ડોનર/મેમ્બરને ડાયરેક્ટ ઘર બેઠાં ફ્રીમાં મળી જશે.**

'મુકાશફતુલ કુલૂબ' દિલને ઉજ્જવળ કરનારી આ કિતાબ હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہની પોતાના સમયની અજોડ શખ્સિયતની અજોડ કિતાબ છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ (હિ.સ. ૬૩૧–હિ.સ. ૬૭૬) પોતાની ૫૫ વરસની જિંદગીમાં સેંકડો કિતાબો લખી જેનામાં અહયાઉલ ઉલૂમ, કીમીયાએ સઆદત, બસીત, વજીઝ વગેરે અગ્રસ્થાને છે. આપની જમાનાની મશહૂર કિતાબ "મુકાશફતુલ કુલૂબ" પણ એ જ ક્રમની એક કડી છે જેની ગણના તસવ્વુફની મહત્વની કિતાબોમાં થાય છે. આ કિતાબ ઈબાદાત, મુઆમલાત, અખ્લાકિયાત, મઆશિયાત..... મતલબ કે જિંદગીના સર્વ ક્ષેત્રોના માટે માર્ગદર્શક કૃતિ છે જેનાથી અવામ તથા ખાસ લોકો સમાન રીતે ફાયદો ઉઠાવી શકે છે. જિંદગીનો ગમ સતાવે છે ?! આવો ! આ કિતાબને દિલ લગાડીને વાંચો, તમારો રંજ દૂર થઈ જશે. ઈન્શાઅલ્લાહ ! જયારે વાંચો ત્યારે નવો જ ટેસ્ટ જણાશે. આ કિતાબમાં પોતાના નસીહતઆમેઝ કથનોના સમર્થનમાં ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ હજારો આયતો, હદીષો તથા આષાર નક્લ કરેલ છે, સાથોસાથ ફક્રીહો તથા મુહદ્દિષોના હિકમતપૂર્ણ અક્વાલ, બુઝુર્ગાને દીન તથા મુજતહિદ ઈમામોના બોધદાયક તથા ઈબ્રતઆમેઝ હાલાત તથા કિસ્સાઓ દિલની દુનિયામાં ઈન્કિલાબ મચાવી દે છે. મુસલમાનો ! આજે સર્વ તબક્રાઓ : બાળકો, યુવાનો, યુવતીઓ, મા બાપો, ટીચરો, ઉસ્તાદો, યંગ જનરેશનના અધિક્તર ઉલમા તથા તલબા મોબાઈલના સોશિયલ મિડીયા પાછળ ગાંડા બની ફોગટમાં રમત રમતમાં પોતાનો કિંમતી સમય બર્બાદ કરી રહ્યા છે અને એ ઈસ્લામ દુશ્મનોની ચાલ છે કે મુસ્લિમોને દીનથી, દીની વાતોથી, દીની જ્ઞાનથી દૂર કરી દેવામાં આવે, તેમાં તેઓ હાલાત જોતાં સફળ થતા જણાય રહ્યા છે. કેમ કે દુનિયાદાર અને કહેવાતા દીનદાર સૌ મોબાઈલને પોતાના જીવનનો જાણે ઓક્સીજન ગણીને એનાથી ક્ષણવાર દૂર થવા તૈયાર નથી ! કામની રીતે કામ લઈએ એ ઠીક છે, પણ ફુઝૂલ મેસેજ, ઈમેજ, ફોટાઓ, વીડીઓના સતત શેરીંગમાં જ સમયની બર્બાદી થાય છે, દીનને કોઈ ફાયદો ન હોય તેવી ફોગટની બહષો ચાલે છે અને એમાંથી ગુમરાહીઓ પણ ફેલાય છે.... અતિશયોક્તિ ન લાગે તો કહું ! કેવળ શરાફતોના દાવા બચી રહ્યા છે અને ટચ ટચમાં ખરાબ રસ્તે પણ ડૂબી જનારા ડૂબી રહ્યા છે. મઆઝલ્લાહ ! એવાઓને વિનવણી છે કે એનાથી બચો અને ઈસ્લામના મહાન રૂહાની બુઝુર્ગોની આવી કિતાબો વાંચો અને અલ્લાહ વ રસૂલનો કુર્બ હાંસલ કરી દિલને પાક સાફ સુથરૂ અને રોશન કરીને બંને જહાનમાં સુકૂન મેળવો. અલ્લાહ કરીમ લેખકને તેની શાને આલી પ્રમાણે જઝા આપે, મુઝ હક્રીરની કોશિશને ક્બૂલ ફર્માવે, અમારા મર્હૂમોની મગફેરત ફર્માવે, આપણો ખાત્મો મદીના પાકમાં ઈમાન સાથે શહાદત સાથે ફર્માવે. ડોનરો, સહાયકો સૌને રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક્રામાં બંને જહાનમાં બેહતરીન જઝા આપે. (આમીન) *–તંત્રી : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૪૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.

## અમારું અવલોકન

(કિતાબનું નામ) : **રિયાદુસ્સાલિહીન** (પેજીસ : ૬૪૦, ગુજરાતીમાં)

લેખક : હઝરત ઈમામ નવવી શાફઈ رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : મોઈનુદ્દીન મનીઆર–લંડન

પ્રકાશક : સુન્ની મુસ્લિમ કમિટી, વેરી દરવાજા, ગોંડલ–૩૬૦ ૩૧૧ (ગુજરાત)

નોંધ : પોસ્ટકાર્ડ લખીને મફત મંગાવી શકશો. (પ્રકાશકના સરનામેથી)

''રિયાદુસ્સાલિહીન'' (ઉર્દૂમાં રિયાઝુસ્સાલિહીન) એટલે ''નેક લોકોની જન્નત''ના મૂળ લેખક હઝરત ઈમામ નવવી શાફઈ હિ.સ. ૬૩૧માં જન્મ્યા અને હિ.સ. ૬૭૬માં અલ્લાહના પ્યારા થઈ ગયા. આપે હદીષ તથા ફિક્હમાં ઘણી કિતાબો લખી છે. જિંદગીની પલ પલ અલ્લાહની રાહમાં ખર્ચી કાઢનાર આ મહાન ઈમામની મઝકૂર કિતાબ બે હજાર હદીષો અને વિષયાનુરૂપ કુર્આની આયતોનો દિલોને રોશન કરનાર રૂહાની ખજાનો છે. ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ (જન્મ : હિ.સ. ૪૫૦, ઈ.સ. : ૧૦૫૮, વિસાલ શરીફ : હિ.સ. ૫૦૫)ની મશહૂર કૃતિ ''મુકાશફાતુલ કુલૂબ''ની જેમ ઈમામ નવવીની ''રિયાઝુસ્સાલિહીન'' રૂહાનિયતનો નૂરાની ફૂવારો છે જેમાં નહાનારની દિલની ગંદકી દૂર થઈને ઈમાનની રોશની તથા નેક દિલીની તાજગીથી સરફરાઝ થાય છે. ઈમામ નવવી رحمۃ اللہ علیہએ દીનના આ કામો પાછળ પોતાની યુવાનીને ખર્ચી કાઢી. અલ્લાહની રાહમાં મહેનત કરવામાં ઈમામ નવવી એટલા વ્યસ્ત તથા મસ્ત હતા કે શાદી કરવાનોય મોકો હાથ નથી લાગ્યો અને લગભગ ૪૬ વરસની યુવાન વયે દુનિયાને અલવિદા કરી દીધી.

અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَની પસંદીદા જિંદગી કોને કહેવાય તે જેને શીખવું છે, અને એ શીખવું દરેક પર વાજિબ જ છે તે આ કિતાબનો અભ્યાસ કરે. આજે લોકો પાસે સમય છે તો દુનિયાના કામો માટે ફૂલ ટાઈમ છે, નવરાશમાં T.V. કે મોબાઈલ પર ચેટિંગ ! કે મિત્રો સાથે ગપસપનો સમય છે. પણ એમાંની કોઈ ચીજ અલ્લાહની રાહ તરફ દોરનારી નથી બલ્કે હલાલ રોજી કમાવા ઉપરાંત જે ફાલતુ કામોમાં સમય બર્બાદ કરવામાં આવે છે તે અઝાબની રાહ, શૈતાની રાહ પ્રતિ લઈ જાય છે. તો એ બધા માટે સમય છે અને સમય નથી દીનની વાતો વાંચવા, સાંભળવા કે શીખવાનો ! કિતાબને ઘરમાં સંગ્રહવા માટે કોઈ સ્થાન નથી ! બાકી બધા સામાનો માટે કબાટો છે, તીજોરીઓ છે ! આવી માનસિક્તાવાળા માહોલમાં ઘણા ભાઈ બહેનો જીવી રહ્યાં છે. કિતાબ ઘરમાંથી કાઢવા બેચૈન રહે છે ! બલ્કે ઘરમાં ઘાલવા જ તૈયાર નથી, કેમ ?! એની બેઅદબી થશે ! ભાઈ ! બેઅદબી તો એને હાથમાં ન પકડીને જ કરી નાખી ! ઘરમાં કપડાં, સરસામાન, માલ દૌલત રાખવાની જગા છે અને એક તીજોરી કિતાબો માટે નથી થઈ શક્તી ! ખૈર, અલ્લાહ નેક તૌફીક આપે.

મઝકૂર કિતાબને જિંદગીને ઈસ્લામી બનાવવા માટે કે તે એક જ રવિશ છે જે જન્નતમાં લઈ જનારી, એના માટે જરૂરથી મંગાવો, વાંચો, વંચાવો. ઔલાદને ખાસ વંચાવો જેથી તમારા બાદ તમારા ઘરમાં ઈસ્લામ બાકી રહે. લેખકની કબ્ર પર અલ્લાહ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં સદા રહમતો નૂરની વર્ષા કરે, અનુવાદક, પ્રકાશકને બેહતરીન જઝાએ ખૈર આપે. (આમીન) –*તંત્રી : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૪૧૧